કુમાર


સંસ્થાપક : રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન
સંસ્કાર અને ચારિત્ર્યઘડતર
પ્રબોધતું આજનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

ચિત્ત યેથા ભયશૂન્ય, উচ্চ યેથા શિર,
জ্ঞান যেথা মুক্ত, যেথা গৃহের প্রাচীর,

চিত্ત યેથા ભયશૂન્ય, ઉચ્ચ યેથા શિર,
જ્ઞાન યેથા મુક્ત, યેથા ગૃહેર પ્રાચીર,
આપન પ્રાંગણતલે દિવસશર્વરી
વસુધારે રાખે નાઇ ખંડ ક્ષુદ્ર કરિ;
યેથા વાક્ય હૃદયેર ઉત્સમુખ હતે
ઉચ્છ્વસિયા ઉઠે યેથા નિર્વારિત સ્રોતે,
દેશે દેશે દિશિ દિશિ કર્મધારા ધાય
અજસ્ર સહસ્રવિધ ચરિતાર્થ તાય;
યેથા તુચ્છ આચારેર મરુબાલુરાશિ
વિચારેર સ્રોત:પથ ફેલે નાઇ ગ્રાસિ—
પૌરુષેરે કરે નિ શતધા, નિત્ય યેથા,
તુમિ સર્વ કર્મચિન્તા આનન્દેર નેતા;
નિજ હસ્તે નિર્દય આઘાત કરી પિતઃ
ભારતેર સેઈ સ્વર્ગે કરો જાગરિત.
(નૈવેદ્ય) —રવીન્દ્રનાથ ઠાકુર



Where the mind is without fear
and the head is held high,
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments by narrow domestic
walls;
Where words come out from the
depth of truth;
Where tireless striving
stretches its arms towards
perfection;
Where the clear stream of reason
has not lost its way into the
dreary desert sand of dead habit;
Where the mind is led forward
by thee into ever-widening
thought and action—
Into that heaven of freedom,
my Father,
let my country awake.
Rabindranath Tagore
Santiniketan

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે, શિર જ્યાં ઉન્નત રહે છે, જ્ઞાન જ્યાં મુક્ત છે, ઘરઘરના વાડાઓએ જ્યાં રાતદિવસ વસુધાના ટુકડા કરી મૂક્યા નથી, વાણી જ્યાં સીધી હૃદયના ઝરણામાંથી વહે છે, કર્મનો પ્રવાહ જ્યાં અનિવાર રીતે દેશે દેશે અને દિશાએ દિશાએ અજસ્રપણે સહસ્રવિધ સફળતા પ્રતિ ધસે છે, તુચ્છ આચારના મરુની રેતી જ્યાં વિચારના ઝરણાને ગ્રસી લેતી નથી–પૌરુષને શતધા છિન્ન-ભિન્ન કરી નાખતી નથી, હમેશાં તું જ્યાં સકલ કર્મ વિચાર ને આનન્દનો નેતા છે, ત્યાં—તે સ્વાતંત્ર્ય સ્વર્ગમાં તારે હાથે નિર્દય આઘાત કરીને હે પિતા! ભારતને જગાડ. (અનુ૦ નગીનદાસ પારેખ)

માર્ચ · ૧૯૬૧
સળંગ અંક

અનુક્રમણિકા

મે ૧૯૬૧ • અંક ૪૪૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂ૦

વાચકો લખે છે......

મહાપુરુષો અને સંસ્કારસ્વામીઓની ઐતિહાસિક વિગતો,નોંધોસાચવીરાખવામાં આપણે હજી યે અક્ષમ્ય ઉપેક્ષા રાખીએ છીએ. 'મિલાપ'(અંક૧૨૮)માં'લોકગંગા'વિભાગમાં આવેલું શ્રી અમલ હોમ(દિલ્લી)નું અવતરણ ઉપયોગી હોઇને નીચે આપું છું:

'રવીન્દ્રનાથ ટાગોરની જન્મતિથિ વિષે કંઈક ગોટાળો પ્રવર્તતો જણાયછે.... આબાબતમાં ટાગોરનું પોતાનું કથન સ્વીકારવું જોઈએ. અવસાન પૂર્વે ત્રણ વરસે બંગાળીમાં લખેલા એક પત્રમાં તેમણે જણાવેલું:' ૧૨૬૮(બંગાળી સંવત)નાવૈશાખનાપચીસમા દિનાંકે મારો જન્મ થએલો. તે તારીખ ૬ઠ્ઠી મે ૧૮૬૧ (ઈ.) હતી. પણ ગ્રેગોરીએન પંચાંગ મુજબ તારીખ રોજ મધરાત પછી બદલાય છે, એ રીતે ગણતાં મારી જન્મ તારીખ ૭ મે ૧૮૬૧ છે.'

કુંડલી એ તો અમુક ચોક્કસ દિવસના નક્કી ઘડીપળનો આંક સાથેનો અમુક સ્થળનો વિશિષ્ટ સંબંધ આલેખે છે. આમાં જો દિવસ જ મુકરર ન હોય તો? અસત્યમાંથી તર્ક દ્વારા ગોટાળો તારવવા બરાબર થાય. માટે નિશ્ચિત તિથિ, વાર, ઘડી, પળ અથવા કલાક-મિનિટનો સમય, અને સ્થળ, એ તો કુંડલી માટેની પ્રાથમિક અને અનિવાર્ય આવશ્યકતા છે.'કુમાર' જેને માટે સાભિમાન ગૌરવ લે છે તેચોક્કસાઈ માટે તેણે આ પ્રસંગમાં પ્રથમ દર્શને જણાતી ક્ષતિઓની તજ્જ્ઞો પાસે ખાતરી કરી કરાવી લેવી જોઈતી હતી.


પહેલું, એમના જન્મ માટે નોંધેલ વૈશાખ તે બંગાલી સંવતનો વૈશાખ સૌર છે. આપણી બાજુ પ્રચલિત અમાસાંત ચાંદ્ર વૈશાખ નથી. એટલે વૈશાખ વદિ તેરશ નહિ પણ વૈશાખ દિનાંક પચ્ચીસ જોઈએ. બીજું, રાહુ દશમા સ્થાનમાં છે, નહિ કે પાંચમાં સ્થાનમાં. એથી પાંચમેસ્થાને હોઇ બેસાડેલું ફળ ભ્રમમૂલક છે.

ઉપરનાં બે વિધાનો તો ૪૪૭મા અંકમાં આપેલી શ્રી રવીન્દ્રનાથ ઠાગોરની કુંડલીની ગણનાએ આપેલાં છે.હવે જેવિધાનો આપેલાં છે તે ઉપસંહારમાંજણાવેલી કુંડલીનીદૃષ્ટિએછે.

ત્રીજું,શુક્ર લગ્નમાં પણ નથી અને મીનમાંય નથી, પણ બીજે મેષ રાશિસ્થિત છે. લગ્નમાં ચંદ્ર અને નેપચ્યુનનો યોગ છે. આ યોગ અમિત હોય તો અસાધારણ અંતર્જ્ઞાનદૃષ્ટિનો વિનિયોગ કરવા કલ્પનાવૈભવ અર્પે છે. મીન જલચર રાશિ છે. ચંદ્રને જલ અને કલ્પનાનું કારકત્વ-આકર્ષણ છે ને નેપચ્યુન(વરુણ) પણ જલદેવ હોઇ એક વિરલ વિશિષ્ટતાસાંપડે છે.

વિધિની આ સર્વ રમત પંદરવીસ પળની જ હોય છે. નહિ તો કલકત્તા જેવા ચાલીસ લાખ માનવથી ખદબદતા શહેરમાં દર બે કલાકના (સરેરાશ) એક લગ્નમાં નહિનહિતો પચ્ચાસ બાળકો જન્મ્યાં હશે. પણ મહાપુરુષો તો કુંડલીના બારે ગૃહના મહત્ત્વનો યોગ હોય છે.

છેલ્લે,કુમારના વાચકોસારુ,કાયમી સંસ્મરણનોંધ માટે પ્રમાણભૂત ગણી શકાય એવી કુંડલી એક બંગાળી લેખક શ્રી એફ. સી. દત્તના હસ્તરેખા પરથી કુંડલી બનાવવા માટેના વિખ્યાત ગ્રંથ 'ઍસ્ટ્રો પામિસ્ટ્રી' (Astro-Palmistry)માંથી નિરયન બનાવી, આ બાજુ પ્રચલિત-પરિચિત રૂપમાં આપું છું:



શ્રી રવીન્દ્રનાથ ટાગોર · જન્મ ૭મે ૧૮૬૧ ૨ કલાક ૩૮ મિનિટ ૩૧ સેકંડ · સ્થળ કલકત્તા અયનાંશ ૨૧°·૫૪'

લગ્ન ૧૧=૦°-૩૫'; દશમ ૮-૨°=૫૩'; સૂર્ય ૦=૨૪°-૧૯'; ચંદ્ર ૧૧=૨૦°=૨૭'; મંગળ ૨ =૦°·૯';બુધ૦-૭°-૫૧';ગુરુ૩=૨૫°=૫૮' શુક્ર ૦=૨૨°=૪૮'; શનિ૪-૧૦°-૪૭'; રાહુ ૮=૨૪°=૫૧'; હર્શલ૧=૧૮°-૪૨';નેપચ્યુન ૧૧-૮°-૫૧'; પ્લુટો ૦=૧૬°-૫૮'

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

માર્ચ અંકમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મકુંડળી વગેરે આપવામાં આવ્યાં છે, તેમાં મને નીચે મુજબની ભૂલો દેખાય છે,

સૌ પ્રથમ જન્મસમય જ વિવાદાસ્પદ છે. એક પ્રખ્યાત લેખકે ક. ૩-૫૨-૦નો સમય લખ્યો છે,તે પ્રમાણે લગ્ન કાઢતાં મીન રાશિના ૨૩ અંશ આવે છે. જ્યારે ક. ૨·૩૭ પ્રમાણે લગ્ન કાઢતાં મીન રાશિના ૭ અંશ આવે છે. આપે છાપેલ કુંડળીમાં લગ્ન ૨૧ અંશનું આપેલું છે. તે જોતાં ક. ૩-૫૨ વધારે સાચો સમય કહેવાય. જો બે અંશનો તફાવત લાગે છે તે કદાચ જુદા અયનાંશને લઈને પણ હોય. આ પ્રશ્ન કદાચ આપણે ગૌણ સમજીને છોડી દઇએ.

બીજો પ્રશ્ન 'પાંચમા સ્થાનનો રાહુ'. ખરી રીતે રાહુ પાંચમા સ્થાને નથી, પણ દશમા સ્થાને છે જે કુશાગ્ર બુદ્ધિ દર્શાવે છે.

જન્મકુંડળીમાં આપે લગ્નમાં ચંદ્ર શુક્ર બતાવ્યા છે, પરંતુ ખરી રીતે લગ્નમાં ચંદ્ર (નેપચ્યુન) આવે. કદાચ ભાવચલિત કુંડળીમાં બુધ સાથે આવે, પણ શુક્ર તો નહિ જ.

આ સાથે હું, ક. ૨·૩૭ પ્રમાણે રાફેલની એફીમરીમાંથી કરેલ ગણિત પ્રમાણેના, ચિત્રા સન્મુખ અયનાંશ-અં. ૨૧-૫૪-૨૦ વિકળા બાદ કરેલા ગ્રહો ને કુંડળી મોકલું છું જે રસ ધરાવતા વાંચકોને કદાચ સહાય રૂપ થાય.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

સૂર્ય	૦-૨૪-૨૨-૦૫
ચંદ્ર	૧૧-૧૬-૪૯-૪૦
મંગળ	૨-૦૦-૧૦-૪૦
બુધ	૦-૦૭-૫૨-૦૫
ગુરુ	૩-૨૫-૫૮-૧૦
શુક્ર	૦-૨૩-૦૫-૪૭
શનિ	૪-૧૦-૪૬-૪૦
રાહુ	૮-૨૪-૪૯-૪૦
કેતુ	૨-૨૪-૪૯-૪૦
હર્ષલ	૧-૧૮-૪૨-૧૦
નેપચ્યુન	૧૧-૦૮-૫૨-૧૭

(મુંબઇ) —હરીશકુમાર ટી. મકવાણા

[* આ કુંડળી પણ ઉપરના પત્રમાંની કુંડળી જેવી જ હોઈ ફરી નથી આપી. ત્યાં જોઈ લેવી.]

માર્ચના 'કુમાર'માં રવીન્દ્રનાથના જીવનમાં કેટલાંક નામોનાં વિકૃત રૂપ જોયાં. લેખક બંગાળી જાણતા ન હોય ને રોમન લિપિને કારણે ગોટાળા થતા હોય એમ ધારું છું.

રાધા નહિ પણ રાઢ
રાધીય નહિ પણ રાઢીય
જોરાસાંકો નહિ પણ જોડાસાંકો
જ્યોતિરીન્દ્ર નહિ પણ જ્યોતિરિન્દ્ર
બ્રહ્મોસમાજ નહિ પણ બ્રાહ્મસમાજ
આત્મજી વાણી નહિ પણ આત્મજીવની

પહેલાં બારીન્દ્ર વિશે લેખ હતો તેમાં પણ કેટલાંક નામો વિકૃત હતાં:

મનમોહન નહિ પણ મનોમોહન
ચાકીકર નહિ પણ ચાકેકર
કોત્રોગાર નહિ પણ કોન્નગર
અલપના નહિ પણ આલપના

(અમદાવાદ) —નગીનદાસ પારેખ

વસંત સ્પર્શે

· મિશ્ર ·

આ યુદ્ધવિધ્વસ્ત ધરા...
ઉધ્વસ્ત ક્લાન્ત...
હૈયાવ્રણોનાં ઢીબકાં હજી
માંડ થયાં છ શાન્ત.
હજી હવાને મળતી ન હા-શ,
નિરાંતનો એક ન ક્યાંય શ્વાસ;
ત્યાં—
તપ્ત ને શાપિત શી ધરા પરે
જુઓ...જુઓ...આ,
દયામયી કો પરિચારિકા સમી
વસંત ધીરાં પગલાં અહો, ભરે!
અને...જુઓ, જુઓ...
બંદૂક ને બખ્તરગાડીઓના
હજી ય ઊના અવશેષમાંથી
ડોકાય ફૂલો નવકૌતુકે ભર્યાં!
વસંતસ્પર્શે,
શતક્ષતા, તો'ય હસંત હર્ષે,
સમષ્ટિને કૈં વળતો કરાર,
જાણે ઇસુ-સ્કંધ પરેથી કોકે
લીધો ઉપાડી જરી ક્રૂસભાર!

વિનોદ અધ્વર્યુ

વિનવણી

· ગાન ·

રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ!
સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલુંઘેલું રે ગોકુળિયું ગામ!
વણગૂંથ્યા કેશ અને અણઆંજી આંખડી
કે ખાલી બેડાંની કરે વાત;
લોકો કરે છે શાને દિવસ ને રાતડી
મારા મોહનની પંચાત;
વળી વળી નિરખે છે કુંજગલી : પૂછે છે કેમ, અલી! ક્યાં ગઇ'તી આમ?
રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ!
કોણે મૂક્યું રે તારે અંબોડે ફૂલ?
એની પૂછીપૂછીને લિયે ગંધ;
વહે અંતરની વાત એ તો આંખ્યુંની ભૂલ,
જોકે હોઠોની પાંખડીઓ બંધ;
મારે મોંએથી ચહે સાંભળવા સાહેલી માધવનું મધમીઠું નામ;
રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ!

સુરેશ દલાલ

ઝંખી રહ્યું છે તુજને ઉજડતું કોઇ ચમન,
સરિતા! તને અમસ્તો આદરિયામાં જીવ છે.

'મોમીન'

ગ્રીષ્મનો મધ્યાહ્ન

· વિષમ હરિગીત ·

ગ્રીષ્મનો મધ્યાહ્ન આ
અતિ ચંડ:
મારા અંગઅંગે
ઉગ્ર રોપે:
ત્વચાને આ
બિન્દુ બિન્દુ
શતસહસ્ર નહોર કેરા
અગ્રથી શું
અદય શોપે!
હા...શ;
પણ, શી અંતરે
પ્રસરી રહી હળવાશ!
કોણ જાણે કોણનાં
અંગુલીનાં ટેરવાં
—શીતળ અહો!—
ફરતાં રહ્યાં ભીતર
કશાં મુજ કણકણે?
મુદા ઝીણી રણઝણે!
નિત્યનો વળગાડ
જાણે શ્યામ છાયાનો ગયો;
એકલો હું સાવ
મુક્ત શ્વસી રહ્યો!

પ્રજારામ

હવે ચાળીશીએ

· શિખરિણી ·

બધાં એ તોફાનો શિશુક વય કેરાં લહરીશાં
યુવાવસ્થામાં જે વિકસી કદ વંટોળ ઊમટ્યા,
ધણેણાટી આખી ધરતી મૂકી, ધૂળેટ્યું નભ, તે
હવે ચાળીશીએ નભથી નીતરી ધૂળ ઠરતી—
નવી પેઢી જેની ઉપર કુતુકે કૈં ચીતરતી.

હવે ચાળીશીએ સમથળ વહે જીવનનદી.
ગઇ એ પચ્ચીશી! ખડક ખણતાં—રે અચરતી—
ઘસાઇ ખૂણાળું મનનું અણિયાળું રૂપ હવે
લખોટીના જેવું રમણીય થયું કાળપ્રવહે,
શકે જેની સંગે સહુ રમી—રમે જે ય સહુ શું.

હવે બન્ને કાંઠે જનપદ શ્વસે, ખેતર હસે,
વસે તીર્થો-ઘાટો, વિહગ-પશુ, નીલું નભ લસે,
બધાંની સંગાથે જરીક હસી લે આગળ જવે...
અદૂરે કર્ણોમાં ભરતી-ઇજનોનો રવ હવે.

ઉશનસ્

આશંકા

· શિખરિણી ·

મળ્યાં માર્ગે ઝાઝી વખત નહિ—એ કે ત્રણ—તહીં
તને પૂછી આંખો થકી કુશળતા, મેં ઊલટથી
દીધું આછું—કિંતુ સહૃદય—તમોને સ્મિત મુજ,
પછી તો વાણીનાં ઊઘડી જ ગયાં દ્વાર સહજ.

દિનો વીત્યા થોડા, અનુકૂલ મને શો સમય તે
તમે પૂછી, બીજે દિન તમ ઘરે દીધું ઇજન;
હું હરખાયો: 'લીધો ગણી અવ મને રે પ્રિયજન',
મમત્વે આમંત્ર્યાં મુજ ઘર પછી મેં ય તમને.

પરંતુ હા! એવું કંઇક તમ નેત્રે હજી વસે,—
'તું'થી સંબોધીને વળગી શકું વાતે નહિ ઊંડી,
અચિંતો કો દિ ના ટપકી શકું ગેહે તમ હજી,
અતૃપ્તિના શોપે સતત મુજ આ અંતર બળે.
વિમાસું હું: માન્યો ઋજુ હૃદયનો સ્નેહ સરલ,
લૂખા શિષ્ટાચારોતણું શું નહિ એ હોય ગરલ?

જશવંત લ. દેસાઈ

હું

· પરમ્પરિત હરિગીત ·

ગાડી જતી ચાલી
અને
ડબ્બાતણી કો બંધ બારી પાસ બેસી
કાચમાંથી
ન્યાળવા મથતી હું
આભે ચાંદની શશિયરતણી...
...રે કિન્તુ ન્યાળું
ત્યાં ય પ્રતિબિમ્બિત મારી જાતને જ
બારીના એ કાચમાંથી હું મને જ!

ગીતા પરીખ

સવાર

· પરંપરિત સવૈયા ·

પૃથ્વીને લપટાઇ વળી'તી અંધારાંની માટી કાળી,
ત્યાં તો સૂરજદેવે આવી,
પીઠી ચોળીને નવરાવી, સોનલ રંગે શી અજવાળી!
દેખી એને ખૂબ રૂપાળી,
ના લાગે નજરૂં મરમાળી,
એ કારણથી થોડાથોડા, પડછાયે કીધા મશવાળી.

મીન પિયાસી

વ્યથા

· મુક્તક ·

પાંપણો પલકી અનેનયનો ઢળ્યાં,
રૂપનું છલ કારમું સહેવું પડ્યું;
દિલ મહીં ધિક્કાર ફેલાયો છતાં,
'આપને ચાહું છું હું' કહેવું પડ્યું.

મનહર મોદી

અડપલું (પ્રિયકાન્ત મણિયાર)

મધ્યાહ્નનું વ્યોમ ચગેલ વેગથી
આદિત્યના તે પદતાલ-તેજથી
સોહે ભર્યું ભાસ્કરનું સ્વરૂપ
ચારે દિશામાં ઝરતા ઝગારા;
ત્યારે તહીં ઑફિસની અટારી
ધરી અરીસો પ્રતિબિંબ ઇંગિતે
બરાડતી હૉટલની સમીપ
બપોરની ચ્હાનું કહેણ મોકલે!

સફળ લગ્નનું રહસ્ય

· વિચારવિશેષ ·

લગ્ન થઈ ચૂક્યાં.

કાનમાં હજી ત્રાંસાવાળાઓનો ઘોંઘાટ અને શરણાઇઓનો તીણો અવાજ ગુંજે છે.

મહેમાનો વેરાવા લાગ્યા છે.

મનમાં ભાન થવા લાગે છે કે જીવનનું નવું પ્રભાત ફૂટ્યું છે.

ઘરમાં નવું હાસ્ય ખડખડે છે. શરૂઆતમાં જરા સંકોચથી, ધીમેથી. એ હાસ્ય સાંભળતાં તમારાં રોમેરોમ ઊભાં થાય છે. તમારી જુવાનીનું મહાસ્વપ્ન આખરે સાચું પડ્યું!

એ નવી વ્યક્તિ પ્રત્યે તમારા હૃદયમાં જે અપૂર્વ ભાવ પેદા થાય છે તે પ્રેમથી સ્વીકારો, દૃઢ કરો ને જાળવી રાખો. મરણ સુધી એના પ્રતિ સંપૂર્ણ વફાદારી રાખવાની ભાવના એ તમારા પરિણીત જીવનનો ધ્રુવતારક છે.

લગ્ન થયાથી બ્રહ્મચર્યની સાથેનો તમારો સંબંધ નથી તૂટ્યો.

•

કેટલાક તો એમ માને છે કે બ્રહ્મચર્યાશ્રમ પૂરો થતાં લગામ છોડીને, બસ, સુખ, સુખ ને સુખ લૂંટવાનું જ રહ્યું...!

જરા ધીમેથી, ભાઇ! લગામ એકદમ હાથથી સરવા ન દો. તે હજુ કામમાં આવશે.

કેટલાક યુવાન લોકો તો એમ માને છે કે પ્રેમ એટલે રોમાંચ, લાગણીનો ઊભરો, હૃદયની ભરતી, અને કવિઓએ પ્રેમનાં અસંખ્ય લક્ષણોનું જે અથાગ નિરૂપણ કર્યું છે એનો પ્રત્યક્ષ અનુભવ.

શાબાશ! પરંતુ તમે એવા મતના હો તો જરા ધ્યાન રાખો કે લાગણીઓ ચંચળ હોય છે, અને ભરતી પણ અમુક સમય પછી ઊતરી જાય છે.

તમારો પ્રેમ એવા ડગમગતા પાયા પર જો ચણાયો હોય તો એની જગ્યા પર થોડા સમય પછી કેવળ એનું ખંડેર ઊભું રહેશે.

રોમાંચ ઓસરી જતાં (અને ચોક્કસ ઓસરી જવાનો જ! તમારાં રૂવાં ઓછાં ચોવીસે કલાક ઊભાં રહી શકે?) એની જગ્યામાં ગૃહક્લેશ આવશે, અને ત્યાર પછી... ત્યાર પછી તમારા પાડોશીઓની વાતચીતમાં એમ તો એક રસિક વિષયનો ઉમેરો થશે ખરો!

પણ એ સાચો પ્રેમ નથી.

એ માત્ર 'નકલી પ્રેમ' છે.

સાચો પ્રેમ ધીરગંભીર, ગહન ને ચિરસ્થાયી છે. એમાં સમાયેલા ઊંડા ભાવની સરખામણીમાં એનાં બાહ્ય ચિહ્નો ગૌણ રહે છે.

પ્રેમનું મૂળ તત્ત્વ બલિદાન છે, સમર્પણ છે. પોતાની જાતને સદાને માટે પ્રિયજનને ચરણે ન્યોછાવર કરવી, એ જ પ્રેમનો ઉદ્દેશ છે.

આથી પ્રેમની પરાકાષ્ઠા વિવાહિત જીવનની શરૂઆતમાં નથી. ઊલટું, લગ્નના સમયને કેવળ પ્રેમનો આરંભ જ કહેવાય. ત્યારથી માંડીને એ વૃદ્ધિ પામવા લાગે છે, અને જેમજેમ કરેલા અર્પણનો અર્થ અને રોજના વ્યવહારમાં એનો અમલ કરવાની રીત સમજાતાં જાય છે તેમતેમ એ વધારે મજબૂત ને ગાઢ બનતો જાય છે.

એમ મૃત્યુ પછી પણ એ પ્રિયજનનું સ્મરણ તાજું રાખે છે, અને એને એક વાર અર્પણ કરેલાં હૃદય તથા શરીર બીજા કોઇની માલિકીમાં આવવા દેતો નથી.

લાગણી કે ભોગવિલાસ પર અવલંબિત નકલી પ્રેમ પરિણીત જીવનની શરૂઆતમાં જ તીવ્ર સ્વરૂપ પકડે છે; પણ લાગણીઓ ઓસરી જતાં એ પણ મંદ પડે છે, ઢીલવાઈ જાય છે અને મૃત્યુનો ઘા ઝીલી શકતો નથી.

પરંતુ આત્મબલિદાન ઉપર આધાર રાખનાર સાચો પ્રેમ જિંદગીભર સ્થિર પગલે આગળ ને આગળ વધતો જાય છે; એમાં ભરતી-ઓટ નથી, પણ વૃક્ષની જેમ શુદ્ધ આકાશ ભણી ઊગવાની સતત વૃત્તિ છે.

•

જ્યાં ફક્ત આનંદ લૂંટવાની વૃત્તિ હોય ત્યાં પ્રેમ નથી: કહેવાતા પ્રેમીઓ એ પવિત્ર શબ્દનું રટણ કર્યા કરે તો પણ.

પરંતુ જ્યાં પ્રિયજન માટે કોઈ પણ ભોગ આપવાની ઉત્કંઠા હોય, અને પ્રસંગ આવ્યે એ અપાય પણ ખરો, ત્યાં જ શુદ્ધ પ્રેમ ખીલ્યો કહેવાય.

•

'ડુંગર દૂરથી રળિયામણા'

અને પ્રિયતમા સંવનનને સમયે અતિ રળિયામણી.

પણ રોજિંદો પરિચય વધતાં ભલભલી સતીમાં પણ ખોડખાંપણ દેખાવા લાગશે. કંઇ નહિ તો એની ને તમારી રુચિ અરુચિમાં ફેર પડશે, અને એમ ધીમે ધીમે સંઘર્ષણ પેદા થશે.

એને સાંજે તમારી સાથે ફરવા જવું હશે ત્યારે તમારામાં આડા પડીને એક જાસૂસી નવલકથા વાંચવાની વૃત્તિ જાગશે. એને મોળી દાળ ભાવશે તો તમને તીખી. એ પોતાનાં સગાંઓ માટે વિશેષ લાગણી રાખશે અને એ તમને સાલશે...

આવા નાનાનાના પ્રસંગોમાં તમે બને ત્યાં સુધી તમારી લાગણીને દબાવીને તમારી પત્નીને અનુકૂળ થવા પ્રયત્ન કરો તો જ તમારા પ્રેમમાં સમર્પણનું તત્ત્વ આવી ગયું કહેવાય.

બલિદાનની વૃત્તિ એવી નાની બાબતોમાં જ સિદ્ધ થાય છે.

પત્નીને ખાતર જીવન આપવાની તકની રાહ ન જુઓ, નહિ તો સંભવ છે કે એવાં પ્રેમશૌર્યનાં સ્વપ્ન રચતાં રચતાં તમે એને રોજના વ્યવહારની અનેક નાની વસ્તુઓમાં દુઃખી કરશો.

•

બે વસ્તુ વચ્ચે મેળ બેસાડવા માટે તો દરેકમાંથી થોડું કાપવું જોઇએ: એ જ આપણે બલિદાન તરીકે ઓળખાવેલી વૃત્તિ છે.

જો હીરો ને સોનું પોતપોતાના આકાર રાખવાનો દુરાગ્રહ કરે, તો વીંટી ન જ બનાવી શકાય.

પણ જરા સોનાને કુલડીમાં ગાળીને ઘડો, અને હીરાને ઘસીને એના ખૂણાઓ કાપો..., હવે નંગ સોના પર બંધબેસતું આવશે, અને રમણીય વીંટીનું લાવણ્ય ઓર દીપી ઊઠશે.


સફળ લગ્નનું રહસ્ય પણ એવું છે.

જેમાંથી આ અવતરણ લીધું છે તે પુસ્તકનો તથા તેના લેખકનો પરિચય આ અંકના 'સાહિત્યસંપર્ક'માં.

ભારતના રાષ્ટ્રીય તેમજ સાંસ્કૃતિક વિકાસ-માં મહત્ત્વનો ફાળો આપી જનારી ચાર મહાન વિભૂતિઓની જન્મશતાબ્દીનું આ વર્ષ છે: રવીન્દ્રનાથ ઠાકુર, મોતીલાલ નેહરુ, મદનમોહન માલવીય અને પ્રફુલ્લચન્દ્ર રૉય. એ ચાર યશોજ્જ્વલ વ્યક્તિઓ પૈકી કવિવર રવીન્દ્રનાથ ઠાકુર વિષે તો આપણે બે માસથી જાણતા આવ્યા છીએ. અહીં પંડિત મોતીલાલ નેહરુનો ટૂંક પરિચય આપીએ છીએ: શરૂનો ભાગ પં૦ જવાહરલાલે લખેલી આત્મકથામાંથી તારવીને તથા પાછળનો ભાગ વિવિધ સ્થળે પ્રકટ થએલી સામગ્રીમાંથી સંકલિત કરીને આ સાથે આપ્યો છે:

ત્યાગમૂર્તિ

મોતીલાલ નેહરુ



સશક્ત બાંધો, ગોરો વાન, તેજસ્વી વિશાળ કપાળ, મક્કમ બિડાયેલા તંગ હોઠ, દઢતાસૂચક હડપચી અને સ્મિતગર્ભ વેધક આંખોવાળા પંડિત મોતીલાલ નેહરુને જોઈને દિલ્હીના સંગ્રહસ્થાનોમાંનાં રોમન બાદશાહોનાં પૂતળાંઓની યાદ આવે. એમનું સમગ્ર વ્યક્તિત્વ પ્રભાવશાળી, આંજી નાખનારું હતું.

અમે મૂળ કાશ્મીરી. બસો વરસ પહેલાં, અઢારમી સદીની શરૂઆતમાં અમારા એક વડવા, કીર્તિ અને ધન કમાવા કાશ્મીરની પહાડી ખીણમાંથી નીચેનાં ફળદ્રુપ મેદાનોમાં ઊતરી આવેલા. ફરૂખશિયર તે વખતે બાદશાહ હતો. આમ પ્રથમ ઊતરી આવનાર અમારા વડવાનું નામ રાજ કૌલ હતું. એણે આખા કાશ્મીરમાં સંસ્કૃત અને ફારસીના વિદ્વાન તરીકે નામના મેળવી હતી. એ અરસામાં જ્યારે ફરૂખશિયર કાશ્મીર આવ્યો ત્યારે રાજ કૌલ તરફ આકર્ષાયો અને ઘણે ભાગે તેની જ ઇચ્છાથી એ કુટુંબ શાહી રાજધાની દિલ્હીમાં આવી વસ્યું. ૧૭૧૬ની આસપાસની આ વાત. એક નહેરને કાંઠે થોડીક જમીન ને એક મકાન રાજ કૌલને બક્ષિશમાં મળ્યાં. ઘર નહેરને કાંઠે હતું, એટલે એ ઘરવાળાના નામને 'નેહરુ' શબ્દ લાગ્યો.

આ પછીના અસ્થિર સમયમાં એ કુટુંબે ઘણી ચડતીપડતી જોઈ અને જાગીર પણ ધીમેધીમે ખોવાઈ ગઈ. મારા પરદાદા લક્ષ્મીનારાયણ નેહરુ, દિલ્હીના બાદશાહના નામના રહેલા દરબારમાં 'સરકાર કંપની'ના પહેલા વકીલ બન્યા. મારા દાદા ગંગાધર નેહરુ '૫૭ના બળવા પહેલાં કેટલોક વખત દિલ્હીના કોટવાલ હતા. ૧૮૬૧માં ૩૪ વરસની નાની ઉંમરે એ ગુજરી ગયા.


કેટલાંક વરસો સુધી અમારું કુટુંબ આગ્રામાં જ રહ્યું. અહીં મારા પિતાશ્રી (મોતીલાલજી)નો જન્મ ૧૮૬૧ની ૬ઠ્ઠી મેએ થયો. પણ એમનો જન્મ થયો તેના ત્રણ મહિના આગમચ મારા દાદા સ્વર્ગવાસી થએલા. (એમના મોટા ભાઈ નંદલાલજીએ એમને લાડથી ઉછેરી મોટા કર્યા). અમારા ઘરમાં મારા દાદાનું નાનકડું તૈલચિત્ર છે, જેમાં એમણે મુઘલ દરબારનો પોશાક પહેર્યો છે ને હાથમાં વાંકી તલવાર રાખી છે.

મારા પિતા કાનપુરની નિશાળમાંથી ને અલ્લાહાબાદની કૉલેજ-માંથી પસાર થયા. એમનું પ્રાથમિક ભણતર માત્ર ફારસી અને અરબીનું જ હતું અને અંગ્રેજી તો એમણે ૧૩-૧૪ વર્ષની વયે શરૂ કરેલું. પરંતુ એ ઉંમરે પણ એ ફારસીના વિદ્વાન ગણાતા અને એમના આ જ્ઞાનને લીધે એમનાથી મોટેરા પણ એમને માન આપતા. જોકે કાચી વયમાં આટલા જ્ઞાન છતાં નિશાળ અને કૉલેજમાં તો એમની ખ્યાતિ મુખ્યત્વે અટકચાળા અને તોફાની વિદ્યાર્થી તરીકે જ હતી. આમ કંઈક ઉદ્દામ રીતભાત છતાં એમનું શહૂર જોઇને એમના અંગ્રેજ અધ્યાપકો એમના ઉપર મુગ્ધ રહેતા; અને એ બુદ્ધિશાળી તો હતા જ, એટલે વખત આવ્યે ખૂબ મહેનત કરીને અભ્યાસમાં પણ એઓ પાછળ ન પડતા.

યુનિવર્સિટીની બીજી પરીક્ષાઓમાંથી કાંઈ ખાસ નોંધવાલાયક માન-ઇનામ મેળવ્યા વિના પસાર થઇ છેવટે તેઓ બી. એ.માં બેઠા. તેમણે એને માટે કાંઇ ખાસ તૈયારી નહિ કરેલી અને પોતાને પહેલા પ્રશ્નપત્રના જવાબ વિષે ખૂબ અસંતોષ હતો. એમના મનમાં થયું, પહેલા જ પ્રશ્નપત્રમાં ઘોળ્યું છે એટલે પાસ શેના થવાશે? અને પાસ નથી થવાનું તો બાકીની પરીક્ષામાં શા સારુ બેસવું? પરીક્ષાને બદલે તાજમહાલમાં વખત ગાળવો એમણે વધુ પસંદ કર્યો! (તે વખતે યુનિવર્સિટીની પરીક્ષાઓ આગ્રામાં લેવાતી.) પાછળથી એમના અધ્યાપકે એમને બોલાવીને ઠપકો આપ્યો: 'પ્રથમ પ્રશ્નપત્રના જવાબ તો તારા સારા હતા, કેવો બેવકૂફ કે બીજામાં ન બેઠો!' જે થયું તે થયું, અહીં પિતાશ્રીની યુનિવર્સિટીની કેળવણીનો અંત આવ્યો. તેઓ કદી ગ્રૅજ્યુએટ ન થયા.

એમને તો જીવનમાં આગળ વધવું હતું અને કંઈક ધંધો જમાવવો હતો. સ્વાભાવિકરીતે એમની નજર વકાલત ઉપર પડી, કેમકે હિન્દમાં તે વખતે એ જ ધંધો એવો હતો કે જેમાં માણસના ઝવેરાતને અવકાશ હતો, અને એમાં સફળ થનારા માટે માન અને પ્રતિષ્ઠા રહેલાં હતાં. અને તેમની આગળ પોતાના ભાઇનો દાખલો તો હતો જ. એટલે તેમણે પણ વકાલતનો અભ્યાસ શરૂ કર્યો અને ૧૮૮૬માં સુવર્ણચન્દ્રક મેળવીને તેમાં પ્રથમ નંબરે પાસ થયા.

કાનપુરમાં ઉમેદવારીનાં ત્રણ વરસ ગાળીને પિતાશ્રી હાઇકોર્ટમાં વકાલત કરવા અલ્લાહાબાદ આવ્યા. આ પછી થોડા જ વખતમાં એમના ભાઇ, પંડિત નંદલાલ, એકાએક મરણ પામ્યા. પોતાને પિતાતુલ્ય એવા ખૂબ પ્રેમાળ ભાઇને અને કુટુંબના એક વડીલ અને મુખ્ય કમાનારને ગુમાવ્યા એ પિતાશ્રી માટે અસહ્ય આઘાત હતો. વળી



દેશને અર્થે ફકીરી લેવાની શરૂઆત મોતીલાલજીએ પોતાનો આ રાજ-શાહી આવાસ 'આનંદભવન' દેશને અર્પણ કરીને કરી, જે ત્યારથી 'સ્વરાજભવન'ને નામે ઓળખાય છે.

નાની ઉમરમાંથી જ મોટું કુટુંબ સંભાળવાનો બોજો મોટે ભાગે એમના ઉપર જ આવી પડયો. બીજી બાજુ એમને ધંધામાં નામના પણ મેળવવી હતી, એટલે એમાં ખૂંચી ગયા, મહિનાઓ સુધી બીજી બધી વસ્તુઓને સાવ ભૂલી ગયા. કાકાના ઘણાખરા કેસો પણ એમની પાસે જ આવતા, અને એમાં એઓ જીતતા એટલે ધંધામાં સફળતા મેળવવાના જે મનોરથો એમણે આજ સુધી સેવ્યા હતા તે સહેજે ફળ્યા. કામ પણ વધવા માંડયું અને ટંકશાળ પણ પડવા લાગી.

સતત વધતી જતી આવકને લીધે અમારી રહેણીકરણી બદલાતી ગઈ. ભારે ઝિંદાદિલ હોવાને લીધે અને દરેક રીતે ચેનમાં રહેવાના શૉખને લીધે તેઓ જેટલુંકમાતા તેટલું ખરચી નાખવામાં ક્યાંય મુશ્કેલી ન આવતી. આમ ધીરેધીરે અમારી રહેણી પાશ્ચાત્ય થતી ગઈ."

• • •

વકાલતના ધંધામાં ઓતપ્રોત રહેતા હોવાને કારણે મોતીલાલજીને રાજકારણ અને જાહેરજીવનમાં ભાગ લેવાનો ભાગ્યે જ સમય મળતો, પરંતુ સફળતાની સીડી ઉપર બરોબર ગોઠવાઇ ગયા બાદ એમણે મહાસભાના કામમાં ઉપરછલ્લો રસ લેવાનું શરૂ કર્યું. એમ તો એમણે સને ૧૮૮૮માં અલ્લાહાબાદ અધિવેશનમાં પ્રેક્ષક તરીકે હાજરી આપેલી. ૧૮૯૨ના અધિવેશનમાં તો સ્વાગત સમિતિમાં જવાબદારીભર્યું કામ પણ કરેલું. ૧૯૦૪ના મુંબાઈ અધિવેશનમાં યે હાજરી આપેલી અને ૧૯૦૭ના સૂરત અધિવેશનમાં તેજબહાદુર સપ્રુ સાથે મૉડરેટ ગણાવા લાગેલા. ત્યાર બાદ એમનો મહાસભાના કામકાજમાં ઉત્તરોત્તર રસ વધવા લાગ્યો. ૧૯૦૭માં તો યુક્ત પ્રાંત કૉંગ્રેસના તે સભાપતિ બન્યા અને સાત વર્ષો સુધી એ જવાબદારી સંભાળી. ૧૯૦૯માં તે કૉંગ્રેસની મહાસમિતિમાં ચૂંટાયા. હજી એમને બ્રિટનની ન્યાયપ્રિયતામાં વિશ્વાસ હતો અને ત્રાસવાદી ચળવળ ઉપરાંત કાનૂનભંગ તથા સત્યાગ્રહ પ્રત્યે પણ પોતાનો અણગમો વ્યક્ત કરતા.

૧૯૧૨માં જવાહરલાલ બૅરિસ્ટર થઇને હિંદ આવ્યા. એમનું વલણ ઉદ્દામ રાજકારણ તરફ હતું તેથી પિતાપુત્ર વચ્ચે ઉગ્ર વાદવિવાદ થતો.

એ પછી, ૧૯૧૬થી દેશમાં લોકપ્રિય બનતી જતી હોમરૂલ લીગના તે સભ્ય થયા. ત્યારથી એમનો ઝોક ઉગ્ર થવા લાગ્યો. યુક્ત પ્રાંતમાં હોમરૂલ લીગને તેમણે સફળ બનાવી. તેઓ તેના પ્રમુખ ચૂંટાયા.

અંતે ૧૯૧૯માં જલિયાંવાલાના હત્યાકાંડથી એમનું દિલ દ્રવી ઊઠયું. તેને અંગે તે ગાંધીજીના નિકટ પરિચયમાં આવ્યા અને તેમના પ્રમુખપણા નીચે પંજાબના કાંડની તપાસ કરવા સમિતિ નિમાઈ. ત્યારથી એમનો માનસપલટો એવો થયો કે એ જ વર્ષે અમૃતસરમાં ભરાએલી કૉંગ્રેસના પ્રમુખપદે તે ચૂંટાયા. તેના પ્રમુખસ્થાનેથી આપેલું એમનું ભાષણ દિલ હચમચાવનારું હતું.

કંઈક વિલાસી જીવનના અનેક ઝગમગાટમાં આનંદ લેનાર અને પરલોકમાં શું થશે તેની કશી પરવા ન કરનાર મોતીલાલ જેવી વ્યક્તિમાં હવે આમૂલ પરિવર્તન થઈ ગયું. ૧૯૨૦માં એમણે વકાલત છોડી અને દેશસેવાની દીક્ષા લીધી. ૧૯૨૧ના નવેમ્બરમાં કૉંગ્રેસે બહિષ્કારની લડત ઉપાડી. મોતીલાલજી હવે ગાંધીજીના ગાઢ પરિચયમાં આવતા જતા હતા. યુક્ત પ્રાંતના સ્વયંસેવક દળને ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યું એટલે મોતીલાલજીએ તેને મોખરે પોતાનું નામ લખાવ્યું. પરિ-ણામે એમને છ મહિનાની સજા થઈ. જીવનભર ઊંચામાં ઊંચી ને ઉમદા અમીરાત ભોગવનાર મોતીલાલજી મામૂલી જેલમાં પુરાયા.

અસહકાર–બહિષ્કાર–સત્યાગ્રહની લડત પૂર જોશમાં ચાલતી હતી. એવામાં ચૌરીચૌરાનો બનાવ બન્યો એટલે ગાંધીજીએ લડત સંકેલી લીધી. આથી દેશમાં જુદાજુદા પ્રત્યાઘાતો પડયા. સત્યાગ્રહનો જુવાળ ઓસરતો હતો. દેશમાં નિરાશાનું વાતાવરણ છવાયું અને ફરી ૧૯૧૯ અનુસાર પ્રાંતીય તથા મધ્યસ્થ ધારાસભાઓમાં જઈ સુધારાઓ કરાવવાની જોરશોરથી હિમાયત ચાલી. દિલ્હીની કૉંગ્રેસની ખાસ બેઠકમાં તે માટે એમણે કૉંગ્રેસની સંમતિ મેળવી અને દેશબંધુ ચિત્ત-રંજનદાસની સાથે મળીને સ્વરાજ પક્ષની સ્થાપના કરી.

શરૂઆતમાં તેમણે મધ્યસ્થ ધારાસભામાં સ્વરાજ પક્ષના મંત્રી તરીકે કામગીરી બજાવી ને ૧૯૨૫માં દેશબંધુ મૃત્યુ પામ્યા એટલે તેઓ પક્ષના નેતા તરીકે ચૂંટાયા. પણ સ્વરાજ પક્ષની સ્થાપના ગાંધીજીને મંજૂર નહોતી; એટલે બેળગામ કૉંગ્રેસ વખતે ગાંધીજીએ દેશનું નાવ સ્વરાજ પક્ષને સોંપી રચનાત્મક કાર્યક્રમમાં લક્ષ કેન્દ્રિત કર્યું.

છતાં જે આશા અને અપેક્ષાથી સ્વરાજ પક્ષ ધારાસભામાં ગયો હતો તે ફળીભૂત ન થઈ. સરકાર સાથે સહકારથી કામ લઈ કંઈક પ્રાપ્ત કરવાની રહીસહી શ્રદ્ધા પણ હવે નામશેષ થઈ ગઈ અને ગાંધીજીના કાર્યક્રમમાં મોતીલાલજીને પૂરી શ્રદ્ધા જાગી. રાજમહેલ જેવું પોતાનું નિવાસસ્થાન 'આનંદભવન' એમણે દેશને અર્પણ કરી દીધું અને સંપૂર્ણ ફકીરી ધારણ કરી.

ફરીથી ૧૯૨૮માં કલકત્તાની કૉંગ્રેસના પ્રમુખ તરીકે મોતીલાલ-જીની વરણી થઈ અને રાજમહારાજાઓને પણ ઈર્ષા કરાવે તેવું માન તેમને ભારતની જનતાએ આપ્યું. ત્યારે મોતીલાલ–જવાહરલાલ પિતા-પુત્રની જોડી આઝાદીની લડતની અગ્રગણ્ય સેનાની બની ચૂકી હતી.

ત્યારે બ્રિટિશ પાર્લામેન્ટે હિન્દના નેતાઓને સર્વમાન્ય એવું ભારતનું રાજ્યબંધારણ ઘડી કાઢવાની ચૅલેન્જ આપેલી. તેના જવાબમાં મોતી-લાલજીએ 'નેહરુ રિપોર્ટ' તૈયાર કરેલો. કલકત્તા અધિવેશનમાં તે રજૂ કરવામાં આવ્યો પરંતુ કમનસીબે અંગ્રેજોની ભાગલા-નીતિ સફળ થઈ અને 'ઑલ પાર્ટી કન્વેન્શન'માં મુસ્લિમ લીગ એની વિરુદ્ધ પડી.

૧૯૨૯માં લાહોર અધિવેશનમાં જવાહરલાલજીના અધ્યક્ષપદે 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય'નો ઐતિહાસિક ઠરાવ થયો અને ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦નો દિવસ દેશભરમાં સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવાયો. ૧૨મી

માર્ચે ગાંધીજીએ ઐતિહાસિક ભવ્ય દાંડીકૂચ આરંભી. વિદેશી કાપડનો બહિષ્કાર પોકારાયો ને સ્વાતંત્ર્યયુદ્ધ શરૂ થયું. ગાંધીજીની ધરપકડ થઈ. મહાસભાને ગેરકાયદેસર ઠરાવવામાં આવી. સરકારે દમન અને ત્રાસનો દોર છૂટો મૂક્યો. ધરપકડો શરૂ થઈ. લોકોની માલમિલકત જપ્ત થવા લાગી. લાઠીમાર તો રોજનો બનાવ બની ગયો.

એ વખતે મહાસભાની કારોબારી સમિતિના પ્રમુખ તરીકે મોતીલાલજીની મુંબાઈમાં ધરપકડ થઈ ને તેમને નૈનીતાલ જેલમાં ખસેડાયા. નાનકડી ઓરડીમાં ચોમાસાનું પાણી ચૂએ. મોતીલાલજીને દમનો રોગ પીડતો હતો. તેની વેદના વધી. અંતે છ મહિને સજા પૂરી થતાં જેલમાંથી છૂટીને આરામ કરવા તે મસૂરી ગયા. પણ ત્યાં તબિયત દિનપ્રતિદિન બગડતી ગઈ. એ જોઈ સરકારે જવાહરલાલને ૨૬ જાન્યુઆરી, ૧૯૩૧-ના રોજ મુક્ત કર્યા. એવામાં ગાંધીજી પણ છૂટ્યા અને કૉંગ્રેસ કારોબારીની બેઠક સ્વરાજ ભવનમાં એમની પથારીની આજુબાજુ મળી. એમણે કહ્યું : 'હું રોગ સામે લડીશ, ભાગ્ય સામે લડીશ, મૃત્યુ સાથે યુદ્ધ કરીશ, અને એ બધાં પછી ગુલામીના રાક્ષસ સામે લડીશ. જો મારું મૃત્યુ થવાનું હોય તો સ્વતંત્ર ભારતની ગોદમાં ભલે થાય.'


પણ આ બીમારી જીવલેણ નીવડી. ગાંધીજી, જવાહરલાલ અને સ્વરૂપરાણી તથા ડૉ. જીવરાજ મહેતાની હાજરીમાં તેમણે તા. ૬ ફેબ્રુઆરી ૧૯૩૧ના રોજ લખનૌમાં પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો.

મોતીલાલજીને અંજલિ આપતાં ગાંધીજીએ કહ્યું : 'પતિ મરતાં હિંદુ વિધવાની જે સ્થિતિ થાય એ સ્થિતિ મોતીલાલજી જતાં મારી થઈ છે.'

સશક્ત બાંધો, ગોરો વાન, તેજસ્વી વિશાળ કપાળ, મક્કમ બિડાએલા તંગ હોઠ, દૃઢતાસૂચક હડપચી, સુંદર મૂછ અને સ્મિતગર્ભ વેધક આંખોવાળા પંડિત મોતીલાલ નેહરુને જોઇને ઈટલીના સંગ્રહસ્થાનોમાંનાં રોમન બાદશાહોનાં પૂતળાંઓની યાદ આવે. એમનું સમગ્ર વ્યક્તિત્વ પ્રભાવશાળી, આંજી નાખનારું હતું. એમની વિરલ બુદ્ધિપ્રતિભા, બાદશાહી રહેણીકરણી અને છેવટના દિવસોનું એમનું જીવનપરિવર્તન તથા દેશ માટે કરેલો સર્વસ્વનો ત્યાગ આપણા દેશમાં કહેવતરૂપ બની ગયાં છે.

આપણા આધુનિક રાજદ્વારી જીવનમાં એમનો ફાળો અસાધારણ છે. એમણે કૉંગ્રેસનો મૉડરેટોનો જમાનો જોયો. બંધારણની લડતનો રસ લીધો, પણ ઘણાની જેમ ત્યાં જ થાકીને થોભી ન ગયા. કૉંગ્રેસે જ્યારે બળવો પોકાર્યો ત્યારે પણ તેઓ મોખરે જ ઊભા અને છેવટ સુધી મોખરે રહ્યા. જીવનમાં મોખરે રહેવાને જ તેઓ જાણે સરજાયા હતા. વકાલત ને ધારાસભામાં પણ તેમણે અગ્રસ્થાન લીધું ને શોભાવ્યું; અને જ્યારે બંને વસ્તુઓ દેશહિતની વિરોધી જણાઈ ત્યારે તે બંનેનો ત્યાગ કરતાં પણ તેમણે વાર ન લગાડી. નેહરુ રિપોર્ટનું બંધારણ તેમણે ઘડેલું છતાં તેને દેશહિતને ખાતર ફગાવી દેવા જેટલા તેઓ નિર્મોહી હતા; અને આખરે જ્યારે પૂર્ણ સ્વરાજની લડતની હાકલ પડી ત્યારે તેમાં ઝંપલાવતાં તેમણે પાછું વાળી જોયું નહિ; અને જેમ એ સ્વરાજની ઝંખનાથી તેમણે સરકાર સામે યુદ્ધ ચલાવ્યું તેમ યમરાજ સામે પણ તેમણે સતત યુદ્ધ ચલાવ્યું.

બુદ્ધિશાળી લોકો તેમની તીવ્ર બુદ્ધિ આગળ મહાત થતા ને નમતા; ધનિક લોકો તેમના રાજવૈભવને નિહાળી કૌતુક કરતા; મુત્સદ્દી લોકો તેમની મુત્સદ્દીગીરીથી અજાયબી પામતા; વક્તાઓ તેમની વક્તૃતાનું અનુશીલન કરતા; વકીલો તેમની ચતુરાઈ પર વારી જતા; પણ ભારતવર્ષના મુગ્ધ લોકહૃદયે તો મોતીલાલજીએ દેશના કાજે કરેલા અસીમ ત્યાગની ને તેમની દેશસેવાની જે કદર કરી ને તેમને પોતાના રાજા બનાવ્યા, એ જ એમના જીવનની ખરેખરી ધન્યતા હતી. તેમણે રાજાની જેમ જીવી જાણ્યું, રાજાની જેમ દાન આપી જાણ્યું અને એવી જ રીતે મરી પણ જાણ્યું. તેમનું મૃત્યુ પણ છેક છેલ્લી ઘડી સુધી દેશસેવા કરતાં, દેશની મુક્તિનું ચિંતન કરતાં જ થયું, એ કેવી પ્રેરક ઘટના છે!



દેશને માટે ફકીર બનેલા અમીર પિતા-પુત્ર


રવીન્દ્રનાથ ઠાકુરની ચિત્રકળા

રવિશંકર રાવળ
નાનાલાલ ચ. મહેતા
અર્ધેન્દુકુમાર ગાંગુલી



ઈ. ૧૯૨૮માં ટાગોર ૬૮ વર્ષની વયે પહોંચ્યા હતા; એશિયાના કવિસમ્રાટ કહેવાયા હતા; એશિયામાંથી નોબેલ પારિતોષિકના પ્રથમ અધિકારી બન્યા હતા; સાર્વભૌમ માનવતાના અગ્રદૂત, સંગીતનાયક, શિક્ષાવ્રતી એમ ભારતના ખૂણેખૂણે તેમની પ્રશસ્તિ ગાજી રહી હતી; જ્ઞાન અને સંસ્કારની સર્વ શાખાઓમાં શ્રેષ્ઠ તરીકે દુનિયાની સર્વ સંસ્કાર-સંસ્થાઓ તેમને માનથી નવાજી રહી હતી. એવી પરાકાષ્ઠાઓભરી વૃદ્ધાવસ્થામાં તેમના મનમાં એક નવા પ્રકારથી અભિવ્યક્તિ કરવાના કોડ જાગ્યા. ચિરકાળ સૂની પડેલી ચિત્રઝંખના પ્રકટી ઊઠી અને પૂરાં બાર વર્ષો સુધી તેઓ અવિરામપણે તેની પાછળ મથી રહ્યા. લેખકની કલમ ધીમેધીમે મંદ પડી અને ચિત્રો ઊભરાવા લાગ્યાં. ૧૯૪૧માં તેઓ દિવંગત થયા ત્યારે એ ૨૦૦૦ની સંખ્યા પર પહોંચ્યાં હતાં.

કવિને બાલ્યકાળમાં સંગીત, નાટક ને ચિત્રસૌંદર્યનાં પ્રેમી કુટુંબજનો મળ્યાં હતાં. તેમના મોટાભાઈ જ્યોતિરિન્દ્રનાથ અચ્છા ચિત્રકાર હતા અને તેમના પિતરાઈ ભત્રીજાઓ અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ તો ચિત્રવિદ્યાના અખંડ ઉપાસકો હતા. તેમના પ્રયોગો તે ખૂબ નિકટથી રસ ને આનંદપૂર્વક નિહાળતા અને તેમને પોતાની અનુપમ સૌંદર્ય-ચેતનાથી પ્રેરણા આપતા. એમણે પોતે પણ બાલ્યકાળમાં ચિત્રપોથીઓ ભરી કાઢેલી અને સારાં ચિત્રોનો સંગ્રહ કરેલો.



કવિશ્રીનું પોતાનું ચિત્રકાર્ય તો કૈં અનોખી રીતે જ વિકસિત થયું છે. કોઇ પણ કલાનિર્માણના પાયામાં છંદ અને લયની વ્યવસ્થા કે ગુંજન વ્યાપેલાં હોય ત્યારે જ તે કલા-નામને સાર્થક બને છે. તેમનાં કાવ્યો લખાતાં તે છંદ ને અભિવ્યક્તિ પ્રમાણે બહુ રુચિશુદ્ધ લિપિમાં લખાતાં. તેમાં શબ્દો સુધારવા માટે જે છેકાછેકી થતી તેને પણ એમની લલિત રસવૃત્તિ સુરુચિભર્યા વિવિધ આકારો આપી દેતી, અને એમાં વેલપત્તીની લીલા કે કોઈ પશુપંખી યા નિગૂઢ કલ્પનાભરી આકૃતિઓ પ્રકટી ઊઠતી. પહેલાં તો ચાલુ કે બ્લ્યુ શાહીથી આ કામ થતું. પછી છેકેલા ગુચ્છને લાલ શાહીની ધારાવાડી થવા લાગી, અને પછી તો ઘણા રંગોવાળી શાહીઓ તેમના ટેબલ પર હાજર થઇ ગઈ.

પોતાનાં ચિત્રો વિષે એઓ કહે છે કે 'લોકો મને મારાં ચિત્રોનો અર્થ પૂછ્યા કરે છે, પણ હું એ ચિત્રોની જેમ ચૂપ બેસી રહું છું... મને માત્ર એટલો સંતોષ છે કે મારાં ચિત્રો કોઇ શિક્ષણપદ્ધતિમાંથી કે પૂર્વ પ્રણાલીથી કે કોઇ વસ્તુ કે વાત બતાવવાના પ્રયત્નમાંથી ઉપજ્યાં નથી, પણ લય-છંદ માટેના મારા સહજ વલણથી રેખાઓ અને રંગના રસપ્રદ મેળ જમાવવાની લહેર માણવા મેં એ કર્યાં છે'.

હસ્તપ્રતોમાં છેકાએલા એ ખંડો પ્રથમ તો નવરાશની એક ગમ્મત બનેલા; પણ નાનપણમાં ભરી મૂકેલી ચિત્રપોથીઓના સંસ્કારે તે છેકાછેકીમાંથી કોઈ આકારો પ્રકટવા માટે પોકાર કરતા તેમને લાગ્યા.

આખરે તો પ્રત્યેક કલાકારમાં કવિ, ચિત્રકાર કે સંગીતકારનું વધુ-ઓછાં અનેકવિધ પ્રમાણોવાળું રસાયન હોય છે અને યોગ્ય પ્રસંગે કે તકોની અનુકૂળતા મળતાં વિશેષરૂપે પ્રતિભાસ્વરૂપ પકડે છે. આજે એમનાં એ ચિત્રો અદ્‌ભુત રૂપરચના અને અવનવી છંદલીલાનો ભંડાર છે. સમર્થ કલાકોવિદોની એ પ્રશંસા પામ્યાં છે અને પ્રસિદ્ધ ચિત્રાલયોમાં સ્થાન પામ્યાં છે.

તેમની આકૃતિઓ નિર્બળ કે થોથરાતા હાથે બનેલી નથી. સિત્તેરમે વર્ષે પણ કવિનાં આંગળાંમાંથી સ્થિર રેખાંકન થયું છે. અમુક હેતુ પ્રમાણે જ તેમની પીંછીના લસરકા પડ્યા છે. તેમનાં ચિત્રોમાં બાલોચિત સાદાઈ છે, પણ આલેખનનો જુસ્સો તેમાં ભર્યોભર્યો છે. તેમાં કદીક હવાનો આવેગ, કદીક કઠણ કાળમીંઢ આકૃતિઓ તો કદીક સંસારભારે ચંપાએલી મ્લાન કે ત્રસ્ત મૂર્તિઓ નિર્માણ પામી છે. કવિ પોતાના આકારોમાં આક્રંદ, હાસ્ય કે તોફાન ઉપજાવી શક્યા છે. તેમનાં ચિત્રોમાં

રચનાબંધ અનુપમ છે, અને તેમના ભાવ તથા કલ્પનાશક્તિને તે પૂર્ણ સાનુકૂળ બન્યા છે.

ચિત્રરચનાની ચાલુ પરંપરાથી તદ્દન અલિપ્ત એવી કવિશ્રીની આ પ્રવૃત્તિ વિચાર, ઊર્મિ, ભાવના અને અનુભૂતિના અગોચર પ્રદેશને પ્રકટ કરે છે. તેમના મનની લીલા પ્રત્યક્ષ કરતી એ કૃતિઓનો પરિચય કરી આપણે તેમની અભિવ્યક્તિનો પ્રસાદ અનુભવીએ.

(આકાશવાણીના સૌજન્યથી) —રવિશંકર મ. રાવળ

There are seekers of wisdom and seekers of wealth,



I seek thy company so that I may sing

રવિબાબુનાં ચિત્રો પહેલી નજરે જોતાં તો કાંઈક ક્ષોભ ઉપજાવે એવાં છે એમ કહીએ તો ચાલે. જર્મન કવિ ગોયટે હમેશાં કહેતો કે સ્થાયી સૌંદર્ય પહેલાં તો ક્ષોભ જ ઉત્પન્ન કરે. એ પ્રમાણે રવિબાબુનાં ચિત્રો જોઈ પ્રથમ તો એક જાતની આકુળતા ઉત્પન્ન થાય છે. પછી જરા બારીકીથી જોતાં તરત જણાય છે કે કવિશ્રીનાં એ અનેરાં રંગકૌશલ્ય તથા ચિતરામણની પાછળ એક નવી જ વિચારશૈલી રહેલી છે. લિયોનાર્ડો દા વિન્ચીની 'મૉના લિસા'નું ગૂઢ હાસ્ય જેમ સ્મરણમાં રહી જાય છે તેમ રવિબાબુનાં ભિત્રણ ચિત્રો–બેએક સ્ત્રીચિત્રોના ભંગ, તેમના ચહેરાની ખિન્નતા, એમનો વિષાદ માનસસૃષ્ટિમાં સ્થાયી રૂપે રહી જાય છે.

રવિબાબુનાં ચિત્રો જોઈ સાધારણ વર્ગ હમેશાં એક જ સવાલ પૂછે છે: 'આ શું છે?' એનો જવાબ સહેલો તેમજ કઠણ છે. કવિતાની પેઠે ચિત્રનું પણ પ્રધાન અંગ કિસ્સાકહાણી નથી. એ ચિત્રોની ઉત્પત્તિ રસભરી કલ્પનાના ઊંડાણમાં છે. સ્થૂલ વિષય કે વાર્તા તો તેમાં ગૌણરૂપે રહેલાં હોય. જેમ નૃત્યમાં તાલબદ્ધ શરીરભંગ ને હાવભાવ પ્રધાનપદે હોય છે, તે જ રીતે ચિત્રની ખરી સુંદરતા એના કલ્પનામિશ્રિત આલેખનમાં રહેલી છે. એ આલેખનમાં જ્યાં પરિચિત વિષયો કે સંજ્ઞાઓનો અભાવ હોય ત્યાં દર્શકને સમજતાં મહેનત પડે છે. પાશ્ચાત્ય સંગીત આપણા અપરિચિત કાનને ઘણી વખત બહુ જ કટુ લાગે છે ને યુરોપીઅનોને આપણું સંગીત નર્યો શોર જ લાગે છે, એનું કારણ એ સંગીતમાં ગુણોનો અભાવ નહિ, પણ સાંભળનારની અણવિકસેલી રસેન્દ્રિય જ છે. તેવી જ રીતે રવિબાબુનાં ચિત્રોનું પણ છે.


—નાનાલાલ ચમનલાલ મહેતા





ડાબી બાજુ નીચે: 'થાકેલા યાત્રીઓ'; મથાળે: 'ચાંદનીમાં પ્રેમીઓ'; નીચે: 'હરિણ'. એમની ચિત્રકળાની શરૂઆત ગીતો લખતાં-લખતાં થતી છેકાછેકીમાંથી થઈ. એ છેકાને એમની લલિત રસવૃત્તિ વેલપત્તીના સુરુચિભર્યાં આકારો આપી દેતી. (જુઓ સામેના પાને)







આ કૉલમને મથાળે: 'પંખી'
સામા કૉલમને મથાળે: 'વેદનામૂર્તિ'
સામે: 'એક આકૃતિ'
સામા કૉલમને છેડે: 'એક વાર્તાનું પાત્ર'




નિસર્ગમાં જે રૂપો અસ્તિત્વ ધરાવે છે તેનું આ ચિત્રોમાં સજ્ઞાન અનુકરણ નથી. કોઇ ચોક્કસ પ્રકારનું રૂપ અગર આકૃતિ દોરવાની હેતુપુરઃસર ધારણા વિના, સર્જાઈ આવેલી આકસ્મિક આકૃતિઓ એ છે. પીંછીનું કાગળ ઉપરનું એ ફરતું બહારથી ભલે હેતુશૂન્ય હોય, પણ ખરી રીતે તો કોઇ તાલબદ્ધ આકારોના ગૂઢ સૌંદર્યની શોધમાં ભમતી અર્ધ-ચેતનાની-સ્વપ્નમાનસની પ્રેરણાનાં દોર્યાં જ એ ચિત્રો આલેખાય છે. એનાં ગુણલક્ષણની તુલના, સૃષ્ટિના આકારોની સાથે એની સરખામણી કરીને નહિ, પણ તેમના વાંકવળાંકની નિગૂઢ તાલબદ્ધતા, તેમની રેખાઓની સંવાદિતા અને આકૃતિઓની અપ્રતિરૂપતાથી જ થઈ શકે.

જ્યારે માનવીની બુદ્ધિશક્તિઓ નિદ્રાધીન થાય છે ત્યારે સુપ્ત શક્તિઓ સચેત બને છે. એવી તદ્દન સ્વયંસહજ મનોદશામાં, વિબુધ સમયની અભાન મૂર્છનામાં કોઈ કલ્પનાદેશની પરીઓ ને ભૂતાવળો ખડી થઇને કો અગોચર સ્વપ્નભૂમિની મનોરમ કલ્પનાઓ અને રૂપદર્શનોની લલિત જાળી ગૂંથે છે. એવી નિમજ્જનદશાનાં આ ચિત્રો છે.

આ ચિત્રો ઇસ્લામી કલાની ભૌમિતિક અને અટપટી ગૂંથણીવાળી આકૃતિઓની પેઠે કેવળ સૂચનહીન નથી; ઊલટાં તે તો માનવ કે પ્રાણીની આકૃતિનો ભાસ આપી કાંઈક સૂચન કરતાં લાગે છે. રચનાત્મક આકૃતિઓ જ્યારે ગર્ભિત સ્થિતિમાં હોય છે ત્યારે અમૂર્ત હોય છે, પણ તેમાં અંગોની અધિકતા આપવાથી ક્વચિત કોઈ નૈસર્ગિક રૂપને મળતી છાયા આવતી જાય છે. આથી તે યથાર્થ અને કાલ્પનિક બંનેના મિશ્રણરૂપ બને છે, અને અંતે પેલા જાણીતા આકારની સ્મૃતિ પણ વિચિત્રરૂપવાળી અસ્વાભાવિક સ્વપ્નસૃષ્ટિમાં ડૂબી જાય છે. પક્ષી દોરવા તરફ પ્રેરાતી રેખા કોઈ વિલક્ષણ પુષ્પમાં પ્રકટી નીકળે, અગર કોઈ રેખાઓનાં આકસ્મિક જોડાણોમાંથી એકાદ વનપુષ્પ કે છીપ બનાવવા જતાં માનવરૂપને મળતી આકૃતિમાં પરિણમે! આમ આ વિલક્ષણ કલ્પનાવિહારી સર્જનો જ્ઞાત અને અજ્ઞાત રૂપોની વચ્ચે ટમટમી રહે છે.

જેઓ રેખારચનાનાં તાલયુક્ત તત્ત્વોને સમજવાને ટેવાએલા છે, જેઓ ગૂઢાકૃતિવાળી રચનાઓમાં રહેલા રોમાંચક થડકાટ અને તાર્કિક આકૃતિઓના ગતિમંદ લહેકા લેતા વાંકવળાંકનાં મંદમંદ સંગીતના જ્ઞાતાઓ છે, એવાઓને તો કવિની આ કાલ્પનિક ચિત્રરચનાઓમાં તાજગીભરી મોહકતા અને આકર્ષણ લાગશે. કલાકારને 'કુદરતી કુદરતી' ગણાઇને ચવાઈ ગએલા રોજિંદા આકારો ને અતિ ખેડાએલા પ્રચલિત માર્ગો છાંડી, તેનાથી પર જઈ, નવીન રૂપ તથા આકાર જન્માવવાનો હક્ક છે, એટલું જ નહિ પણ કુદરત સાથે સરસાઇ કરી રસલક્ષી સ્વપ્નોનાં વાતાવરણથી રંગાએલી નવીન કલ્પનાસૃષ્ટિ પણ તે ઉપજાવી શકે છે. એ કૃતિઓની કદર 'સૌંદર્ય ને તાલબદ્ધતા' સિવાયના બીજા કોઈ પણ ધોરણથી ન થઈ શકે. —અર્ધેન્દ્રકુમાર ગંગોપાધ્યાય



ડૉ. કૈલાસનાથ કાટજુએ ચલાવેલા ફોજદારી મુકદ્દમાઓ પૈકી એક વધુ રસમય કિસ્સો

ફાનસ

અનુવાદક
માણેકલાલ ગો. જોશી

બપોર પછીનો સમય હતો. કલકત્તામાં હૅરિસન રોડ પરથી પસાર થતો એક ગામડિયો જુવાન અટક્યો ને એક પોલીસ પાસે જઈ કહ્યું: 'પેલો સામેથી માણસ આવે છે, તેને જોયો?

'હા—' પોલીસે કહ્યું, 'કોણ છે એ?'

'એ ખૂની છે. તેણે એક માણસનું ખૂન કર્યું છે.'

'શા ઉપરથી કહે છે?'

'મારા કાકાએ મને લખી જણાવ્યું છે.'

'ક્યારે?'

'હમણાં થોડા દહાડા પહેલાં જ; એણે ગિરજાશંકરનું ખૂન કર્યું છે.'

પોલીસ આ સાંભળીને જરાક વ્યગ્ર બની ગયો. પહેલાં તો તેને ગળે વાત ઊતરી નહિ, પરંતુ આ માહિતી એટલી સાચી હતી કે તેની ઉપેક્ષા પણ કરી શકાય તેમ ન હતી. એણે જઇને પેલાના ખભે હાથ મૂક્યો અને ત્રણે જણા લાલ બજારની પોલીસ ચોકીએ પહોંચ્યા. ડેપ્યુટી કમિશનરે પેલો કાગળ જોવા માગ્યો. તેમાં અનેક ઘરગથ્થુ કૌટુંબિક વાતોને અંતે લખ્યું હતું કે 'થોડા દહાડા પર ગિરજાશંકરનું બાજપેયીએ(આ નામ કલ્પિત છે) ખૂન કર્યું હતું. અને મરનારનાં વખાણ કરતાં તેણે લખ્યું હતું કે 'ન્યાતમાંથી એક સિંહ જતો રહ્યો.' આ પરથી ડેપ્યુટી કમિશનરે બાજપેયીને લૉકઅપમાં રાખી ભજના જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને તારથી પૂછાવતાં તત્કાલ તેનો જવાબ આવ્યો 'અમે એની શોધમાં જ છીએ. એને તુરત અહીં મોકલી આપો.' તે મુજબ બાજપેયીને પોલીસ રક્ષણ નીચે તેના મૂળ જિલ્લામાં મોકલી આપવામાં આવ્યો.

અદાલતમાં મુકદ્દમો શરૂ થાય તે ગાળામાં સાક્ષીઓ સાથે વાતચીત કરતાં જણાયું હતું કે આ ખૂન પૂર્વયોજિત, ચોક્કસ ને ઇરાદાપૂર્વક ઘડવામાં આવેલું અને તે એક જ માણસનું કામ હતું. ખરેખર ખૂન થતું નજરે જોનાર સાક્ષીઓ હાજર હતા, એટલું જ નહિ, બલકે ખૂનના કારણની બાબતમાં તદ્દન નિષ્પક્ષપાત જુબાનીઓ પણ પડી હતી. વિગતે તપાસ કરતાં જણાયું કે ત્યાં બે પક્ષ હતા. એક પક્ષનો આગેવાન મરનાર ગિરજાશંકર હતો અને બીજા પક્ષનો આગેવાન જોડેના એક ગામનો જમીનદાર હતો, અને આરોપી બાજપેયી તેનો જમણો હાથ હતો. બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી ઝગડો ચાલ્યો આવતો હતો, અને બધા એ પણ જાણતા હતા કે બાજપેયી જ આ ઝગડાનું કારણ છે.

ગિરજાશંકરનું ખૂન થયું તેના છ માસ પહેલાંની વાત છે. એક દિવસ સાંજના સમયે ગામની બહાર આરોપી બાજપેયીને કેટલાક લોકોએ ઘેરી લીધો ને મારીમારીને અધમૂઓ કરી નાખ્યો. એ તો તેને પૂરો જ કરી નાખવા માગતા હતા. તેમણે માની લીધું હતું કે એ મરી ગયો છે, પણ તે ખૂબ હૃષ્ટપુષ્ટ મજબૂત બાંધાનો માણસ હતો, તેથી મોતના મોંમાં પહોંચીને પણ તે જીવતો બહાર નીકળી આવ્યો.

જેવો એ ભાનમાં આવ્યો તેવું જ તેણે ડાકટરો, કંપાઉન્ડરો, નર્સો અને તેને મળવા આવનાર દરેકને જણાવ્યું હતું કે ઇસ્પિતાલમાંથી રજા મળતાં જ સૌથી પહેલું કામ એ ગિરજાશંકરને મારી નાખવાનું કરશે. પણ આ દરમ્યાન તેણે સાંભળ્યું કે તેના શેઠે ગિરજાશંકર જોડે સમાધાન કરી નાખ્યું છે. એથી તો એ વધારે ભભૂક્યો.

બાજપેયીના જાસાની અડોશીપડોશીને તથા ગિરજાશંકરને પણ જાણ થઈ ગઈ હતી. તેણે પોતાના રક્ષણ માટે બે મોટા તગડા જેવા અંગરક્ષક રાખ્યા, જે ચોવીસે કલાક તેની સાથે રહેતા. રાતને વખતે પણ તેના ખાટલાની બન્ને બાજુએ પથારી કરીને સૂતા.

ગિરજાશંકરનું ઘર ડેલીબંધ હતું. ઘરની આગળ ઓશરી હતી, જેમાં બે બારણાં હતાં તે અંદરની બાજુએ મોટા ઓરડામાં ખૂલતાં હતાં. તે સમયે ગિરજાશંકરના કુટુંબમાં એક તો એ પોતે અને બીજો તેનો નાનો ભાઈ હતો, જે તાવે પડ્યો હતો. ત્રીજી તેની મા હતી. મા ને નાનો ભાઈ અંદરના ઓરડામાં સૂતાં. બે બારણાંમાંથી એકને રાતના સમયે થોડું અધખોલું રાખવામાં આવતું.

બન્ને અંગરક્ષકોએ આપેલી કેફિયત મુજબ ખૂનની રાતે મધરાત વીત્યા બાદ જોરથી કણસવાનો અવાજ થતો સાંભળી તેઓ જાગી ગયા અને આરોપી બાજપેયીને ગિરજાશંકરના ખાટલાને ઓશિકે ઊભેલો જોઇને થંભી જ ગયા. બાજપેયીના હાથમાં કુહાડી કે એવું જ કોઈ તીક્ષ્ણ હથિયાર હતું. ગિરજાશંકરનું માથું ધડથી જુદું થઇને પડ્યું હતું અને લોહીની ધારાઓ વહેતી હતી. ચારે તરફ મોતની નીરવતા ફેલાએલી હતી. ઓશરીના ઉત્તરાદા કિનારે લટકાવેલા એક ફાનસનું ઝાંખું અજવાળું એ દૃશ્ય પર પડતું હતું. જોકે એ રાત અંધારી હતી પણ ફાનસના અજવાળામાં બાજપેયીને તેમણે ઓળખી કાઢ્યો, પરંતુ તેઓ કાંઈ પણ કરી શકે તે પહેલાં તો એ નાસી છૂટ્યો.

તરત જ તેમણે બૂમાબૂમ કરી મૂકી. ઘરડી મા જાગી ગઈ ને ઓશરીમાં આવી. તેણે બાજપેયીને નાસતાં જોયો ને ઓળખી કાઢ્યો. બીમાર ભાઈ એક કે બે મિનિટ પછી બહાર આવ્યો. તેણે પણ ખૂનીને નાસતાં તો જોયો પણ તેને ઓળખી શક્યો નહિ. પંદર મિનિટની અંદર તો આખું ગામ જાગી ગયું. લોકો બધા એકઠા થઈ ગયા અને કેટલાકે તો કહ્યું કે તેમણે ખૂનીને નાસતાં જોયો છે ને તેમને ખાતરી છે કે એ બાજપેયી સિવાય બીજો કોઈ ન હતો. અરધા કલાકની અંદર જ પોલીસ થાણે આનો જે રીપોર્ટ લખી મોકલવામાં આવ્યો હતો તેમાં આ ગુનાના ગુનેગાર તરીકે આરોપીનું નામ લખવામાં આવ્યું હતું.

તરત જ બાજપેયીની શોધખોળ થવા માંડી, પણ તે ક્યાંય હાથ ન લાગ્યો. એમ કહેવામાં આવ્યું હતું કે તેણે ખૂબ જ સાવધાનીપૂર્વક આ ખૂનની યોજના ઘડી કાઢી હતી અને આ ગુનો કરી તરત જ ત્યાંથી દસ માઈલ દૂર આવેલા એક બ્રાંચ લાઈનના નાના સ્ટેશને પહોંચી ત્યાંથી તેણે કલકત્તાની ગાડી પકડી હતી.

ફરિયાદ પક્ષની જુબાનીઓ બધી રીતે પૂર્ણ હતી. કેટલા ય નજરે જોનાર સાક્ષીઓ હતા અને એમના મુદ્દા અંગે પણ મજબૂત પુરાવા હતા. આમ છતાં પણ એક બાકોરું રહી ગયું હતું અને તે આ નાટકીય મુકદ્દમામાં નાટકીય રૂપથી બહાર તરી આવ્યું હતું.

મરનાર ગિરજાશંકર તેના જિલ્લામાં એક અત્યંત પ્રભાવશાળી માણસ હતો. તેની ન્યાતના ઘણા માણસો એ જિલ્લામાં પ્રતિષ્ઠિત ગણાતા. એમાંથી એક આગેવાન વકીલ હતો, જેને આપણે અતુલબિહારીના નામે ઓળખીશું. એ જિલ્લા-કચેરીમાં વકાલત કરતો હતો. ખૂન થયાના બીજે દિવસે શબને પોસ્ટમૉર્ટમ માટે જિલ્લાના શહેરમાં લાવવામાં આવ્યું હતું. બપોર પછી ગિરજાશંકરના નાના ભાઈ તથા બીજાં સગાંઓએ મળી શબને અગ્નિસંસ્કાર કર્યો હતો અને સૂર્યાસ્ત બાદ ડાઘુઓ બધા અતુલબિહારીને ત્યાં એકઠા થયા હતા.

ત્યાં ઘણા માણસો હાજર હતા અને તેમાં થોડાક નવા વકીલો પણ હતા, જેઓ અતુલબિહારીની ઑફિસમાં કામ કરતા હતા. સ્વા-

ભાવિક જ તે વખતે દરેકને મોંએ આ ખૂનની જ વાત હતી. બીમાર ભાઈ સાવ બેભાન અને શૂન્યમનસ્ક જેવો બની આરામ ખુરશીમાં લાંબા પગ કરી સૂતો હતો. તેણે કહ્યું, 'આ તો કેવળ દુર્ભાગ્ય જ છે; નહિ તો જો મૂસી (બે અંગરક્ષકોમાંનો એક) એ રાતે રજા પર ગયો ન હોત, તો કોઇની તાકાત નથી કે ભાઇને આંગળી પણ અડકાડી શકે!' આમ છતાં પણ સેશન્સ જજની અદાલતમાં એ મૂસીએ એવી જુબાની આપી હતી કે પોતે ત્યાં હાજર હતો અને તેણે ખરેખર બાજપેયીને ગિરજાશંકરના ખાટલાને ઓશિકે ઊભેલો સગી આંખે જોયો હતો.

એ પછી બન્યું એવું કે ત્યાં જે નાના વકીલો હાજર હતા તેમાંથી એકને આરોપી બાજપેયીના વકીલ તરીકે રોકવામાં આવ્યો અને તેણે જ્યારે મૂસીને ઉપર જણાવેલી જુબાની આપતો જોયો, ત્યારે તે સાંજે અતુલબિહારીને ત્યાં બીમાર ભાઈએ જે શબ્દો કહ્યા હતા તેનું તેને સ્મરણ થઈ આવ્યું. તેણે તરત પોતાના અન્ય સાથી મોટા વકીલોને આ વાતની જાણ કરી. પરિણામે મૂસીની ઊલટતપાસ લેવામાં આવી અને તેને કહેવામાં આવ્યું કે એ રીતે તે ગિરજાશંકરના મકાનમાં હાજર નહોતો અને તેણે કાંઇ પણ જોયું ન હતું. પરંતુ તેણે એનો સાવ ઇનકાર કર્યો. અતુલબિહારીને ત્યાં પોતે એવું કાંઇ બોલ્યો હતો તેનો બીમાર ભાઈએ પણ ઊલટતપાસમાં ઇનકાર કર્યો. આ પરથી બચાવ પક્ષના વકીલે અદાલતને વિનંતી કરી કે આ બાબતમાં સાચું શું હતું તેની તપાસ માટે અતુલબિહારીને અદાલતમાં બોલાવવા. સેશન્સ જજે એ વિનંતી માન્ય રાખી અને અતુલબિહારીને જુબાની આપવા બોલાવવામાં આવ્યા. અતુલબિહારી ઘણા પ્રતિષ્ઠિત વકીલ ગણાતા હતા તેથી તેમની જુબાનીને સંપૂર્ણરીતે માનવામાં આવી. તેમણે તે સાંજે મૂસીની ગેરહાજરી બાબતમાં બીમાર ભાઈએ જે કાંઈ કહ્યું હતું, તે વાતનો સ્વીકાર કર્યો, પરંતુ સાથે જ તેમણે એમ પણ કહ્યું કે એ હકીકત પર કોઇએ ધ્યાન નહોતું આપ્યું, કેમકે તે વખતે એ નાનો ભાઇ ઘણો બીમાર હતો અને ભાઈના મૃત્યુના શોકને લીધે તેના મગજનું કાઇ ઠેકાણું નહોતું. શ્રી અતુલબિહારીએ એમ પણ કહ્યું કે તે વખતે ત્યાં જેટલા માણસો હાજર હતા તે બધાનો એવો ચોક્કસ નિર્ણય હતો કે આ ખૂન કરનાર બીજો કોઇ નહિ પણ બાજપેયી જ હતો.

સેશન્સ જજે મૂસીની આ ગેરહાજરી અંગેની હકીકતને બહુ વજન ન આપ્યું. તેમણે જે પુરાવા રજૂ થયા હતા તે બરાબર ને પૂરતા માન્યા. તેમણે બન્ને અંગરક્ષકોના જુબાની સાચી માની અને તેમણે એમ પણ જણાવ્યું કે તેઓ અતુલબિહારીની જુબાનીના પ્રત્યેક શબ્દને માન્ય રાખે છે, પરંતુ તેઓ માને છે કે ક્યાંક કાંઈક ભૂલ તો અવશ્ય થઈ છે. છતાં આરોપીને દેહાંત દંડની શિક્ષા તો ફરમાવાઈ જ હતી.

અપીલમાં આરોપી તરફથી હું હતો. મારા હમેશના નિયમ મુજબ આ મુકદ્દમા અંગેના એકેએક કાગળને ધ્યાનપૂર્વક ચકાસવામાં હું તલ્લીન બની ગયો. મારા અસીલને મેં ન તો તે વખતે કે ન તો પછીથી પણ જોયો હતો. તેણે અપીલની સુનાવણી વખતે હાજર રહેવા દેવાની રજા માગી નહોતી, તેથી અદાલતમાં પણ મેં તેને જોયો નહોતો. તેના તરફથી તેની બહેન બધું કામકાજ કરતી હતી. સામી બાજુએ મરનાર ગિરજાશંકરના કુટુંબીઓ તથા સંબંધીઓ આરોપી બાજપેયીના ગુના બાબતમાં એટલા તો શંકાશીલ હતા કે તેમણે સજા કાયમ રહે તે માટે સરકારી વકીલની મદદમાં ભારે ખર્ચે એક બહુ જ મોટા વકીલને પણ રોક્યા હતા.

જેમ જેમ હું મુકદ્દમાના કાગળો વાંચતો ગયો તેમતેમ વધારે ગૂંચવાતો ગયો. વસ્તુતઃ આમાં કાંઇ બહુ લાંબી દલીલોને અવકાશ નહોતો. માત્ર એક જ માર્ગ નજરે ચડતો હતો કે મુખ્ય મુદ્દાની બાબતમાં જે પુરાવા રજૂ કરવામાં આવ્યા છે તે ખોટા ઠરાવી આપવા અને પછી એમ જણાવવું કે આ આખો ય કિસ્સો ફરિયાદ પક્ષે કેવળ ઉપજાવી કાઢેલો છે.

એક બાબતમાં તો કોઇને જરા પણ સંદેહ નહોતો કે આરોપી બાજપેયી સિવાય બીજો કોઈ આ ખૂન કરી શકે તેમ નહોતો. આથી જોકે કોઈએ પણ ખરેખરીરીતે ખૂનીને ઓળખ્યો નહોતો, છતાં પણ સૌ કોઈ એવા જ નિર્ણય પર આવ્યું હતું કે ખૂની એ જ હતો.

આમ આ મુકદ્દમાને આ રીતે જોઇએ તો નજરે જોનારા સાક્ષી આપોઆપ જ ખોટા પુરવાર થઇ જતા હતા. બે અંગરક્ષકોમાંથી એકને તો ખૂનને બીજે દહાડે બીમાર ભાઇએ કહ્યા મુજબ અતુલબિહારીની જુબાનીના આધારે ગેરહાજર હતો તેમ પુરવાર કરી શકાતો હતો, અને બીજા અંગરક્ષક અને માતાની બાબતમાં તો આખી યે વાત ફાનસના અજવાળા પર આધાર રાખતી હતી. એ તો સૌ કોઇએ સ્વીકારેલી વાત હતી કે રાત અંધારી હતી, અને એમ પણ કહેવામાં આવ્યું હતું કે જે કાંઈ અજવાળું હતું તે માત્ર ફાનસનું જ હતું. આ ફાનસ જે બધો ય વખત ત્યાં હાજર હતું, ને ફરિયાદ પક્ષના સાક્ષીઓ આરોપીને ઓળખી શકે તે માટે ઊંચે લટકાવેલું સળગતું હતું! એના બેહૂદાપણા તરફ કોઇએ પણ ધ્યાન નહોતુ આપ્યું.

લોકો સામાન્ય રીતે અંધારામાં યા તો ખૂબજ ઓછા અજવાળામાં સૂવાનું પસંદ કરે છે. આ બનાવમાં ફાનસનો આવિષ્કાર એ કોઇ બહુ મુશ્કેલીભર્યું કામ ન હતું. ફરિયાદપક્ષે આખી હકીકતને ભારે યોજનાપૂર્વક રજૂ કરી હતી. એ યોજના અનુસાર મૂસી (અંગરક્ષક)ને ઘટનાસ્થળ પર લાવી શકાયો હતો, ને તેમાં ફાનસનો પણ વિચાર કરી શકાતો હતો. વસ્તુતઃ આખો મુકદ્દમો આ જ હતો.

આરોપીને બચાવવા માટે કેવળ એક જ માર્ગ હતો કે આ મુકદ્દમાને બને તેટલા સામાન્ય ઢંગથી રજૂ કરવો અને તેના ઊંડાણમાં ઝાઝું ઊતરવું નહિ, કેમકે તમે ઊંડાણમા જેટલા વધારે ઊતરો તેટલો આરોપી ઊંડાણમાં વધારે ડૂબતો જાય.

ઊનાળાની રજાઓ માટે જે દિવસે હાઇકોર્ટ બંધ થવાની હતી, બરાબર તે જ દિવસે આ અપીલની સુનાવણી નીકળી. મેં બહુ જ સામાન્યરીતે હકીકત રજૂ કરી અને પુરાવાની બાબતમાં હું ખાસ ચર્ચામાં ઊતર્યો નહિ. મારે જે કાંઇ કહેવાનું હતું તે મેં મૂસી અને ફાનસની હાજરી પર જ કેંદ્રિત કર્યું, અને દલીલો કરતાં જણાવ્યુ કે આ સંજોગોમાં કોઇને પણ ઓળખી કાઢવો એ સંભવિત નહોતું અને એવો પણ સંભવ નહોતો કે ખૂની આ રીતે બીજા તેને ઓળખી કાઢે તેટલો વખત ત્યાં ઊભો રહે ને પકડાઇ જવાનું કે ઓળખાઇ જવાનું જોખમ લે.

સિનિયર જજ મહત્ત્વની બાબતને તરત પકડી પાડતા હતા. તેમની સમક્ષ કોઇ વાત મરીમસાલા વિના સાવ સીધીસાદી રીતે મૂકવામાં આવતી તો એમને એ રીત બહુ ગમતી. મને લાગ્યું કે બન્ને જજો પર મારા કહેવાની અસર થઈ છે. હું બેસી ગયો. હું માનું છું કે મેં પૂરો એક કલાક પણ લીધો નહોતો. એ પછી ફરિયાદ પક્ષ તરફથી આનો જવાબ આપવા સરકારી વકીલ વતી પેલા મોટા વકીલ ઊભા થયા. તેમને થયું કે આ મુકદ્દમાને સાવ નજીવો ગણીને જજો ક્યાંક આરોપીને છોડી ન મૂકે. તેમણે જવાબમાં જણાવ્યું કે મેં આ મુકદ્દમાને વધારેપડતો સામાન્ય ગણી કાઢ્યો છે, માટે તેનું મહત્ત્વ બતાવવા ખાતર એક એક જુબાનીને ઝીણવટથી તપાસવી પડશે અને એમાં લગભગ ત્રણેક કલાક લાગશે. એ સાંભળી વિદ્વાન જજ કાંઇક નાખુશ થએલા જણાયા ને સિનિયર જજે તો એમ કહ્યુ પણ ખરું કે 'જો એમ જ હોય તો અદાલત ફરી બેસે ત્યાં સુધી સુનાવણી મુલતવી રાખીએ.' સંભવ

અજિત શેઠ

ગુજરાતમાં 'પ્રયોજિત' સંગીત ★

એક અવલોકન

ગુજરાતમાં સુગમ સંગીત અથવા પ્રયોજિત સંગીત•ની પરંપરા અતિ જૂની તેમજ બહુવિધ છે. પ્રયોજિત સંગીતનો ઇતિહાસ તપાસતાં સહેજે આપણી ગેય કવિતાનો ઇતિહાસ તપાસવો પડે એમ છે, કારણ કે ગીત અને સંગીત, શબ્દ અને સ્વર એ પ્રયોજિત સંગીતનાં મુખ્ય અંગ બની રહ્યાં છે.

ગુજરાતના સંગીતનો ઇતિહાસ તપાસતાં એક હકીકત સ્પષ્ટ જણાય છે કે આપણી ગેય કવિતાનો ઉપયોગ મુખ્યત્વે પ્રયોજિત સંગીત તરીકે જ થયો છે. યુગબળોને કારણે ખયાલ, ટપ્પા કે ઠુમરીમાં તેમજ અગાઉ ધ્રુપદ-ધમારની બંદિશમાં ગુજરાતી ગેય કવિતાનો ઉપયોગ બહુ ઓછો થયો હોય તેમ જણાય છે. ગુજરાતી કવિતામાં સંપૂર્ણ સામર્થ્ય હોવા છતાં ખુદ ગુજરાતમાં પણ દેવાશ્રયે કે રાજ્યાશ્રયે શાસ્ત્રીય સંગીતમાં 'ચીજ' તરીકે વ્રજ અથવા હિન્દી પદોનો જ બહુધા ઉપયોગ થયો છે. બાકી ગુજરાતી ગેય કવિતા તો પ્રયોજિત સંગીત તરીકે જ પાંગરી છે અને તેથી જ ગુજરાતી ગેય કવિતાનો ઇતિહાસ અને પ્રયોજિત સંગીત વાસ્તવમાં એક જ વસ્તુનાં બે પાસાં બની રહે છે.

પ્રયોજિત સંગીત એ બહુધા લોકસંગીત તેમજ શાસ્ત્રીય સંગીતમાંથી જ પ્રેરણા પામ્યું છે. તેના પર લોકસંગીતના ઢાળોની અસર હમેશ રહી છે. આપણાં જ લોકગીતોમાંથી સારોદ્ધાર પામી માંડ, સારંગ, કલ્યાણ, કાફી, બિલાવલ, સોરઠ, ગુર્જરી, ખમાજ ઇત્યાદિ રાગસ્વરૂપો ઘડાયાં છે. તાલમાં મુખ્યત્વે દીપચંદી, હીંચ, કેરવો અને દાદરાનું ચલણ રહ્યું છે. લોકસંગીત અને તેનું માધ્યમ બનેલાં ગીતો, જીવનના જુદાજુદા પ્રસંગોએ સહજરીતે સ્ફુરેલી અભિવ્યક્તિ છે. સજાગ અને સભાન સર્જન એમાં પ્રવેશ્યાં નથી. પ્રયોજિત સંગીત અને લોકસંગીત વચ્ચેની સીમારેખા અહીં જ અંકાય છે.

પ્રયોજિત સંગીતનું મૂળ આપણે ત્યાં પ્રાચીન જૈન કવિઓએ રચેલા રાસ તથા ફાગુ સાહિત્યમાં છે. ત્યાર બાદ ચૌદમા સૈકાના ઉત્તરાર્ધમાં આપણે ત્યાં પદ-સાહિત્ય અને પદ-સંગીત ખીલવા લાગ્યાં. ધીરે ધીરે વૈષ્ણવ સંપ્રદાયનો મહિમા વધતાં તેમજ કવિ જયદેવના ગીતગોવિંદની જબ્બર અસરમાં આવતાં ગુજરાતમાં આ પદ-પ્રકાર વધુ ખીલ્યો. પદ નાનું પણ હોય અને પ્રસંગવર્ણન કરતું મોટું પણ હોય. સરળ લયમાં વહી જતાં આ પદોમાં ગાનાર ભજનિક પંક્તિઓને અલગ અલગ સ્વર-વિસ્તારમાં સાધારણતઃ દોહરાવે છે. એ પદ-સાહિત્યના વિશેષ પુરસ્કર્તા હતા નરસિંહ મહેતા. તેની સાથે મીરાં પણ પદસાહિત્યમાં ચિરંજીવ છે. મીરાં અને નરસિંહ જેટલાં લોકહૈયે જીવંત રહ્યાં તેટલાં કોઈ રહ્યાં નથી. તેનું મુખ્ય કારણ છે તેમનાં પદોમાં રહેલું સંગીત. તેમનાં પદોમાં રહેલી ગેયતાએ તેમને લોકહૈયે ચિરંજીવ સ્થાન આપવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. તેમનાં ભજનો તેમજ પદોને લોકગીતો જેટલો જ આદર મળ્યો છે તે તેમની આગવી સિદ્ધિ કહેવાય.

નરસિંહ બાદ અખા, ધીરા, ભોજા, દયારામ અને પ્રેમાનંદ પર્યન્ત પદપ્રકાર વહેતો રહ્યો. અનેક ઢાળોમાં ગવાતાં આ પદોમાં હીંચ, કેરવો, ત્રિતાલ, દાદરા, ઝપતાલ, રૂપક અને દીપચંદી તાલો વિશેષતઃ વપરાતા. સાજમાં એકતારો, તંબૂર, પખવાજ, ઢોલક, મંજીરાં અને કરતાલ રહેતાં. પદો સિવાય ગરબીઓ પણ આપણાં પ્રયોજિત સંગીતનો એક મહત્ત્વનો સ્તબક છે. દયારામે આ પ્રકાર ઘણો ખીલવ્યો. ગરબી ઉપરાંત આખ્યાન

★

•સુગમ સંગીતને નામે ઓળખાતું સંગીત વસ્તુતઃ વ્યાવહારિક સંગીત જ છે. એની સુગમતા એની વ્યાવહારિકતાને લીધે જ છે. સુગમતા મને એનું એક આનુષંગિક અંગ જ લાગી છે; એટલે સંગીતના આ પ્રકારનો મેં 'પ્રયોજિત સંગીત'–applied music તરીકે જ ઉલ્લેખ કર્યો છે.

આ લેખના પૂર્વાર્ધમાં સ્વ. રામનારાયણ પાઠક તથા શ્રી રમણલાલ મહેતાનાં લખાણોની સહાયતા લીધી છે.

પ્રથમ અખિલ ગુજરાત સુગમ સંગીત સંમેલન

મુંબાઈના ભારતીય વિદ્યાભવનની પ્રવૃત્તિના એક અંગ સમા કલાકેન્દ્રને આશ્રયે તેના સુગમ સંગીત વિભાગે ગયા વર્ષની ૧૧મી ડિસેંબરે સુગમ સંગીત વિશે એક પરિસંવાદ, ને ૧૨મીએ સુગમ સંગીતનો કાર્યક્રમ યોજ્યા હતા. એ પ્રસંગે વડોદરા, અમદાવાદ, ભાવનગર અને ભુજ (કચ્છ)થી ખાસ કલાકારોને આમંત્રવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે શ્રી ક.મા. મુનશીએ પરિસંવાદની બેઠકનું ઉદ્‌ઘાટન કર્યું. સર્વશ્રી બાદરાયણ, જિતુભાઈ મહેતા, નીનુ મઝુમદાર, અવિનાશ વ્યાસ અને અજિત શેઠે એમાં ભાગ લીધો. ફિલ્મક્ષેત્રે જાણીતા સંગીત દિગ્દર્શક શ્રી વસંત દેસાઇએ પરિસંવાદની બેઠકનું પ્રમુખસ્થાન લીધું હતું. વક્તાઓમાં શ્રી અજિત શેઠ અને શ્રી અવિનાશ વ્યાસે નિબંધો વાંચ્યા; શ્રી નીનુ મઝુમદારે 'સંગીત' સામયિકમાં પ્રગટ થએલો પોતનો વિસ્તૃત હિંદી લેખ વાંચ્યો; જ્યારે શ્રી જિતુભાઈ પ્ર. મહેતા અને શ્રી બાદરાયણે પોતાના વિચારો રજૂ કરેલા. મૂળે જોકે પરિસંવાદમાં ભાગ લેનારા તેમજ યોજકો સુગમ સંગીતની વ્યાખ્યા વિષે એકમત જણાયા નહિ; પણ એ સર્વમાં અજિત શેઠનો નિબંધ સુગમ સંગીતની પાર્શ્વભૂમિકા સમજાવતો તથા એ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરવાની આશાનો સૂર કાઢતો જણાયો. એ આ સાથે પ્રકટ થાય છે.

જોકે સુગમ સંગીતની આખી ય ભૂમિકા હજી પ્રયોગાત્મક દશામાં છે, છતાં એણે જો પોતાની કોઈ નવી પરંપરા સર્જવી હશે તો પાશ્ચાત્ય સંગતનો આશરો લઇ કંઇ નવું આપવા માગીએ છીએ એવું કહ્યે ય નહિ ચાલે; કે શાસ્ત્રીય સંગીતમાંથી જ પ્રેરણા લીધા કરવાથી કોઈ સ્પષ્ટ દિશા નહિ સાંપડે; તેમ માત્ર લોકસંગીતની તરજો જ તરખાટ નહિ મચાવી શકે. વળી રવીન્દ્ર સંગીતની પ્રગાઢ અસર એનું સ્વતંત્ર વ્યક્તિત્વ નહિ વિકસવા દે. આ ચારે ય પદ્ધતિઓના સમુચિત યથાર્થ પ્રયોગો થવા ઘટે.

છેલ્લા કેટલાક મહિના થયાં મુંબાઈની 'કવિલોક' સંસ્થા ને વિદ્યાભવનનો સુગમ સંગીત વિભાગ નિયમિત બેઠકો યોજે છે અને ગીતના ભાવ–વિભાવને યથાર્થ રીતે સંગીતરૂપ મળે તે વિશે ચર્ચાવિચારણા કરે છે એ નોંધપાત્ર પગલું છે. આટલા વિશાળ ધોરણે કલાકારોને રજૂ કરવાની હામ ભીડવા બદલ સુગમ સંગીતના ઉપાસકો ને સંચાલકો શ્રી અજિત શેઠ, શ્રીમતી નિરૂપમા શેઠ અને શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયને અભિનંદન.

સુનીલ કોઠારી

તેમજ માણભટ્ટનો ફાળો પણ પ્રયોજિત સંગીતના પ્રવાહમાં નોંધનીય છે. આ પ્રકારમાં પ્રેમાનંદની સિદ્ધિ અજોડ હતી. અનેક રાગોની બંદિશ કડવાંઓમાં કરાતી. આ સિવાય આપણાં મંદિરોમાં પણ પ્રયોજિત સંગીત સારું સચવાયું છે. હવેલીના સંગીતની પરંપરા તથા કથાકીર્તનની શૈલીએ પણ પ્રયોજિત સંગીતને વેગ આપ્યો.

આ મધ્યકાલીન પ્રયોજિત સંગીતના સર્વ પ્રકાર—પદ, ગરબી, આખ્યાન તેમજ હવેલી-સંગીત—ની સ્વરબંદિશમાં તેમજ ઘણે સ્થળે કથાભાવમાં એકવિધતા જણાય છે. તેનું મુખ્ય કારણ એ છે કે ફાગુ-સાહિત્યથી તે છેક દયારામ સુધીના કવિઓની અંગત ઊર્મિઓ કૃષ્ણ-રાધાના પ્રતીક (symbol) દ્વારા જ વ્યક્ત થઈ છે. કાવ્ય-અભિવ્યક્તિની આ મર્યાદાઓએ સંગીતની અભિવ્યક્તિ પર પણ દેખીતી અસર કરી છે.

અર્વાચીન યુગનો આરંભ થતાં નવી ભાવનાઓનો, નવા વિષયોનો ઉદય થયો, કાવ્યનાં સ્વરૂપો બદલાયાં. પ્રયોજિત સંગીતે પણ એને અનુકૂળ પરિવર્તનો અપનાવ્યાં સ્વાનુભવને ગેયસ્વરૂપે ગુજરાતમાં પ્રથમ વાર અભિવ્યક્ત કરનાર હતા કવિ નર્મદ. નર્મદે ગીતોમાં નવો ઉપાડ આપ્યો, નવી બંદિશ આપી. સ્વદેશભક્તિનાં ગીતો તથા કૂચગીતોના પ્રથમ પ્રયોગો ગુજરાતમાં તેણે કર્યા. સાહિત્યમાં જ નહિ પણ પ્રયોજિત સંગીતમાં પણ ગેય કાવ્યસ્વરૂપને અર્વાચીન દેહ દેનારાઓમાં નર્મદ આદ્ય છે. મણિલાલ નભુભાઈ, હરિલાલ ધ્રુવ, નરસિંહરાવ વગેરેએ અર્વાચીન ગેય કવિતામાં અવનવા પ્રયોગો કર્યા. પ્રયોજિત સંગીતના આમ બદલાતા કલેવરમાં એક જબરદસ્ત ઉત્ક્રાન્તિ લાવનાર હતા કવિકુલગુરુ નાનાલાલ. 'શિષ્ટવાણીના સર્વોત્તમ ગીતવિધાયક' નાનાલાલમાં સાહિત્ય સાથે સંગીતની સમજનાં ઊંડાં દર્શન જણાય છે. તેમનાં ગીતો જાણે કોઈ સંગીતકારે જ ન ઘડ્યાં હોય તેટલાં ગાવામાં સરળ છે. નાનાલાલ બાદ ગુજરાતમાં ગેય કવિતાનો ઝડપી વિસ્તાર થયો. ગેય કાવ્યનાં સર્જન બાદ સંગીતનું પ્રયોજન સરળ બને તે માટે કવિઓમાં કાળજી પેદા થઈ. ખબરદાર અને લલિતજી, બોટાદકર અને ત્રિભુવન વ્યાસ, પાઠક સાહેબ અને મેઘાણી, સ્નેહરશ્મિ અને બાદરાયણ, ઉમાશંકર અને સુંદરમ્, બાલમુકુન્દ અને વેણીભાઈ, રાજેન્દ્ર અને નિરંજન, પિનાકિન અને પ્રિયકાન્ત વગેરેએ અનેક સફળ ગીતો આપ્યાં. સંગીતની સમજ ધરાવતા કવિઓની જરૂર વધતાં કેટલાક સંગીતકારોએ કાવ્યક્ષેત્રે પદાર્પણ કર્યું, જેમાં અવિનાશ વ્યાસ અને નિનુ મઝુમદાર ઉલ્લેખનીય છે.

અર્વાચીન પ્રયોજિત સંગીતના પ્રવાહમાં ધંધાદારી રંગભૂમિનાં ગીતોનો ફાળો પણ નોંધનીય છે. વાસ્તવમાં અર્વાચીન પ્રયોજિત સંગીતનું ઘડતર અને તેનો પ્રચાર દેશી નાટકો દ્વારા જ થયો છે. દેશી નાટકોમાં રજૂ થતાં ગીતોની બંદિશમાં ગુજરાતી ઢાળો, ગુજરાતી લોક-સંગીત, ભજનવાણી તેમજ ભવાઈ-સંગીત સારાં સચવાયાં છે. તદુપરાંત શાસ્ત્રીય સંગીતને સરળરીતે રજૂ કરી લોકભોગ્ય કરવામાં દેશી નાટકોનો ફાળો મોટો છે. ઉર્દૂ ગઝલો તેમજ હિંદી ઢાળોને ગુજરાતમાં લાવવાની પહેલ કરનાર પણ દેશી નાટકો જ છે.

આગાઉ જણાવ્યું તેમ ગીતો વર્તમાન યુગની ભાવનાઓનાં સમર્થ વાહક બન્યાં. જેમ ગીતોએ યુગનો ધ્વનિ ઝીલ્યો તેવી જ રીતે ગીતના સંગીતે પણ સમય સાથે તાલ મેળવ્યો. પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હેઠળ સામાજિક, રાજકીય તેમજ નૈતિક મૂલ્યોમાં ક્રાન્તિ આવી, અને તેની અસરમાંથી પ્રયોજિત સંગીત પણ બચ્યું નહિ. પશ્ચિમની અસરમાંથી પ્રયોજિત સંગીતના સ્વરૂપ તથા ઘડતરમાં સમૂળી ક્રાન્તિ આવી. આ ક્રાન્તિનાં કેટલાંક આંતરિક બળોની વિચારણા આપણે આ પૂર્વે કરી. તે ઉપરાંત કેટલાંક બાહ્ય પરિબળોની અસર પણ નોંધવી રહી.

(૧) પ્રથમ તો વૈજ્ઞાનિક યુગમાં વિશ્વ નાનું થતું ગયું. અન્ય દેશો તથા પ્રાન્તો નજીક આવ્યા. પ્રાન્તોની કલા-અને સંસ્કારોનો વિનિમય શરૂ થયો. એક પ્રાન્તના પ્રયોજિત સંગીતની પ્રગતિ તથા તેના લોક-ઢાળોએ અન્ય પ્રાન્તોને પણ સ્પર્શ્યા.

(૨) પશ્ચિમની સંસ્કૃતિ અને કલાની પણ અસર થઈ. સમૂહવાદન (orchestrization)નો ઉપયોગ ગીતસંગીતમાં શરૂ થયો.

(૩) વૈજ્ઞાનિક યુગે સંગીતને બે અભિનવ માધ્યમ ભેટ આપ્યાં: એક ધ્વનિપ્રસાર–Amplification અને બીજું ધ્વનિમુદ્રણ–Recording. (અ) માઇક્રોફોન, (બ) રેકોર્ડ, (ક) રેડિયો અને (ડ) ફિલ્મ એ વૈજ્ઞાનિક યુગની સંગીતને દેણગી છે.

(અ) **માઇક્રોફોન**થી ગાયકીની ટેકનિકમાં ધરમૂળ ફેરફાર થયો. અત્યાર સુધી અવાજમાં બુલંદીને અપાતું મહત્ત્વ તૂટ્યું. ગાયકીનો ઢંગ બદલવાની માઇક્રોફોને ફરજ પાડી. માઇકે હવે voice-culture (સ્વરસંસ્કાર), volume, tonal quality તેમજ delivery of words (શબ્દોચ્ચાર) જેવી બાબતોની સાધના કરવા ગાયકોને પ્રેર્યા.

(બ) **રેકોર્ડ:** ધ્વનિમુદ્રણથી સંગીતનો બહોળો પ્રચાર શક્ય બન્યો. ઇતર પ્રાંતો તેમજ વિદેશનું સંગીત સરળતાથી સંભળાતું થયું તેમજ સંઘરાયું. આ સાથે રેકોર્ડ સંગીતમાં સમયમર્યાદા અને પૂર્વ-આયોજનનું તત્ત્વ ઉમેર્યું. મર્યાદિત સમયમાં ગાયકને પોતાની કલા સચોટ રીતે રજૂ કરવાની ફરજ પાડી.

(ક) **રેડિયો:** પ્રયોજિત સંગીતના પ્રચારમાં તેમજ વિકાસમાં રેડિયોનો ફાળો મોટો છે. સંગીતરૂપકો, ગાયકોની બેઠકો, રેકોર્ડો તેમજ સંમેલનો દ્વારા નવોદિતોને પ્રોત્સાહન તેમજ અનુભવ મળ્યાં.

(ડ) **ફિલ્મ:** ફિલ્મક્ષેત્રે પ્રયોજિત સંગીતનો વિકાસ ઘણો ઝડપી તેમજ અતિ સમૃદ્ધ રહ્યો. સસ્તા અનુકરણના અપવાદોને બાદ કરતાં ફિલ્મી સંગીતે પ્રયોજિત સંગીતનો બહુ મોટો વિકાસ કર્યો. નવા પ્રયોગો કર્યા, નવી દિશા ઉઘાડી.

આમ પ્રયોજિત સંગીતના ઉગમ અને વિકાસ પર ઊડતી નજર નાખ્યા બાદ તેના બદલાતા સ્વરૂપ અને સ્તબક અંગે વિચારણા કરીએ:

(૧) કવિ: ફિલ્મી સંગીતે આપણને એ હકીકત પ્રત્યે સજાગ કર્યા છે કે કવિ અને સંગીતકાર ઉભયના પ્રગાઢ સંપર્કથી ગીત-સંગીત વધુ સચોટ બને છે. આ હકીકત ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે આપણા કવિઓએ સંગીતનો વધુ અનુભવ અને પરિચય કેળવવાની આવશ્યકતા છે. ગુરુદેવ રવીન્દ્રનાથની જેમ કાવ્ય-પ્રભુત્વ સાથે સંગીતનો તલસ્પર્શી અભ્યાસ આપણા કવિઓ માટે અનુસરણીય આદર્શ બનવો જોઇએ.


(૨) સંગીતકાર: એ જ રીતે, પ્રા૦ આર. સી. મહેતાના શબ્દોમાં કહું તો, 'સંગીતકારોમાં પણ કાવ્યની સમજ હોવી જરૂરી છે. કોઈક ગીતની લય પકડીને, તેના આકારઉકાર પકડીને રચેલા ગીત પર મૂળ ઢાળ લાદવાની જબરદસ્તી ન થવી જોઇએ. કેટલી યે વાર ગીતગાયક તથા સંગીતવિધાયકને હાથે ભાષાના અર્થનું ખૂન થતું જોવામાં આવે છે. આ ન થવું ઘટે. સંગીતકારે ગીત તથા ભાષામાં પણ જાગૃત થવું પડશે.'

(૩) જૂની પરંપરાની ઘરેડમાં વહેતું આવતું આપણું ગીત-સંગીતનું કલેવર બદલાઈ રહ્યું છે. તેનો ફલક વધુ વિશાળ બનતો જાય છે. લોક-સંગીત તેમજ શાસ્ત્રીય સંગીતની સાથેસાથે હવે સમૂહવાદન orchestrizationની સૂઝ આવશ્યક બને છે. અગાઉ ગીતોના ભાવોમાં બે જ 'broad' ભાવ સાધારણતઃ રહેતા—સુખાન્વિત ને દુઃખાન્વિત. છેલ્લાં પચાસ વર્ષમાં આ ભાવોની અભિવ્યક્તિમાં જટિલતા વધી છે. તેની સાથે સ્વરના નિયોજનમાં પણ વૈવિધ્ય આવતું રહે.

(૪) નૃત્યસંગીત: છેલ્લી પચ્ચીસીમાં આપણે (અનુ. પૃ. ૧૬૭)

ખોરાક પર રુચિ ઉપજાવનાર અને ભૂખ લગાડનાર તથા પાચક અને દસ્ત સાફ લાવનાર

શક્તિ અને પુષ્ટિદાતા ખાદ્ય ગરીબની કસ્તૂરી



ડુંગળી અને લસણ

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બધાં કંદમૂળોમાં વિશિષ્ટ સ્વાદ ને સોડમ ધરાવતાં લસણ ને ડુંગળી દુનિયાભરમાં ખવાય છે. તેમાં યે ડુંગળી તો એટલી સર્વપ્રિય છે કે તેની ઘણી જાતો નિપજાવાઈ છે.

ડુંગળી ઘણા પ્રાચીન કાળથી જાણીતી છે. સંસ્કૃતમાં તેને 'પલાન્ડુ' ગુજરાતીમાં 'કાંદા' ને 'ડુંગળી' તથા હિંદીમાં 'પ્યાજ' કહે છે. આદ્ય આહારશાસ્ત્રી ચરક અને સુશ્રુતે એના ગુણદોષ વર્ણવ્યા છે તો પ્રાચીન ગ્રીક ઇતિહાસવેત્તા હીરોડોટસે પિરામિડો બાંધનાર કડિયા-મજૂરોના ખોરાકમાં લસણ, ડુંગળી ને ગાજર હોવાનો ઉલ્લેખ કર્યો છે. પશ્ચિમી વૈદકશાસ્ત્રના પિતા લેખાતા હિપોક્રેટ્સ ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં ડુંગળી છૂટથી ખવાતી હોવાનું લખે છે અને રોમન વૈદકશાસ્ત્રી ગૅલને (ઈ.સ. ૧૯૩) પણ ડુંગળીને બહુ મહત્ત્વ આપ્યું છે. બળ અને શક્તિદાતા ખોરાક તરીકે રોમન સિપાહીઓ ડુંગળીનો ઘણો ઉપયોગ કરતા અને આવા જ ગુણો માટે આપણે ત્યાં પણ શ્રેષ્ઠ લેખાતી ડુંગળીની શાખ 'કાંદો તો મર્દનો બાંધો' એ જૂની લોકોક્તિમાં સ્પષ્ટ થાય છે.

પોષક તત્ત્વો

કંદમૂળનાં મૂળ અને થડમાં જે સ્ટાર્ચ તથા શર્કરા રહેલાં હોય છે તે ડુંગળીના દેહમાં રૂપાંતરિત પાંદડાંમાં હોય છે. તેમાં સ્ટાર્ચનું પ્રમાણ બટાટા કરતાં અરધું છે. કાંદામાં કૅરોટિન લગભગ બિલકુલ નથી હોતું, પણ વિટામિન 'બી' અને 'સી' તેમાં છે. બધાં કંદમૂળ ભોંયમાં થતાં હોવાથી તે ક્લોરોફિલ-વિહિન હોઇને એમાં ઍસ્કૉર્બિક ઍસિડ (એટલે કે વિટામિન 'સી') તદ્દન જૂજ હોવાનું આપણે ધારીએ, પણ ૩ા ઔંસ મૂળામાં તે ૩૦ મિલિગ્રામ તો એટલા જ વજનનાં ગાજર ને ડુંગળીમાં ૧૦ મિલિગ્રામ જેટલું હોય છે. નાના કરતાં મોટા કાંદામાં વિટામિન 'સી' વધારે હોય છે. હા, રાંધવામાં ડુંગળી ને લસણના ૪૦ થી ૫૦ ટકા વિટામિન 'સી'નો નાશ થાય છે; પણ શિયાળામાં ખવાતી લીલી ડુંગળી વિટામિન 'સી'નું જેવુંતેવું સાધન નથી.

વળી કાંદામાં સોડિયમ, પોટાસ્યમ, લોહ, મૅગ્નેશિયા અને કૅલ્સ્યમ સહિતના અગત્યના બધા જ ક્ષારો મિત પ્રમાણમાં રહેલા છે. ઉપરાંત એલાઈલ સલ્ફાઇડ નામનું ગંધકનાં સંયુક્ત દ્રવ્યો ધરાવતું ઉગ્ર, ઊડી જાય તેવું તેલ પણ છે. ડુંગળીની તીવ્ર અને વિશિષ્ટ ગંધ એને જ આભારી છે અને કાંદા સમારતાં આંખમાં પાણી ભરાય છે તે એ તેલની ઝેણ ઊડવાને કારણે. ડુંગળીની ત્રણ જાતો જાણીતી છે: ધોળી, લાલ ને જંગલી. લાલ ડુંગળીમાં લોહ વધારે છે અને સ્વાદમાં તીખી હોય છે, જ્યારે ધોળી ડુંગળી મુકાબલે મોળી ને મીઠી લાગે છે ને સાથોસાથ તે વધુ ગુણદાયી હોવાનું મનાય છે. સૂરણ, રતાળુ ને બટાટાની જેમ ડુંગળી પણ લાંબા સમય સુધી સંઘરી શકાય છે. લીલોતરી શાકમાં માત્ર કોળું (લાલ ને ભૂરું) આવી રીતે લાંબા સમય સુધી સારું રહે છે.

ગુણવર્ણન

સુખી માણસો માટે ડુંગળી સ્વાદ અને શોખનો આહાર છે પણ શ્રમજીવી ગરીબોના માટે તો તે દૂધ, ઘી, તેલ, ગોળ ને શાકની અવેજમાં લેવાતું શક્તિ અને પુષ્ટિદાતા ખાદ્ય છે. ડુંગળીના ડચકા સાથે રોટલાનું બટકું ગળે ઉતારનાર લોકોને ડુંગળી બળવાન અને મજબૂત બનાવનાર છે. ખોરાક ઉપર રુચિ ઉપજાવનાર અને ભૂખ લગાડનાર છે. વળી તે પાચક છે અને તેમાં કાષ્ઠક દ્રવ્યો હોવાથી દસ્ત સાફ લાવનાર છે. ટૂંકામાં ડુંગળી એટલી બધી ગુણદાયી છે કે 'રોજ ખાય કાંદો તે કદી ના પડે માંદો' એવી કહેવત વપરાશમાં આવી છે. આ કહેવત પોલા વખાણમાંથી નથી જન્મી, પણ અનુભવ અને વૈદ્યકીય શોધખોળોનું તેને સમર્થન છે. રાત્રે કાચી ડુંગળી ખાવાથી મોઢાની ચિકાશ દૂર થાય છે, અવાળાં ચોખ્ખાં બને છે ને સવારે મળ સાફ આવે છે. ડુંગળીના જંતુવિનાશક ગુણોને લીધે આંતરડાંનો સડો ઘટે છે.

હવે આપણા આદ્ય આહારશાસ્ત્રી આયુર્વેદાચાર્યોની દૃષ્ટિએ ડુંગળીના ગુણદોષ જોઇએ: મહર્ષિ ચરક ડુંગળીને 'કફવર્ધક, વાયુનાશક, પિત્તને નહિ હરનારી, બળકારક, ભારે, વૃષ્ય (ટૉનિક) અને રુચિકર' કહે છે (સૂત્રસ્થાન: ૨૭-૧૭૨). મહર્ષિ સુશ્રુત લખે છે કે 'ડુંગળી અત્યંત ઉષ્ણવીર્યવાળી નથી. તે વાયુને હણે છે, તીક્ષ્ણ છે, ભારે છે. અત્યંત કફ કરતી નથી. બળ આપનારી છે. કંઈક પિત્ત કરનારી છે ને અગ્નિને વધારનારી છે. લીલી ડુંગળી સ્નિગ્ધ, રુચિ આપનારી, ધાતુને સ્થિર કરનારી, બળ આપનારી, બુદ્ધિને વધારનારી, કફ કરનારી ને પુષ્ટિદાયક છે. સફેદ ડુંગળી સ્વાદિષ્ટ છે, ભારે છે ને રક્તપિત્ત ઉપર સારી છે.' (સૂત્રસ્થાન: ૪૬-૧૪૭). ભાવમિશ્ર કહે છે 'ડુંગળી પાક તથા રસમાં મધુર છે, ગરમ નથી, કફ કરનારી છે, બહુ પિત્ત કરનારી નથી, બળ તથા વીર્યની વૃદ્ધિ કરે છે, ભારે છે, કેવળ વાયુને મટાડે છે (હરીતક્યાદિવર્ગ).' વાગ્ભટ્ટ ડુંગળીના ગુણ લસણના કરતાં ઊતરતા કહે છે. તે 'કફકર્તા છે, બહુ પિત્તકારી નથી, અને તેનો શેક કરવાથી તથા ખાવાથી કફ, વાયુ તથા હરસને પથ્ય' હોવાનું તે વર્ણવે છે.

ડુંગળી ત્રણે ઋતુમાં સરખી ગુણકારી છે. શિયાળામાં મધુર સ્નિગ્ધ અને ઉષ્ણ ખોરાક પથ્ય ગણાય છે, તો ડુંગળીમાં એ બધા જ ગુણો રહેલા છે. ઉનાળામાં પિત્તનું શમન કરવા ખાટા ને મધુર રસની જરૂર છે; અને ડુંગળીનો વિપાક મધુર હોઈ કાચી કેરી સાથે તેનું કચુંબર હિતકારી છે. શેરડીના સરકા સાથે પણ ડુંગળીની કચુંબર મિષ્ટ લાગે છે. કેરી ને કાંદાના કચુંબરથી ઉનાળાની લૂમાંથી રક્ષણ મળવાની દૃઢ માન્યતા છે. ચોમાસામાં ખાટો, ખારો ને તીખો રસ પથ્ય છે, એટલે એ ઋતુમાં મીઠા ને દહીં સાથે ડુંગળીનું કચુંબર વર્ષાઋતુના મંદાગ્નિમાં ફાયદો કરે છે. ડુંગળી મૂત્રલ છે અને તેમાં રહેલા ખનિજ પદાર્થોને લીધે એનો પરિપાક અલ્કગુણયુક્ત છે. રશિયન ડૉ. લાખોવસ્કીએ માત્ર રોટી અને ડુંગળીનો આહાર લેતા યહુદી સાધુઓનાં નિરીક્ષણથી સાબિત કર્યું છે કે ડુંગળીના આહારથી કૅન્સર થતું નથી.

આ તો ઠીક, પણ જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર, ખોરાક ઉપર રુચિ ઉત્પન્ન કરનાર, ભૂખ વધારનાર, શરીરને પુષ્ટિદાતા, સખત મજૂરી માટે તાકાત આપનાર અને શ્રમ પછીનો થાક ઉતારનાર, ડુંગળી ઉમર વધે તો પણ ઘડપણ ના દેખાય એવો વયસ્થાપનનો ગુણ ધરાવતી હોવાનું મનાય છે. મોંઘામાં મોંઘી કસ્તૂરી જેવા અદ્ભુત ગુણો ધરાવતી ડુંગળી ગરીબ પ્રજાને પણ આહાર માટે સુલભ હોવાથી એને ગરીબની કસ્તૂરી કહેવામાં આવે છે.

ઔષધીય મહત્ત્વ

વળી ડુંગળીમાં આમ એકલું આહારોપયોગી જ મહત્ત્વ છે એવું પણ નથી. એનામાં ઔષધીય ગુણો પણ છે. નાની-મોટી માંદગી વખતે તે ઘરગથ્થુ ઉપચારનું હાથવગું સબળ સાધન છે. ડુંગળીનો મોટો ગુણ ઊલટી બંધ કરવાનો છે. દર બે કલાકે એનો બેઅઢી તોલા રસ એટલા જ પ્રમાણના આદુના રસ સાથે પીવાથી કૉલેરાનાં ઝાડા-ઊલટી શમે છે. ધોળો કાંદો છૂંદીને સુંઘાડવાથી તમાકુની ઝેરી અસરથી આવતાં ચક્કર, હિસ્ટીરિયા, અપસ્મારની મૂર્છા અને પેટની આંકડી મટે છે. દૂઝતા હરસ વખતે ડુંગળી ફાયદો કરે છે, તેમજ કાંદો સૂંઘવાથી નાકમાથી પડતું લોહી પણ બંધ થાય છે. બાફેલા કાંદાને વાટી તેમાં હળદર તથા ઘી નાખી ગરમ કરી બનાવેલી 'પોટીસ' ઊનીઊની ગૂમડા ઉપર બાંધવાથી તે તરત પાકી જાય છે. ડુંગળીનો રસ તોલા ૨, કાંકચિયાનાં મીંજ તોલો ૦|, ને પિત્તપાપડાનું ચૂર્ણ તોલો ૦|| મેળવી ઉમર પ્રમાણેની માત્રામાં ચાર-પાંચ દિવસ લેવાથી પેટના કૃમિ મળ વાટે બહાર નીકળી જાય છે. પાંચ તોલા ડુંગળી, અરધો તોલો વળવળિયા સૂરણનું ચૂર્ણ, ૦| તોલો ફુલાવેલી ફટકડીને વીસ તોલા દહીંમાં મેળવી રોજ સવારે લેવાથી હરસમાંથી પડતું લોહી બંધ થાય છે. રાતના દહીં સાથે કાંદાની કચુંબર લેવાથી ઊંઘ સારી આવે છે.

ડુંગળી શરીરને પુષ્ટ બનાવનાર અને શક્તિદાતા તો છે, પણ તે સૌંદર્યદાતા પણ છે. ગુજરાતના રાયકવાળ બ્રાહ્મણ જ્ઞાતિના વૈદ્ય શોઢલ 'ચંદ્રમાને પણ શરમાવે એવું શક સ્ત્રીઓનું અપ્રતિમ લાવણ્ય' ડુંગળીને આભારી હોવાનું કહે છે:

यस्योपयोगेन शकाङ्गनानां लावण्यसारादिविनिर्मितानाम ॥

રૂપ અને લાવણ્યદાતા ડુંગળી શક સ્ત્રીઓને ખૂબ પ્રિય હોવાથી એનું બીજું નામ 'શકાંગનાપ્રિયમ્' પણ છે. આ ઉપરથી એમ પણ સમજાય છે કે શક લોકોના આગમન સાથે ડુંગળી હિંદમાં આવી હોય. બાકી ડુંગળીનું મૂળ વતન પૅલેસ્ટાઇન તરફ હોવાનું માનવામાં આવે છે.

ગંધાળી

ડુંગળી અને લસણમાં આમ ભારોભાર ગુણ વસેલા હોવા છતાં ધર્મ, સમાજ અને શિષ્ટતાની ખાતર હિંદમાં એનો સાર્વત્રિક સ્વીકાર થયો નથી. ઉચ્ચ કોટિના હિંદુઓના અગર વૈષ્ણવ સંપ્રદાયીઓના આહારમાં ડુંગળીને સ્થાન નથી. સ્થાન તો બાજુએ રહ્યું પણ એના માટે એમને ઘણો છોછ છે, એટલું જ નહિ પણ બીજા ખાનારાઓ માટે તેઓ હલકો મત સુદ્ધાં ધરાવે છે! આનું કારણ શું હશે? એક કારણ લસણ-ડુંગળીની દુર્ગંધ છે, તો બીજું કારણ એ ખાવાથી બુદ્ધિ ભ્રષ્ટ થવાની ને પ્રકૃતિ તામસી બનવાની માન્યતા પણ છે. ત્રીજું કારણ એ બંનેનો કામોત્તેજક ગુણ પણ હોઇ શકે. પણ મહર્ષિ સુશ્રુતે તો ડુંગળીને 'બુદ્ધિવર્ધક' કહી છે. હા, ખાધા બાદ મોઢામાંથી અને ઓડકારમાં આવતી લસણ-ડુંગળીની દુર્ગંધના કારણે શિષ્ટ સમાજમા એ અભક્ષ્ય થઈ પડવી સ્વાભાવિક છે. આથી સૌકોઈ એને સંકોચ વિના ખાઈ શકે એવી 'ગંધવિહીન ડુંગળી' ઉગાડવા તરફ પશ્ચિમના વિજ્ઞાનીઓનું ધ્યાન દોરાયું. અમેરિકાના વનસ્પતિવિદ્ લ્યૂથર બુરબૅંકે પ્રયોગો કરીને તીવ્ર વાસ વિનાની ડુંગળી ઉગાડેલી પણ ખરી; પરંતુ ડુંગળીના બધા ગુણો એની વિશિષ્ટ વાસમાં જ સમાએલા હોઈ ગંધવિહીન ડુંગળી બહુ સત્કાર ન પામી.

બાફવાથી ડુંગળીની તીવ્ર વાસ કમી થાય છે. કાચી ડુંગળી ચાવીને ખાતાં એના ઝીણા કણો દાંતમાં ભરાઈ રહેવાથી મોંમાં દુર્ગંધ આવે છે. બીજી માન્યતા એ છે કે ડુંગળી–લસણનું વાયુપરિણામી તેલ લોહીમાં ભળી ફેફસાં દ્વારા બહાર ફેંકાતું હોવાને કારણે મોઢામાંથી છાક મારે છે. આ દુર્ગંધ દૂર કરવા ઠંડા પાણીના કોગળા કરીને જીરું ખાવું; અગર તો આ માટે ખાસ શોધાએલી ક્લૉરેમિન નામની દવાના કોગળા કરવા. આ ઉપરાંત દેશી ઔષધોના ક્વાથના કોગળા કરવાનો પ્રાચીન આયુર્વેદીય પ્રયોગ (શ્રી બાપાલાલ વૈદ્યે લખ્યા પ્રમાણેનો) આ રહ્યો: 'કઠ અથવા ઉપલેટ, એલવાલુક (એક જાતનો સુગંધી પદાર્થ–સંદિગ્ધ હોઈ અપ્રાપ્ય છે પણ એના બદલે ધઉલા લેવા યોગ્ય છે), એલચી, મોથ, ધાણા, જેઠીમધ, આ બધી દવાઓ સરખે ભાગે લઈ તેનો ક્વાથ બનાવી કોગળા ભરવાથી, લસણ ડુંગળી દારૂ વગેરેની દુર્ગંધ દૂર થાય છે.'

ડુંગળી કાચી અને રાંધીને બને રીતે ખવાય છે; પણ એના સ્વાદની મઝા માણવા તેમજ પોષક તત્ત્વોનો પૂરો કસ લેવા તે કાચી ખાવી સારી છે. કાચી ડુંગળીમાંથી રાંધેલા બટાટા કરતાં વધારે વિટામિન 'સી' મળે છે. રંધાવાથી એના થોડા ગુણો નાશ પામે છે. ડુંગળી સમારીને ખાવી સારી; અને સમારતાં એની ઝેણ ના ઊડે તે માટે તેને પાણીમાં ડૂબાડી રાખીને સમારવી. સમારીને લાંબા સમય સુધી ઉઘાડી રાખેલી ડુંગળી ઉપર જીવાણુઓ વૃદ્ધિ પામતા હોવાનું કહેવાય છે.

અવગુણ

કુષ્ઠ રોગી માટે ડુંગળી વર્જ્ય છે. ગુરદાના રોગીએ પણ ડુંગળી ના ખાવાની ડૉ. ચંદ્રની સલાહ છે. ડુંગળી-લસણની ઉત્તેજક ને દાહક અસરોને લીધે તેમને વારંવાર નહિ ખાવાની એક હિંદી આહારશાસ્ત્રીની ભલામણ છે. પુષ્કળ ડુંગળી ખાવાથી રક્તક્ષય (ઍનીમિયા) થતો હોવાનું સર રૉબર્ટ હચિન્સન લખે છે.

લસણ

ડુંગળી શાક અને મશાલા બંને તરીકે વપરાય છે તો લસણનો વિશેષ ઉપયોગ મશાલા તરીકે જ છે. ગરીબ અને શ્રીમંત સર્વકોઈ સોડમ અને સ્વાદ માટે લસણને વખાણીને ખાય છે. તેની ખૂબી તો એ છે કે બીજી વાનીઓની સોડમ સાથે તે એકરૂપ થાય છે. ડુંગળીની જેમ લસણ લાંબો વખત સારું રહેતું હોવાથી અને કિંમતમાં સસ્તું હોવાથી ગરીબ પ્રજાનું તે રોજિંદું ખાદ્ય છે. ખાસ કરીને માંસાહારી પ્રજામાં ડુંગળી-લસણ વધારે ખવાતાં હોવાથી તેમને એના અલ્કલી-ગુણયુક્ત ક્ષારોનો સારો લાભ મળે છે. ભાવમિશ્રે આવા જ અર્થનું આવી રીતે કહ્યું છે: मद्यं मांसं तथाम्लं च हितं लशुनसेविनाम् ॥ લસણ ખાનારાઓને મદ્ય, માંસ ને ખાટા પદાર્થો હિતકારી છે.

લસણના આહારમૂલ્યમાં ૬૩ ટકા પાણી, ૩૦ ટકા કાર્બોહાઇડ્રેટ, ૬ ટકા પ્રોટીન અને ખનિજ પદાર્થોની છાંટ છે. એક ઔંસ લસણમાંથી ૪૦ ટકા ઉષ્ણાંક મળે છે. લસણના વિશિષ્ટ વાસ તેમાં રહેલા ઊડણ તેલ 'એલાઈલ સલ્ફાઇડ'ને આભારી છે. આનું પ્રમાણ ડુંગળી કરતાં લસણમાં થોડું છે.

ડુંગળીની જેમ લસણ શક્તિદાતા, ભૂખ ઉઘાડનાર અને વધારનાર છે. શ્રમજીવીઓ માટે તે બલ્ય અને વૃષ્ય છે. લસણ 'સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, તીખું, ચિકાશવાળું, ભારે, દસ્ત લાવનાર, મધુર રસવાળું, બળ આપનાર, વીર્ય વધારનાર, બુદ્ધિને સારી કરનાર, સ્વરને હિતકારી, વર્ણ તથા નેત્રો માટે સારું, ભાગેલાં અસ્થિઓને સાંધનાર અને હૃદયરોગ જીર્ણજ્વર પેટમાં શૂળ કબજિયાત ગોળો અરુચિ ખાંસી સોજા હરસ કોઢ અગ્નિમંદતા કૃમિ વાયુ શ્વાસ તથા કફને હણનાર છે (સુશ્રુત: સૂત્રસ્થાન ૪૩-૧૪૬). ભાવમિશ્ર કહે છે 'લસણમાં ખાટા રસ વિના બાકીના પાંચે રસ છે. આથી તેનું એક નામ રસોન છે. લસણ પુષ્ટિકારક, વીર્યને વધારનાર, પાચક, દસ્ત ઉતારનાર, પાકમાં તથા રસમાં તીખું અને મધુર છે. બળ તથા વર્ણ માટે સારું તથા બુદ્ધિને તેમજ નેત્રને હિતકારી રસાયન રૂપ છે.'

લસણમાં ઔષધીય ગુણો પણ અનેક સમાએલા છે. ઉટાંટિયા અને ક્ષયરોગ માટે તે ગુણકારી છે. મરડા ને આંતરડાંના બીજા રોગો માટે તે અકસીર છે. એક કળીનું લસણ લોહીના ઊંચા દબાણ માટે દવારૂપ છે. ડૉ. અન્સારીની સલાહથી મહાત્મા ગાંધીજીએ લાંબા વખત સુધી લસણનો પ્રયોગ કર્યો હોવાનું જાણવા મળે છે. વાતરોગ માટે લીલું લસણ ઘીમાં સાંતળીને ખાવાનો ઘરગથ્થુ ઉપચાર સૌનો જાણીતો છે. વાજીકરણ તરીકે પણ લસણ આવી રીતે ખાવાનો સામાન્ય રિવાજ છે. લસણ નાખી ઉકાળેલું તેલ માથામાં નાખી વાળ ધોવાથી ખોડો મટે છે. લસણ નાખી ઉકાળેલું દૂધ પીવાથી શરદી સળેખમમાં ફાયદો થાય છે. લસણના રસમાં જંતુઘ્ન ગુણ સમાએલો છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે સૂકા લસણમાંથી રસ કાઢી તેને પાણી સાથે મેળવી ઘા ઉપર લગાડવામાં આવતું. આથી ઘા ચેપાળ બનતો અટકી ઘણા સૈનિકોના જાન ઊગરી ગએલા. આવા અનેક ઔષધીય ગુણોને લીધે જ ભાવમિશ્રે લસણને 'મહૌષધ' નામે ઓળખાવ્યું હશે.

હિંગ, રાઇ, મરચાં ને અજમાની જેમ લસણ પણ મશાલા તરીકે વઘારમાં વપરાય છે. એ સ્વાદદાતા તો છે જ પણ તેની વિશેષ ઉપયોગિતા તેના જંતુવિનાશક ગુણોને લીધે હોવાનું હમણાં વૈજ્ઞાનિક ચકાસણીથી સાબિત થયું છે. આરોગ્યમાં તેમજ રોગ વખતે આંતરડાંમાં વસતા જીવાણુઓ ઉપર લસણનો ખાસ ગુણ છે. તે ઉપદ્રવી જીવાણુઓની વૃદ્ધિ અટકાવે છે અને લૅક્ટિક ઍસિડ જીવાણુઓની વૃદ્ધિ કરે છે. બીજી રીતે કહીએ તો લસણથી આંતરડાંમાં લૅક્ટિક ઍસિડ-જીવાણુઓના લાભમાં સમતુલા બદલાય છે, જે આહારમાંના ક્ષારોના શોષણ માટે લાભદાયી નીવડે છે.

લસણના સેવન માટે ભાવમિશ્રની સલાહ યાદ રાખવા જેવી છે: 'લસણ ખાનાર માણસે પરિશ્રમ, તડકો, ક્રોધ. બહુજળ, દૂધ અને ગોળ એટલા પદાર્થોનો સર્વદા ત્યાગ કરવો.'

વનસ્પતિવિદોએ લસણનું મૂળ વતન સાઇબીરિયાના કિરગીઝ વિસ્તારમાં શોધ્યું છે, અને એનો વપરાશ છેક પિરામિડો બાંધનાર મજૂરોએ શક્તિદાતા ખોરાક તરીકે કર્યો હોવાનું હિરોડોટસ અને પ્લીનીનું કથન છે. ડુંગળી લસણને અભક્ષ્ય ઠેરવતી દંતકથા આપણે ત્યાંની જેમ પશ્ચિમમાં પણ છે. આપણી દંતકથા કહે છે કે અમૃત પી જતા રાહુના સુદર્શનથી છેદાએલા કંઠમાંથી પૃથ્વી પર પડેલાં અમૃતનાં ટીપાંમાંથી કાંદા-લસણની ઉત્પત્તિ થઈ છે. પણ તે રાક્ષસના મોંનું ઉચ્છિષ્ટ હોઇ બ્રાહ્મણો માટે અભક્ષ્ય ઠર્યું. પશ્ચિમી દંતકથા પ્રમાણે માનવીના પતન બાદ ઇડનના બાગમાંથી બહાર નીકળતાં સેતાનનો ડાબો પગ જ્યાં પડચો ત્યાં ડુંગળી અને જમણો પગ પડચો ત્યાં લસણ ફૂટી નીકળ્યાં. પ્રાચીન સમયના ગ્રીક ધર્મગુરુઓ લસણથી ગંધાતા મોંવાળા માણસોને સિબિલિસના દેવળમાં પ્રવેશની મનાઇ કરતા હતા. આમ જૂના સમયથી ધર્મ, સમાજ અને શિષ્ટતાના નામે ભદ્ર લોકો લસણ-ડુંગળી જેવા ઉપયોગી ને ઔષધીય ગુણો ધરાવતા ખાદ્યનો બહિષ્કાર કરતા આવ્યા છે.

અનુસંધાન] **ગુજરાતમાં 'પ્રયોજિત' સંગીત** [પૃ. ૧૬૪થી

ત્યાં શાંતિનિકેતન તેમજ ઉદયશંકરથી પ્રેરાઇને નૃત્યોના અનેક પ્રયોગો થયા છે. ખાસ કરીને નૃત્યનાટિકાની પ્રવૃત્તિ ખૂબ ફાલી છે. પણ તેબાબતમાં વિસ્તારની સાથેસાથે ઊંડાણ પણ સધાય એ જરૂરી છે. નૃત્યગીતોનું ક્ષેત્ર સારી રીતે ખેડાયું છે, કિન્તુ નૃત્યસંગીતનું ક્ષેત્ર ગુજરાતમાં નહિવત્ જ ખેડાયું છે. Dance Orchestral Composition પરત્વે વ્યવસ્થિત વિચારણા ગુજરાતમાં થવી રહી.

(૫) Symphony એટલે કે શબ્દની મદદ વિના ભાવપ્રયુક્ત સંગીત: નાદચિત્રો (symphony)ની કલા વિકસવી હજુ આપણે ત્યાં બાકી છે. તિમિર વરન અને રવિશંકર, શિરાલી અને અનિલ વિશ્વાસ, જયરામ ઐયર અને પન્નાલાલ ઘોષ જેવા પ્રયોગવીર આપણે ત્યાં થવા જોઇએ.

(૬) સમૂહગાન choral music પ્રકારનો પ્રયોગ ગુજરાતે હમણાં હમણાં અપનાવ્યો છે. આ પ્રકારમાં ઉદાત્ત, અનુદાત્ત તથા સ્વરિત 'સ્વર-સંગતિ' (harmony)ના પ્રયોગ ઉપરાંત પશ્ચિમની harmonyના સિદ્ધાંત આપણે ત્યાં ધીમેધીમે વપરાતા થયા છે એ આનંદની વાત છે. શ્રી અજિત મર્ચન્ટ તથા શ્રી ભાનુપ્રસાદ ઠાકરે આ ક્ષેત્રે વધુ રુચિ દાખવી છે.

અંતે એટલું જ કહેવાનું કે પ્રયોજિત સંગીત એ એક સરળ સંગીત છે એમ માની શ્રોતાઓ એના મહત્ત્વને ઓછું ન આંકે. જેમજેમ પ્રયોજિત સંગીતનો ફલક વિસ્તૃત થતો જાય છે તેમ તેમાં નવા પ્રયોગો થયા છે અને થતા રહેશે. સુગમ સંગીતનું બંધારણ ધીરેધીરે જટિલ થતું જાય છે. જ્યારે અનુભૂતિ classified સૂરો દ્વારા જ વ્યક્ત કરવાની નથી હોતી ત્યારે સર્જન વધુ દુર્ગમ બને છે. સુગમ સંગીત સાંભળવું ભલે સરળ લાગે પણ તેની રચના દુર્ગમ હોય છે.

પ્રયોજિત સંગીતનું ખેડાણ આપણે ત્યાં જોકે બહુ જૂનું છે, છતાં આજના સંગીતની આધુનિકતાએ તેમાં મોટો કાયાકલ્પ સાધ્યો છે. પ્રયોજિત સંગીતે સ્થૂળ દૃશ્ય અને શબ્દોથી પર જઇને સૂક્ષ્મ ભાવને વ્યક્ત કરવા તરફ ગતિ કરવા માંડી છે. મૂર્ત પરથી અમૂર્ત પર જવાની આ વૃત્તિ કલામાત્રની છે. આને પરિણામે સર્જન અને આસ્વાદન, રચવા અને સમજવા, એમ બન્ને દૃષ્ટિએ એનું ઊંડાણ વધતું જવાનું, એની જટિલતા વધતી જવાની. એ માટે શ્રોતા અને સ્રષ્ટા બન્નેએ એક વિશિષ્ટ પ્રકારની પાત્રતા, એક વિશિષ્ટ પ્રકારની તાલીમ મેળવવાની રહેશે. માત્ર ગેય સંગીત જ નહિ, પ્રયોજિત સંગીતનાં બીજાં પાસાંઓની સાધના પણ ગુજરાતે કરવી રહેશે.

ગણિત-ગમ્મત

(૧) '૧૨૩૪૫૬૭' એ સંખ્યા ૧ થી ૭ સુધીના બધા જ અંકોથી બનેલી છે અને તેમાં બધા જ અંકો ક્રમસર વપરાએલા છે. એ સંખ્યાની એક ખાસ વિશિષ્ટતા એ છે કે એ સંખ્યા બે પાસેપાસેની સંખ્યાના ઘનના (ત્રિઘાતના) તફાવતની બરાબર છે. મતલબ કે

$૬૪૨^{૨}—૬૪૧^{૨}$=૧૨૩૪૫૬૭ થાય છે.

(૨) ૨, ૩, ૪, ૫ એ ચાર ક્રમિક અંકો છે. એ અંકોને ચડતે ક્રમે કે ઊતરતે ક્રમે ગોઠવવાથી જે બે જુદીજુદી સંખ્યાઓ બને તે બંને સંખ્યા ૭ વડે વિભાજ્ય છે; એટલે કે તેને ૭ વડે ભાગતાં શેષ રહેતા નથી:

૨૩૪૫ અને ૫૪૩૨ એ બને ૭ વડે વિભાજ્ય સંખ્યા છે.

(૩) ૨૫+૩૯+૬૮=૨૮+૬૯+૩૫

$૨૫^{૨}+૩૯^{૨}+૬૮^{૨}=૨૮^{૨}+૬૯^{૨}+૩૫^{૨}$

(૨×૫)+(૩×૯)+(૬×૮)=(૨×૮)+(૬×૯)+(૩×૫)

આમ ત્રણ રીતે સરવાળો મળતો આવે છે.

(૪) (૧+૨+૩)+(૧+૨+૩+૪+૫)=(૧+૨+૩+૪+૫+૬)

(૧+૨+૩+૪+૫)+(૧+૨+૩+૪+૫+૬)=(૧+૨+૩+...+૮)

(૧+૨+૩+...+૯)+(૧+૨+૩+...+૧૩)

=(૧+૨+૩+...+૧૬)

આ પ્રમાણે ક્રમિક સંખ્યાના સરવાળાનાં બબ્બે જૂથોનો સરવાળો પણ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર આવે છે. આવાં અનેક જૂથો હોઈ શકે. ગણિતમાં રસ લેનારાઓને આવી રસિક બાબતો શોધવામાં ઉપરની રસિક બાબતો માર્ગદર્શક થઈ પડે તેમ છે. એમ. એન. ખત્રી



હંગેરીની આ ટિકિટો નવી તો નથી જ પણ તેના પરના વિષય અને આલેખનોનાં વૈવિધ્ય દર્શાવવા આપી છે. પહેલી બંને ટિકિટ આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષની છે. એક પર દૂર આકાશમાં પૃથ્વી અને અન્ય ગ્રહો સાથે સ્પુટનિક તથા જમણી બાજુ ચંદ્ર અને તેના પર રશિયન રાષ્ટ્રધ્વજ વગેરે આપેલાં છે. બીજી ટિકિટ પર સૂર્ય ને વેધશાળા છે. વચ્ચે બગલા તથા સારસ જોડીના આલેખનવાળી બે ટિકિટોની પડખે 'માતૃદિન' નિમિત્તની ટિકિટ છે. છેલ્લી હારમાં પટ્ટાબાજી-ની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા નિમિત્તની, વચ્ચે આંતરરાષ્ટ્રીય ટપાલવિનિમય સેમિનાર વેળાની ને છેલ્લે હંગેરીના એક પ્રદેશના પોષાકના આલેખનવાળી ટિકિટો છે. (અજિતકુમાર સંઘવી)







દુનિયામાં સૌથી સુંદર ટિકિટ કઈ? ઈન્ટરનૅશનલ ફિલૅટેલિક આર્ટ સોસાએટી (આંતરરાષ્ટ્રીય ટિકિટકલા-સંઘ)ના અભિપ્રાય મુજબ ઉપર ડાબી તરફ આપેલી ઇંગ્લંડની ૧ પૉંડની ટિકિટને એ માન મળે છે. તેના પર રાણી ઈલિઝાબેથ અને ત્યાંના વિન્ડસર કૅસલનું ચિત્ર છે. દુનિયા-ભરમાં ચાલતી ૫૯૦૦ ટિકિટોમાંથી સોસાએટીએ તેને ચૂંટીને બ્રિટિશ પોસ્ટ ઑફિસને એ માટે સુવર્ણચન્દ્રક આપ્યો છે. ટિકિટ-સંગ્રહ અને કલાશોખમાં આગળ પડતી ગણાતી પંદર વ્યક્તિઓ એ સોસાએટીમાં છે, ને હવે દર બે વર્ષે તે ટિકિટોની આવી હરીફાઈ યોજનાર છે. ◖ જમણી બાજુની બે ટિકિટો નેપાળે પર્વતોનાં ચિત્રોવાળી ટિકિટોની તેની માળામાં હમણાં બહાર પાડી છે. એમાં અનુક્રમે 'માછાપુછરે' (મત્સ્ય-પુચ્છ) તથા 'મઉસાબુ' એ બે હિમાલય-નાં શિખરો દર્શાવ્યાં છે, અને મથાળે ત્યાંના રાજાની છબિ છે. (શ્રી કમલ દીક્ષિત–કાઠમાંડુ)



અમેરિકાએ શોધેલી અને આજે વિશ્વવ્યાપી બની ગએલી મોટર ગાડીની મહત્તાને બિર-દાવવા માટે બહાર પડેલી 'વ્હીલ્સ ઑવ ફ્રીડમ' (મુક્તિનાં ચક્ર) નામની ટિકિટ.



'સંપ અને સંગઠનમાં શક્તિ રહેલી છે' એ સૂત્રને લક્ષમાં રાખી કામ કરતા સંયુક્ત રાષ્ટ્ર-સંઘ(યૂનો)એ બહાર પાડેલી રાષ્ટ્રધ્વજોના સમૂહના સાદા ચોટદાર આલેખન દ્વારા પોતાનું ધ્યેય પ્રબોધતી ટિકિટ (નૂરુદ્દીન લુલ્ફ)





કવિવર ટાગોર ને પં૦ મોતીલાલ નેહરુની આ માસમાં આવેલી જન્મ શતાબ્દીઓ નિમિત્તે ભારતે બહાર પાડેલી ટિકિટોમાં રવીન્દ્રનાથની ધ્યાનમગ્ન મુદ્રા સાથે એમની સહીવાળી ટિકિટ અભિનવ-સુંદર છે. (મોકલ-નાર: હેમાંગિની કૃ. દેસાઈ, રેણુકા દેસાઈ, જસુ શાહ, અજિતકુમાર સંઘવી–મુંબઇ)

કલાવાતાં


વીરેન્દ્ર પંડ્યા

પ્રફુલ્લ પુષ્પો અને પંખીઓના પરિવારના ચિત્રકાર ભાઈ વીરેન્દ્ર પંડ્યા ગુજરાતથી અતિ દૂર વસ્યા હોવાથી તેની અનોખી પ્રતિભાની જાણ વતનમાં પૂરી થઈ નથી.

ભાવનગરના પંડચા કુટુંબના અભિજાત પરિવારમાં તેમનો જન્મ થયો છે. તેના પિતા શ્રી પ્રાણજીવન પંડચા લગભગ ૪૫ વર્ષથી ઝરિયા-ધનબાદની કોલસાની ખાણોના જૂથ પર મુખ્ય એન્જિનીઅર હોઇને એક પ્રભાવી અને શક્તિશાળી વ્યક્તિ તરીકે એ પ્રદેશમાં સુપ્રસિદ્ધ છે. વીરેન્દ્ર તેમના જ્યેષ્ઠ પુત્ર હોઈ તેને સારી કેળવણી આપીને કોઈ શ્રેષ્ઠ પદવી માટે તૈયાર કરવાના પિતાના કોડ હતા. ભાવનગરની રાષ્ટ્રીય શાળામાં પ્રાથમિક શિક્ષણ લેતાં તેને સ્વ. શ્રી કંચનભાઈ (જેમનો પક્ષી-પ્રેમ અને અનુભવો 'કુમાર'માં આવી ગયા




છે)નો પરિચય થયો ને તેમાંથી પક્ષીઓ અને નિસર્ગ પ્રતિ આકર્ષણ વધ્યું. તે અનુભવને સાક્ષાત્ કરવા તેણે ચિત્રકળાનો આશ્રય લીધો, અને મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કરીને શાંતિનિકેતનનો માર્ગ પકડ્યો. એક રીતે તેના પિતાશ્રીના મથક આગળથી તે સ્થાન નજીક પડતું હતું તે પણ પસંદગીનું કારણ હશે. શાંતિનિકેતનમાં કલાચાર્ય શ્રી નંદબાબુએ તેની પ્રતિભા પરખીને મુઘલ તથા જાપાની ચિત્રકળામાં પક્ષીઓ કેવું સ્થાન મેળવી શક્યાં છે તેનો તેને પરિચય કરાવ્યો. છતાં તેનાં ચિત્રો-



માં કોઈ શૈલીનું સીધું અનુકરણ નથી. ત્યાં ગુરુદેવ ટાગોરના સાન્નિધ્યમાં રહી તેમનાં કાવ્યોનું શ્રવણ કરતાં આ કળાકારે પોતાની કૃતિઓમાં ઊર્મિલતા ઉતારવા માંડી. શ્રી નંદબાબુએ તેની શક્તિ સમજ અને આવડતની સ્વમુખે અનેક વાર પ્રશંસા કરી હતી.

૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળે તેની સાધનામાં ભંગ પાડચો. શાળા છોડી ઘેર આવ્યા તે ફરી શાંતિનિકેતન ગયા જ નહિ; પણ ઘર આગળ સંગીત અને અંગ્રેજીનો અભ્યાસ વધાર્યો; સાથે સાથે ઋતુઓ ઋતુઓનાં પુષ્પો અને પંખીઓનાં ચિત્રો ચાલુ જ રાખ્યાં.



મથાળે: 'ગર્વ'; વચ્ચે: 'ઝૂલવાની મોજ'; નીચે: 'ચાતક' (વીરેન્દ્ર પંડચા).





ચર્ચા

૧૯૫૬ના ડિસેમ્બરમાં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં તેનાં ચિત્રોનું વ્યક્તિગત પ્રદર્શન થયું તેણે પ્રજામાં ઘણું આકર્ષણ કર્યું. અમેરિકાના શ્રેષ્ઠ કલારસિક ડૉ. હૅન્સ્કસ અને તેમનાં પત્નીએ તેની કલાની પ્રશંસા કરી ચાર ચિત્રો ખરીદ્યાં અને કહ્યું, 'ભારતની મારી સંસ્કારયાત્રાની સફળતામાં આ પ્રદર્શનનો સારો એવો ફાળો છે.'


ભાઈ વીરેન્દ્ર પોતે પણ પક્ષીસૃષ્ટિ જેવા જ નિજાનંદી છે: એ ભલા ને એમનો પંખીમેળો ભલો. ચિત્રો કર્યે જાય છે, પણ જાહેરમાં બતાવવાની કે બહાર આવવાની જરા પણ લાલચ નથી રાખતા. એણે નાનાં બાળકો માટે સુંદર ચિત્રપોથીઓ બનાવી રાખી છે જેવી કે 'ચકલાની દિનચર્યા', 'ઉંદરમામાનું જીવન', 'બાળકોનાં બીજાં પશુમિત્રો'. પોથીઓ સુંદર અને બાળકોને પ્રિય થઈ પડે એવી છે અને કદરદાન પ્રકાશકની પ્રતીક્ષા કરે છે.

આ ચિત્રકારનું જીવન એકાકી, ચિંતનમય ને કરુણાપૂર્ણ હૃદયથી ભરેલું છે. વિગ્રહોથી કે સ્પર્ધાથી તે દૂર રહેવા ઇચ્છે છે. તેનાં ચિત્રો અનેકનાં ચિત્તને તેમાંની સરળતા, સ્વચ્છતા ને દીપ્તિથી આનંદમગ્ન કરી શકે છે. ર. મ. રા.



'કુમાર'ના પરિચિત કલાકાર કટંજેરી કૃષ્ણ હેબ્બરને 'પદ્મશ્રી'ના પદકથી નવાજતા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ

'ગામડાનાં ઘર'...વિષયના બરછટ ગ્રામ વાતાવરણને અનુરૂપ ખરબચડા ગુણપાટ ઉપર તૈલરંગોમાં શ્રી પીરાજી સાગરાએ કરેલું ચિત્ર: જેને ગયા મહિને કલકત્તા ફાઈન આર્ટ ઍકેડેમીના પ્રદર્શનમાં બર્દવાનના મહારાજાનો શ્રેષ્ઠ તૈલચિત્ર માટેનો સુવર્ણચન્દ્રક મળ્યો છે.



સાહિત્યસંપર્ક

શબ્દકથા : મલાર—મલ્હાર

મલ્હાર રાગના સૂર ઘેરા ઘૂંટાતા જાય ને શીતળ જળધારા વરસતી જાય એવી વાતો જે કહેવાય છે, તેનો થોડોક પણ પ્રત્યક્ષ અનુભવ કોઇ કરાવે તો કેવું સારું—એવી ઇચ્છા ગ્રીષ્મની ગરમી અત્યારે આપણી પાસે કરાવી રહી છે. મલ્હાર રાગની મીઠાશ તો તમે માણી હશે, પણ એ શબ્દમાં યે મીઠાશ મૂળથી જ છે કે પછીથી આવેલી છે તે જરા જોઇએ.

'મહાલવું' ને 'મલાવવું' તો આપણા જાણીતા છે. 'મલાવવું' એટલે 'મીઠું મીઠું બોલી સારું લગાડવું' કે 'બહલાવવું'. પોતાના કોઈ 'મલાવા' કરે તે કોને ન ગમે? આ 'મલાવવું' 'મહલાવવું' તે 'મહાલવું'નું જ પ્રેરક રૂપ. 'મહાલવું' એટલે 'ઠાઠમાઠથી અહીંતહીં ફરવું' અથવા 'મોજ કરવી', 'લહેર કરવી'. પ્રાકૃતમાં **मल्ह** ધાતુ છે. અર્થ 'મોજ કરવી', 'લીલા કરવી', 'આનંદ કરવો' એવો છે. એટલે 'મલ્હાર'નો મૂળ અર્થ છે 'આનંદકર', 'લહેર કરાવનાર'. આ જોતાં 'મલ્હાર' રાગ નામ તરીકે યથાર્થ જણાશે.

પ્રાકૃત **मल्ह**ના મૂળમાં સંસ્કૃત **मद्द** છે. અર્થ એ જ.

—હરિવલ્લભ ભાયાણી

એક બહુશ્રુત વિદ્વાન

આ અંકના 'વિચારવિશેષ' તરીકે લીધેલો ફકરો જેમાંથી ઉદ્ધૃત કર્યો છે એ, તરુણો માટેનું એક આવશ્યક પુસ્તક ગણાય. (જોકે અમને ભય છે કે એનું નામ વાંચીને કદાચ 'આજના' તરુણો એને ઉઘાડચા વિના જ નીચે મૂકી દે: 'સદાચાર'). એ અવતરણ વાંચીને કોઈની કલ્પનામાં ય આવે ખરું કે એના લખનાર એક વિદેશી–સ્પૅનિશ સજ્જન હશે? —અને આપણી ભાષા ઉપરનો આટલો અદ્ભુત કાબૂ એમણે માત્ર બે'ક વર્ષના જ પરિચયમાં મેળવી લીધો હશે?

એક વિવેચકના શબ્દો વાપરીએ તો 'ઊંડી જીવનશ્રદ્ધાથી અનુપ્રાણિત અને વાચકની વિવેકબુદ્ધિને પ્રેમપૂર્વક જાગ્રત કરે એવાં, હિતૈષી વડીલની સોનેરી શિખામણ સમાં એ સ્પષ્ટ અને મિતાક્ષરી ઉદ્‌બોધનો આટલી સરળ, શુદ્ધ ને મીઠી ગુજરાતી ભાષામાં ભાગ્યે જ કોઇ પરદેશી સજ્જન કરી શકયા હશે. હેમચંદ્રના દૂહાથી માંડી જયંત પાઠકની કવિતા સુધીના ગુજરાતી સાહિત્યમાંથી અહીંતહીં વેરેલાં ઉદાહરણો અને સમર્થનો એમની બહુશ્રુતતા અને ગુજરાતી સાહિત્યના વિશાળ વાચનનાં દ્યોતક છે. જેમને માટે આ પુસ્તક લખાયું છે તે હાઈસ્કૂલ-કૉલેજના માત્ર તરુણો જ નહિ પરંતુ મોટેરાંએ—સ્ત્રી-પુરુષ બંનેએ



પણ વાંચવા જેવા' એ પુસ્તકના લેખકનો પરિચય એમના એક સહ-પ્રધ્યાપક શ્રી ચિમનલાલ ત્રિવેદી પાસેથી જ આપણે મેળવીએ :

'સદાચાર'ના લેખક રેવ. ફાધર વાલેસનો જન્મ ૩૫ વર્ષ પૂર્વે સ્પેનમાં થયો હતો. જીવનના પ્રભાતમાં જ—માત્ર ૧૫મે વર્ષે ઈસુ સંઘ (સોસાએટી ઑવ જિસસ)માં જોડાઇને એમણે પાંચ વર્ષો સુધી સ્પેનમાં જ રહીને વિવિધ ભાષા તથા સાહિત્યનો અભ્યાસ કર્યો, અને એ પછી ત્રણ વર્ષ તત્ત્વજ્ઞાનના અભ્યાસ પાછળ આપ્યાં. ત્રેવીસમે વર્ષે એમણે હિંદમાં પગ મૂકયો એવા જ ગણિતશાસ્ત્રના અભ્યાસ માટે ખાસ મદ્રાસ ગયા, અને ત્યાં ચાર વર્ષો સુધી તેની આરાધના કરીને ઈ. સ. ૧૯૫૩માં એ વિષય સાથે એમ. એસસી.ની ઉપાધિ પ્રથમ વર્ગમાં મેળવી. એ પછી તેઓ ગુજરાતમાં આવ્યા, અને આણંદ તેમજ વલ્લભવિદ્યાનગરમાં રહીગુજરાતી ભાષા શીખવાનો આરંભ કર્યો. ઓગણત્રીસ વર્ષની વયના આ ઉત્સાહી અને ખંતીલા યાજ્ઞિકે (મીસ્ટ-પાદરીએ) ગુજરાતીભાષાની બારાખડી ઘૂંટવા માંડી અને બે વર્ષના ગાળામાં તો ગુજરાતી ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું. (કેવું તે તો એમના લખાણ પરથી પ્રતીત થયું હશે.) ગુજરાતી ભાષાના મુખ્ય મુખ્ય સાહિત્યસ્વામીઓની કલાસૃષ્ટિનો એક ગુજરાતીભાષીના અધિકારથી એમણે પરિચય મેળવ્યો. એમાં યે કાકાસાહેબ કાલેલકરનાં લખાણોએ તો એમના નિર્મળમધુર હૃદયમાં પ્રસન્નતા રેલાવી, અને સમગ્રરીતે એમના આત્મપ્રદેશમાં ગુજરાતી ભાષા-સાહિત્ય પ્રત્યે આત્મીયતા પ્રકટી. એ પછી ૧૯૫૫માં તેઓ પૂના ગયા, ને પાંચ વર્ષ ત્યાં રહી ધર્મશિક્ષણ મેળવતાં મેળવતાં, વિવિધ ધર્મોનો ઊંડો અભ્યાસ કર્યો.

આમ કુલ ઓગણીસ વર્ષોની ઉપાસનાને અંતે તેઓ હવે ૧૯૬૦ના જૂનથી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાયા છે. એ સંસ્થામાં જોડાયા પછી તેઓ શિક્ષણકાર્યમાં જ તન્મય બની ગયા છે. 'ગણિત અને તત્ત્વજ્ઞાન'નો સુભગ સમન્વય એમનામાં પ્રત્યક્ષ જોવા મળે છે. ગયા સત્રમાં ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે 'ગણિતના પાયા' એ વિષય પર ત્રણ 'એક્સ્ટેન્શન' વ્યાખ્યાનો આપીને એમણે એમના ગણિત-વિષયક અદ્યતન જ્ઞાનનો લાભ આપ્યો, અને 'સમૂળી ક્રાંતિ'ની ધર્મવિષયક વિચારણા પર જુદીજુદી સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપીને એમની ચિંતનશક્તિનો પણ પરિચય કરાવ્યો.

ગણિત એ એમનો પ્રિય વિષય છે, તો સાહિત્ય અને સંગીત પણ એમને ઓછાં પ્રિય નથી. ગ્રીક સાહિત્યની લગભગ બધી જ પ્રશિષ્ટ કૃતિઓનું એમણે મૂળમાં જ પરિશીલન કર્યું છે. સ્પૅનિશ, જર્મન, ફ્રેંચ, ઇટાલિયન, પોર્ટુગીઝ, લૅટિન, ગ્રીક, ગુજરાતી, હિંદી, અંગ્રેજી–એમ દસેક ભાષાઓનું એમનું જ્ઞાન આદર પ્રેરે એવું છે. એમના જીવનનું મુખ્ય દષ્ટિબિન્દુ વિદ્યાર્થીઓને સદાય નૈતિક માર્ગદર્શન આપવાનું રહ્યું છે. નિયત અભ્યાસક્રમના શિક્ષણ દ્વારા મળતી 'ડિગ્રી'ઓની એમને ઝાઝી કિંમત નથી, જેટલી વિદ્યાર્થી-જીવનમાં નીતિ-શિક્ષણની કેળવણીની એમને લાગી છે. આ શુભ હેતુને કેન્દ્રમાં રાખીને સૌ પ્રથમ એમણે 'સદાચાર'ની પુસ્તિકા ગુજરાતી ભાષામાં પ્રકટ કરી છે. આપણે આશા રાખીએ કે એમના તરફથી આવાં સુંદર પુસ્તકો, જે ભૂમિને એમણે પોતાના કર્તવ્ય–સેવાના ક્ષેત્ર તરીકે અપનાવી છે એ ગુજરાતને, વિશેષ ને વિશેષ પ્રમાણમાં મળતાં રહે!

(મે ૧૯૬૧) ૧૬૮/૬

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ના સભ્ય-દેશો ૯૯



છેલ્લાં બે મહાયુદ્ધોએ સર્જેલી ખુવારી અને ગંભીર યુદ્ધોત્તર પ્રશ્નો પરથી બોધપાઠ લઈ જગતમાં શાંતિ સ્થાપવા અને અરસપરસની સહાયથી વિકાસ સાધવા કેટલાંક રાષ્ટ્રોએ વિચાર કર્યો અને ઈ. ૧૯૪૨ની ૧લી જાન્યુઆરીએ ૨૬ રાષ્ટ્રોએ અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનમાં ભેગા મળી એક જાહેરનામું તૈયાર કર્યું. તદનુસાર ઈ. ૧૯૪૫ની ૨૪મી ઑક્ટોબરે સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનાઈટેડ નેશન્સ ઑર્ગેનિઝેશન—'યુનો')ની સ્થાપના થઈ અને ઈ. ૧૯૪૬ની ૧૦મી જાન્યુઆરીએ લંડનમાં વેસ્ટમિનિસ્ટર ખાતે તેની જનરલ ઍસેમ્બ્લીની સૌપ્રથમ બેઠક મળી. એ વખતે એનું કાયમી મથક ન્યૂ યૉર્કમાં રાખવાનું નક્કી થયું. જમીન ખરીદવા માટે જ્હૉન ડી. રૉકફેલર (બીજા)એ ૮૫ લાખ ડૉલર આપ્યા, અને એના મકાનને માટે અમેરિકાએ વગર વ્યાજે સાડા છ કરોડ ડૉલર ધીર્યા. ઈ. ૧૯૫૧ની વસંતમાં એનું હાલનું ૩૯ માળનું ભવ્ય મકાન તૈયાર થઈ ગયું અને ત્યારથી એ જ સંયુક્ત રાષ્ટ્રસંઘનું મુખ્ય મથક બની રહ્યું છે. ઉત્તરોત્તર રાષ્ટ્રસંઘના સભ્ય દેશોની સંખ્યા વધતી જઈ હમણાં તે છેલ્લે ૯૯ને આંકડે પહોંચી છે. ઉપર નકશામાં એ ૯૯ દેશો દર્શાવ્યા છે. (સાથેસાથ એ દેશોના અન્ય સંઘોનું નિદર્શન પણ તેમાં કર્યું છે.) આમાં અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, ફ્રાંસ, રાષ્ટ્રવાદી ચીન અને રશિયા એ પાંચ મહાસત્તાઓ ગણાઇને તે દેશો તેના કાયમી સભ્યો ગણાય છે. એના સર્વ સભ્યોની જનરલ ઍસેમ્બ્લી ઉપરાંત સિક્યોરિટી કાઉન્સિલ, ઇકૉનૉમિક ઍન્ડ સોશિયલ કાઉન્સિલ, ટ્રસ્ટીશિપ કાઉન્સિલ અને ઈન્ટરનૅશનલ કોર્ટ ઑવ જસ્ટિસ તથા સેક્રેટરીએટ એ બીજાં પાંચ એનાં અંગો છે. જગતની શાંતિ માટે સભ્ય રાષ્ટ્રોમાં અરસપરસના વિખવાદો શમાવવા, ને જરૂર પડયે લશ્કરી બળ પણ વાપરવાનું કાર્ય કરતી સિક્યોરિટી કાઉન્સિલ જે બાબતની ચર્ચાવિચારણા કરતી હોય તેમાં સલામણ કરવા સિવાય જનરલ ઍસેમ્બ્લી લગભગ દરેક પ્રશ્નો સંભાળે છે. અન્ય કાઉન્સિલોના સભ્યોની ચૂંટણી અને નિમણુક પણ તે જ કરે છે. આમ 'યુનો' જગતશાંતિ અને સહકારનો આંતરરાષ્ટ્રીય મહાપ્રયત્ન છે. દેશોની યાદી અંકના તદ્દન છેલ્લા પાને.

મોહ્‌ને-ડેમની પરાક્રમકથા

ચન્દ્રવદન મહેતા



વાલિસ



[illegible]

કોણ જાણે કયાં કંઇક ખતરો પડયો અને મૉસ્કોને ટૂંકે રસ્તે ભારતથી હેલસિન્કી ન જઇ શકયો. મેં મૉસ્કો માટે વિસા તો માગી હતી, પણ અહીં ન મળી. નીકળ્યા પછી તે આપવામાં આવશે એવી ખબર મને જર્મની પહોંચતાં મળી; એટલે મુંબાઇથી દિલ્હી-મૉસ્કો થઇ સીધો હેલસિન્કી જઈ શકયો હોત, તેને બદલે આ રોમ-ડયુઝલડોર્ફ-કોપનહાગનનો લાંબો રસ્તો લેવો પડયો.

ડયુઝલડોર્ફ: એક તો એ નામ જ મને ગમે, અને જર્મનીનો ર્‌હાઈનલૅન્ડ જોવાની અસલથી ઇચ્છા. ૧૯૪૯માં ર્‌હાઈન સાથે થોડી દોસ્તી કરી હતી, પણ એનો આખો વિસ્તાર જોવાની મનમાં હોંશ રહી ગઇ હતી. વળી લડાઈ પહેલાંનું તોરી, તુમાખી, દુનિયા આખી ઉપર રાજ્ય કરવાના મનસૂબા સેવનારું જર્મની જાુદું, અને આજનું માર ખાઇ પિટાઈ દંડાઇને ખોખરુંખખ થઈ ગએલું જર્મની જાુદું; એટલે એ બાજુ ચોર્ડું ફરી લેવાનો નિરધાર હતો.

રોમનું ઊપડયું વિમાન પહેલાં ફ્રૅન્કફુર્ટ ઊતર્યું અને ત્યાંના એરોડ્રોમના મકાનમાં જ્યાં અમારે અરધો કલાક ગાળવાનો હતો ત્યાં દાખલ થતાં, એક બાજુ નહિ પણ ચારે કોર મોટે ભાગે એક જ વસ્તુ દેખાયા કરે: નાનામોટા, જાતજાતના, ઉપર જર્મન માર્કના ચિઠ્ઠા ચોડેલા, આકર્ષક રીતે ગોઠવેલા, ગણ્યા ગણાય નહિ એટલા, આગફા-લાયકા-ઝાઈસના લેન્સવાળા, વિવિધ બનાવટના બસ કૅમેરા જ કૅમેરા!— એક પૉઇન્ટ બે પૉઇન્ટ, ત્રણ પૉઈન્ટ, ફાઇવ, સોળ મિલિમિટર, પાંત્રીસનો રોલ... મારી જાણે બલારાત! જિંદગીમાં કૅમેરાને મનાવતાં ન આવડયું તે ન જ આવડયું. કૅમેરાની ચાંપ નથી દબાવી શકયો, તો મોટર ચલાવતાં તો કયાંથી જ આવડે? હા, રેલવેનાં જાતજાતનાં એન્જિન ચલાવ્યાં છે; કેમ કે એ તો જાય ચાલ્યા પાટા ઉપર સીધા! પણ આ લાઈટ ને શેઈડ, ટાઈમ-એક્સ્પોઝર-કૉમ્પોઝીશનમાં સમજણ ન પડી તે ન જ પડી. કલર ફોટોગ્રાફીમાં તો પછી અક્કલ રંગાય જ શાની? છતાં કોઈ અજાયબ વસ્તુ જોતાં બાળક ખૂણેખાંચરે ભમેભટકે, એમ ફરીફરીને કૅમેરાનો તાગ કાઢી લીધો. એક સાથીદારને પૂછયું, તો કહે આ તો એરોડ્રોમ છે, અહીં શું તાગ કાઢવાના હતા? શહેરમાં તો જાઓ, કૅમેરાની વખારોની વખારો જોશો!

ફ્રૅન્કફુર્ટથી ઊડયા તે ઊતર્યા ડયુઝલડોર્ફ. બહુ કાળજી રાખનારાની નોંધપોથીમાં પહેલે જ કોળિયે માખી! જ્યાં ઊતરવાનું એ હોટેલનું નામઠામ ટેલિફોન નંબર જેમાં લખેલાં તે કાગળિયો જ ગેરવલ્લે! જુઓ ભગાભાઈ યુરોપ ખૂંદવા નીકળ્યા છે તે! સાંજ પડવા આવેલી અને કયાં જવાનું એનો પત્તો જ ન મળે. જર્મનીમાં પાસપોર્ટ કે પૈસા સાથે છે કે નહિ એની કોઇ ખાસ પૂછતાછ કરતા નથી. આવો અમારે દેશ; પ્રદેશ ખુલ્લો છે, તમને આવકાર છે, પાછા જતાં કેટલા પૈસા સાથે લઇ જવાના છો એની કયાંય ભાંજગડ નહિ. હરોફરો અને ખિસ્સાપાકીટ ખોલ્યા જ કરો.

હા, હા; એ તો બધું ખરું; પણ મારું શું? મારે ઊતરવું કયાં? એક તો જર્મન ભાષા ન આવડે, અને અજાણ્યો પ્રદેશ; પણ નસીબજોગે એક કાગળ મેં મારા એક જૂના ઓળખીતાને લખી મૂકયો હતો એ ભલા પારસી ભાઈએ મારી લાજ રાખી. ૧૯૪૯માં યુરોપ ગયો ત્યારે જીનીવામાં એ એર ઈન્ડિયાની ઑફિસમાં કામ કરે, હવે દસે વર્ષે આગળ વધી એ ભાઈ દસ્તુર ડયુઝલડોર્ફમાંની ભારતની એર ઈન્ડિયાની ઑફિસના વડા બન્યા હતા. એ વળી જૂની ફેલોશિપ નિશાળમાં મારા એક વખતના વિદ્યાર્થી, તે એમણે તો એરોડ્રોમ ઉપર ગાડી અને એમની ઑફિસમાંથી બેત્રણ જણાને મોકલી આપ્યા હતા. એટલે પ્લેનમાંથી ઊતરી મકાનમાં દાખલ થતાં જ એક દેખાવડી ચબરાક જર્મન કિશોરીએ પકડયો: 'હેર મહેતા?' 'હાજી.' 'મારી પાછળ પાછળ આવો'... અને અમે એરોડ્રોમ ઉપરના એર ઇન્ડિયાના કમરામાં જઈ બેઠા. સામાન આવે તે દરમ્યાન હું મારું ઊતરવાનું સરનામું શોધ્યા કરું. પણ શાનું મળે? પ્રોફેસર રૂડૉલ્ફ ગાઈસે કે મારે માટે જ્યાં ઊતરવાની વ્યવસ્થા કરેલી, એના સરનામા તથા ટેલિફોન નંબરવાળો એ કાગળ મુંબાઈના આઈ. એન. ટી. વાળા મનસુખ જોષીને વાંચવા આપ્યો હતો, એ અક્કલ વાપરીને પાછો જ કયાં લીધો હતો કે મળે? ફ્રો લિપિન્સ્કી—એટલેકે કુમારી લિપિનિકા (પોલૅન્ડની વતની, અંગ્રેજી છટાદાર બોલે) તે મારી મૂંઝવણ સમજી, ને હોરમસજી દુબાશને પકડી લઈ આવી; અને દસ્તુરજીના આ મદદનીશ ભાઈ હોમીએ મારી હકીકત જાણી, તરત જ, એર ઇન્ડિયા ઑફિસની નજીકમાં જ ટેલિફોનથી મારે માટે એક હોટેલ નોંધાવી દીધું, ને સામાન આવતાં મોટરમાં ત્યાં પોતે મૂકી ગયા.

દરમ્યાન ઘણી વાતો કરી. કુમારી લિપિનિકા પણ સાથે જ હતી. આ ડયુઝલડોર્ફ—રોમથી તદ્દન નિરાળું શહેર. શહેરની વચ્ચેથી રમતી ગેલતી દોડતી જતી ર્‌હાઇન નદી. આ જર્મની—થોડાંક વર્ષો પહેલાં, પાંચપાંચ વર્ષ સુધી બૉમ્બમારે ખંડાએલું ટીપાએલું બાળી નંખાએલું હરાવાએલું ભંગાર જર્મની! ઠંડક તો તાજગી બક્ષનાર હતી, પણ લોહ અને કાચનાં જે આલીશાં મકાનો અહીં હતાં, એકે ખાડા ખબોચિયા વિનાના આરસી જેવા જે રસ્તા હતા, સ્વચ્છ ટટાર સશક્ત જોમભર્યા જોશદાર માણસોની આવનજાવનથી ધમધમતા જે મહોલ્લાઓ અહીં હતા... આ જર્મની! પંદર-પચ્ચીસ મજલાનાં અદ્યતન બાંધણીનાં આ મકાનો, ભસ્મીભૂત થએલી આ ભોમકામાં આ ઊંચી ડોકે, હસતે મોઢે ચાલનારા આ પ્રજાજનો... પણ લાંબી વાત કયાં કરીએ? આ લખું છું જૂન ૧૯૬૦માં ત્યારે તો ભારતના નાણાંપ્રધાન મોરારજી દેસાઇને પૈસા ધીરવા તૈયાર થઇ ગયા છે આ જર્મનો...

હોટેલ નમણું અને બેડ–ઍન્ડ-બ્રેકફાસ્ટનું જ હતું, જમણ માટે અમારા વિદ્યાર્થી દસ્તુર સાહેબે પોતાને ત્યાં ભારતની ખાસ વાનીઓ મારે માટે બનાવી હતી તે આરોગવા જવાનું હતું, એટલે હોમી દુબાશ સાથે એમને ત્યાં જમવા જવા ઊપડ્યા. પણ રસ્તે મન કહ્યું ન કરે. દર રાતે હજારો બૉમ્બની ધગધગતી પડેલી વર્ષામાંનો એકાદ ચકામો, ચાંદું, ખરજવું, ડાઘ-દૂણો ન મળે; કે ખંડેર, ભાંગ્યું મકાન, અરે નાનું બાકું–બાકોરું, ભંગાર ભરેલો ખૂણો ખાંચરો ન મળે; કે આ હારેલી પ્રજા-માંથી શરીરે ફાટલાતૂટલાં કપડાં કે ચિથરેહાલ વેશપહેરવેશવાળો રખડતો રઝળતો ગાતો બાંગ મારતો ભિખારી ન મળે. અરે નહિ રે, ચાર રસ્તા એકઠા થતાં, શરાશ કરતી સપાટાબંધ બત્તીને સિગ્નલે પસાર થતી અસંખ્ય નવી જાતની મોટરગાડીઓ, ભરચક ભરેલા માલે આકર્ષક દેખાતી દુકાનો... કોઈ ગામડિયો શહેરમાં અવનવું જોઈ આભો બની જાય, એથી વધારે પ્રમાણમાં હું આટલો ચારેગમ ફરનારો ચકિત થઇ મૂગોમંતર અજાયબીમાં તદ્દન ડૂબી ભાન ભૂલી ગયો. તેટલાં તો ગાડી હાંકતા હોમીભાઈ પૂછે: 'પ્રોફેસર મહેતા! કાંયચૂપ થઇને બેઠાચ?'

'ભેજું કામ નહિ કરતું, જી.'

'અમે બી અહીં રહેનારા અજબ થઇ ગિયાચ જો. નવું જર્મની! નવી નેશન! તોબાતોબા–સેઠ! નેશન એમ ઊભા થાયચ. કાંક તો સન્ડે બી નથી પાલતા. હૉલી ડે નથી લેતા. બસ, કામ કામ ને કામ; અરે કામ સું, મહેનત કરેચ મહેનત!'

'આર્ટ, નાટક, થીએટર?'

'તમુને નવાંનવાં થીએટર જોવા મલસે જી. જૂનું કંઈ જ છે નહિ. મકાન નવાં, રસ્તા નવા, મટીરીઅલ નવાં, કપડાં નવાં, મસિન નવાં મસિનમાં ટાઈપરાઈટરથી માંડી જાતજાતના એન્જિનો—'

'કૅમેરા?'

'કૅમેરાનું તો પૂછતા જ ના! કાલે સવારે તમે જરા નાસ્તો લઈ બરલીનઆલી રસ્તા ઉપર ફરવા નીકલસો ને, કે કેથે બી જસોને, તો પાંચસાત મજલાનાં મોટાંમકાનોમાં જાતજાતના કૅમેરા જોસો. ઈન્ડસ્ટ્રી તો...જી, આ દસ્તુર સાહેબનું ઘર, ચાલો ઉપર.'

રોમથી નિરાળું, જુદી જ જાતનું વાતાવરણ ચલતી હે હોતી હે, જેવું અહીં નહિ. નવરું કોઈ જ નહિ. ઝડપ, ગતિ, મહેનતમજૂરી, દોડધામ. તૂટેલું સમારી દો, ભાંગેલું કાઢી નાખી નવું સરજી દો! ચાલો કિશોર–કિશોરીઓ, આપણે વળી શનિવારની અરધા દિવસની રજા કેવી? અને બને તો રવિવારે પણ કામ કરો, હોંશભેર મહેનત કરો, આ છે અમારો ડૉઈશલૅન્ડ સારલૅન્ડ, હ્રાઈનલૅન્ડ ફાધરલૅન્ડ,—જર્મની.

લોખંડ, કાચ, ઝીણુંઝીણું ઓજારી કામ, નાનેથી મોટું સાંચાકામ, ઘર બાંધવાથી માંડી ઘરમાં રાખવાનાં રાંધણ–સીવણ વગેરેનાં હરેક જાતનાં સંચાકામ અહીં બને.–ના, અહીં શું નહિ બને એનો જ આપણે ખયાલ કરવો રહ્યો. અને એક ડ્યુસલડોર્ફમાં બધું બને તો એની આજુ-બાજુ ડ્યુસબર્ગ, વુપરટાલ, સોલિંગન, તેમજ નીચે જરા દૂર કોલોન મૅન્ઝ, ફ્રૅંકફુર્ટ ચાલ્યા જ જાઓ, ત્યાં શું શું ન બને? એકે એકર જગ્યા એવી ખાલી ન મળે જ્યાં ફળફૂલ કે દરાખ-અનાજ ઊગતાં ન હોય, યા મિલ મશિનરી ધમધોકાર ચાલતી ન હોય, અને જાતજાતનાં કારખા-નાંમાંથી પોતાની પ્રજા માટે તો ખરો જ, પણ બહાર મોકલવાને અઢળક માલ પેદા થતો ન હોય. બસ ટ્રામ ટ્રેન ઍરોપ્લેન સ્ટીમર લૉંચ હોડી, હોડકાં, ટબ, જમીનથી ઊંચે લટકીને ચાલતી ગાડી; અને તે ઉપરાંત રસ્તાઓ ઉપર, આ ખંડાએલા જમીનદોસ્ત થએલા જર્મનીએ પોતા માટે તેમજ બહાર અમેરિકા સુધી વેચવા મોકલવા માટે તૈયાર કરેલી તરેહતરેહના રૂપઘાટની અને સગવડવાળી સપાટાબંધ મોટરો ધમધમે તે જુદી.

પણ આપણે આ આડા ચાલ્યા. આ દેશની ઔદ્યોગિક પ્રવૃત્તિ સાથે આપણે ક્યાં અત્યારે સંબંધ છે? એ તો જાણીતી વાત છે. ત્યાર વિના, બે હજાર વર્ષમાં આપણે જે નથી કરી શક્યા તે એ પ્રજાએ દસ જ વર્ષમાં હાંસલ કર્યું છે? ભૂખમરો હતો, આજે ત્યાં ભૂખમરો નથી. માર્કની નોટો જે ઢગલાબંધ રખડતી હતી એવી કોડીની કિંમતની થઇ ગઈ હતી એની આજે જુદી જ પરિસ્થિતિ છે.

મારે હ્રાઇનલૅન્ડ અને હ્રાઈન નદી જોવી હતી. એ માટે આગગાડીના રસ્તા સમજવા બેઠો. ડ્યુસલડોર્ફ સ્ટેશનની બરાબર સામે એક નાનકડી દુકાન. દસ માણસ ભાગ્યે ઊભા રહે એવી. ત્યાં ડ્યુસલડોર્ફથી યુરોપના કોઈ પણ ખૂણે જવું હોય ત્યાંની ટિકિટ મળે. સ્ટેશન પર તો મળે જ, પણ આ પેઢીનું આ જ કામ (અને એવી તો કંઈક પેઢી આ સ્ટેશનની સામે); એટલે ત્યાં ગયો. મને ડ્યુસલડોર્ફથી હ્રાઈન નદીને કાંઠેકાંઠે સ્ટટગાર્ટ સુધી જઈ, ત્યાંથી હાઇલબ્રોન–વુર્ઝબર્ગ તરફ થઈ, ફ્રૅંકફુર્ટ ઊતરી, પાછા હ્રાઇનને બીજે કાંઠેથી બૉન, કોલોન થઈ ફરી આવવાની ટિકિટ જોઇએ. મેં વિગતવાર માગણી કરી, કે દસ જ મિનિટમાં, સળંગ તેમજ લોકલ ગાડીઓ પકડવાના ટાઇમની યાદી સાથે, સ્ટેશન-વાર, ઊપડ–પહોંચની તથા એના કનેકશનોની વિગતો સાથે, (ફરી લખું છું–દસ જ મિનિટમાં) ટિકિટ મળી... ટિકિટો નહિ–એક જ ટિકિટ.

ત્યાંથી આવી, ડ્યુસલડોર્ફથી હૉલૅન્ડ–આમ્સ્ટર્ડામમાં બે કલાકનું કામ પતાવી, પારી(સ) પહોંચી, તે જ રાતે પારી(સ)થી નીકળી પાછા ડ્યુસલડોર્ફ આવવાની ટિકિટ પણ મને જોઇએ. તો તે એ જ ઘડીએ બીજી દસ મિનિટમાં હૉલૅન્ડ, બેલ્જિયમ પારી(સ)ની ગાડીઓના સમય સાંધણ તથા રીઝર્વેશનના તેમજ ડબ્બાના નંબર સાથે હિસાબ ગણી હાથમાં પધરાવી દીધી.

જન્મ્યો તો ૧૯૦૧માં, પણ ૧૯૦૬થી સવારનો અને સાંજનો ફાસ્ટ (અમદાવાદથી મુંબાઈ અને મુંબાઈથી અમદાવાદ જતો) વડોદ-રાથી જોતો આવ્યો છું. આજે ૧૯૬૦–૧૯૬૧માં પણ જોઉં છું, એમાં વારંવાર મુસાફરી કરું છું: સવારે દસ ને વીસે, સાંજે પાંચ ને પાંચે. પંચાવન વર્ષના આ ગાળામાં બેવડી લાઇનો થઇ છે, પરદેશથી વધારે ઝડપનાં કૅનૅડિયન યા જર્મન વલ્કન ઍંજિનો આવ્યાં છે. સ્વતંત્રતા મળ્યા પછી વડોદરામાં તેમજ બીજે રેલવે-વ્યવહારના શિક્ષણની નવી નવી ખાસ નિશાળો નીકળી છે, છતાં એ જ ઝડપે, એ જ ગતિએ હજી ગાલ્લાં દોડે છે. સિંહની દોડ કલાકના પાંત્રીસ માઈલની, ઘોડાની તો એથીયે વધ રે, પણ ડભોઈ–જંબુસર યા અમદાવાદ–પ્રાંતીજની ગાડીની દોડ કલાકના બારની હજી આજે વર્તાય છે!–સિંહથી ત્રીજા ભાગની! ૧૯૩૯માં મુંબાઈથી દિલ્હી જતો ફ્રન્ટીઅર મેઇલ જે વખત લેતો એનાથી વધારે વખત, આજે લડાઈ પછી અને દેશ સ્વતંત્ર થયા બાદ ફ્રન્ટીઅર મેઈલ લે છે–એ હકીકત છે. પણ એ તરફ આંખ આડા કાન કરવામાં જ ડહાપણ છે. ત્યાંની ટ્રાન્સ યુરોપીઅન એક્સપ્રેસ (ટી. ઈ. ઇ)માં મુસાફરી કરવી એ એક લહાવો છે. ઝડપ તો સિત્તેર એંશી માઈલની, એ વાત જવા દઈએ, તો યે ગાડીમાં જે સગવડ—એનું બયાન આપણે પારી(સ) જતાં કરીશું.

હું ટિકિટો લેતો હતો, ત્યાં મને અંગ્રેજીમાં વાતચીત કરતો સાંભળી, પોતાની ટિકિટ લેવા આવેલો એક જુવાનિયો મારી સાથે વાતે વળગ્યો. મેં એને એની ટિકિટ લઇ લેવા કહ્યું, અને એ દરમ્યાન હું ત્યાં બેઠો. પછી અમે બંને બહાર નીકળ્યા, તે રાતે સાથે જમ્યા, અને પોતપોતાના હોટેલમાં ગયા ત્યાં સુધી સાથે ફર્યા અને વાતો કરી.

એનું નામ ગિબસન, સામ ગિબસન. મજેનો નાનો છોકરો. હશે આશરે અઢાર-વીસનો. પહેલી વાર આ બાજુ આવ્યો હતો. જર્મન ન આવડે. એને હૉલૅન્ડ જવું, પણ તે પહેલાં ડ્યુઅસલડોર્ફની નજીકમાં ઉત્તરપૂર્વમાં મોહને ડૅમ જોવા જવાનો એનો ઇરાદો. એટલેકે પ્રખ્યાત રૂહરલૅન્ડ, હેનોવર જવાનો ધોરી રસ્તો. એની પાસે તો નકશો, રેલવેનો તેમજ મોટરનો. અમે એક રેસ્ટોરાંમાં બેસી એ જોતા હતા ત્યાં મને રૂહરલૅન્ડની એક વાત તરત જ યાદ આવી. એમાં શેનોન અને ગિબસન યાદ આવ્યા, અને એ......

પણ હું તમને શા માટે એ કહું? આ ગિબસન શા માટે એ ડૅમ જોવા જતો હતો એનું કારણ એ જાતે જ કહે તે જ સાંભળો. કારણ તો બરાબર, પણ એના મીઠા અવાજે એ આખો યે રોમાંચક કિસ્સો નવેસરથી મને સાંભળવાની મજા પડી, તો તમને કેમ નહિ પડે? તો તમે પણ તે સાંભળો. એ હું જરા ટૂંકાવીને રજૂ કરું તો માફ કરજો.

“વૉલિસનું નામ તમે સાંભળ્યું છે? ઇંગ્લંડને ૧૯૩૯ના બીજા મહાયુદ્ધમાં સહારો આપનારો એ વૈજ્ઞાનિક. એ એક નવી જાતનો બૉંબ શોધવા મચી પડેલો. લડાઇનો ધડાકો સાંભળ્યો તે જ દિવસથી એના મગજમાં ભડાકા થવા માંડ્યા. જર્મનીનો કોલસો, એને મળતું તેલ, અને રૂહર નદીને મળતી હૅવે નદીનું અને મોહને તળાવનું પાણી, આ ત્રણ વસ્તુઓ જો છિન્નભિન્ન કરી શકાય તો જર્મની હારે જ, ચોક્કસ હારે. એમાં એણે મોહને તળાવનો બંધ પકડ્યો. એની બાંધણીની પાકી ખબર કાઢી. પુસ્તકાલયો ફેંદ્યાં, વિગતો મેળવી, અમુક જ ઊંચાઇએથી પાણીમાં છરતો અમુક જ વજનનો બૉંબ પડે, તે જમીનમાં ઊતરે, ત્યાં જઈ ફૂટે, પાણી ડહોળાય–એટલા જોરથી કે એના દબાણથી ભીંત તૂટે, આવી કંઇક ગણતરીને ઘટતો આકાર આપવામાં એ ગૂંથાયો. વજન, એના પ્રમાણમાં વેગ, એના પ્રમાણમાં અંદરનું દબાણ...ગણતરી, બસ વૈજ્ઞાનિક ગણતરી. એણે એના એ નવા શોધાનાર બૉંબનું નામ પણ ‘અર્થક્વેક–ધરતીકંપિયો–બૉંબ’ આપી દીધું.

આ મોહને ડૅમ એટલે મોહને તળાવમાંથી વહેતી હૅવે નદીનાં પાણીને જેણે બાંધી દીધાં હતાં તે. એ નદી આગળ જતાં રૂહર નદીને મળે; પણ અધવચ્ચે જ એના ગળામાં ફાંસો નાખી દીધો હતો. મોહનેનો બંધ તળિયામાં ૧૧૨ ફીટ જાડો, ૧૩૦ ફીટ ઊંચો...પણ એ ગણતરીમાં આપણે નહિ પડીએ. આટલો મજબૂત, આટલો પાકો એ બંધ. અને એ બંધને વૉલિસે તોડવો એ વાત ચોક્કસ.

દિવસોના દિવસો સુધી એણે લાયબ્રેરીઓ ને એન્જિનીઅરિંગ વિભાગોમાં ખાંખાંખોળાં કરી બંધ બાંધવાની ઢબછબ તથા બાંધણી ઉપર માહિતી એકઠી કરી. કૉંક્રીટના થરો અને એની ટક્કર ઝીલવાની શક્તિ વિષે પાકી ગણતરી કરી લીધી. પહેલી ત્રિરાશીમાં દસ ટનના બૉંબમાં સાત ટનનો વિસ્ફોટક પદાર્થ ઠાંસ્યો હોય અને ચાળીસ હજાર ફીટની ઊંચાઇએથી એને નીચે નાખવામાં આવે, તો દર સેકંડે ૧૪૮૦ ફીટનો એનો વેગ થતાં સામાન્ય પ્રકારની ધરતીહોયતોએકસોને પાંતરીસ ફીટનો ખાડો પાડી દે, અને પછી ફૂટતાં...પાણી, ઊંડાઈ, કૉંક્રીટની સખ્તાઈ, દર સેકન્ડે વધતી જતી ઝડપ, દબાણ, હવામાં તેમજ નીચેનું ઘર્ષણ, નાંખવા–પડવા વચ્ચેના સમયની આંકણી વગેરેની ઝીણામાં ઝીણી ગણતરીઓ કર્યા પછી વૉલિસ સાહેબે કાગળ ઉપર આ ઘટનાનો પૂરો તાળો મેળવ્યો.

હવે રણશૂરાઓ સાથે કામ લેવાનું. બધું જ સીક્રેટ—ખાનગી, ખાનગી. અત્યંત ગૂઢ રાખનારા દફતરદારો સાથે ગુફતેગો કરવાની. અને આપણા વૉલિસ સાહેબને યુદ્ધ સંચાલકોના દફતર વહીવટના રસમ-રિવાજોની જાણ નહિ, એટલે આમથી તેમ આંટા મારવામાં જ થોડો વખત તો નીકળી ગયો. પછી લૉર્ડ બીવરબ્રુક સાથે મસલત ગોઠવાતાં એની આખી વાતને હસી કાઢવામાં આવી. એ નિરાશ થયો. પાછી હિમ્મત એકઠી કરી, ફરીથી વૉર ઑફિસના દરવાજા ખખડાવ્યા. એની એ જ વાત, સમજાવટ, ચર્ચા, ખુલાસા. એક પક્ષે એક ઉત્સાહી વૈજ્ઞાનિક બીજે પક્ષે જડસુ જડભરત લડવૈયાઓની સમિતિ. એમાં એક જણના મગજમાં કંઈક ઊતર્યું, અને અખતરા કરી જોવાનું ઠરાવવામાં આવ્યું. ૧૯૪૨ના ડિસેમ્બરમાં ઇંગ્લંડના દખ્ખણ કિનારા પર ચેશીલ બીચ ઉપર એ બૉંબ નાખવાના અખતરા કરવામાં આવ્યા. પહેલા બૉંબની કંઈ અસર થઈ નહિ. નિરાશ ન થતાં વૉલિસે બૉંબનાં અસ્તર વધારે ઘટ્ટ બનાવ્યાં અને ધાર્યું પરિણામ આણ્યું. ૧૯૪૩ના ફેબ્રુઆરી સુધીમાં તો ભારે આસ્માની-સુલ્તાની વીતી ગઈ. એને હા પાડવામાં આવી, ના પાડવામાં આવી. એણે મમત કર્યો ત્યારે વૉર ઑફિસે ‘એ ડખલ-કર્તા છે’ કહી એને બળવાખોર જાહેર કરવામાં આવ્યો. એણે નાસિપાસ થઈ કામ છોડી દેવાનો નિર્ણય પણ કર્યો. ત્યાં સર ટૉમસ મર્ટન સાથે એનો ભેટો થયો અને તરત ચર્ચિલને કાને વાત ગઈ. પરિણામે માર્ચમાં જે ખર્ચ થાય તે કરવો અને આ પ્રયોગ અજમાવી જોવો એવા ચર્ચિલના હુકમ નીકળ્યા, અને એ પાછો પોતાની પ્રયોગશાળામાં રાતદિવસ કામ કરવા મચી પડ્યો.

ભાવિ પોતાની ઘટના કઈ રીતે યોજે છે તે તો જુઓ! એ જ ૧૯૩૯ના ઑગસ્ટ મહિનામાં રૂહર પ્રદેશના એક જર્મન એન્જિનીઅર ડિલગાર્ટને આ બંધની સાચવણી વિષે વિચાર આવતાં મે મહિનામાં એમાં છલોછલ પાણી ભરાયું હોય ત્યારે, એના બચાવ માટે પૂરતા સંરક્ષણની આખી યોજના એણે હિટલરને લખી મોકલી હતી. પણ હિટલરે એ સંબંધમાં ‘એવી ચિંતાઓ કરવાની જરૂર નથી’ એવું જવાબમાં લખી પણ વાળ્યું હતું!

હવાઈ દળના સેનાપતિ હવે ઍર માર્શલ રાલ્ફ કોક્રેન નિમાયા હતા. સુભાગ્યે વૉલિસને એ પચ્ચીસ વર્ષથી ઓળખે. કોક્રેને બાજી પોતાના હાથમાં લીધી. યોજના ઘડી કાઢી. પહેલી પૂંછમાં તો હવાઈ જહાજ ચલાવનારાઓનો એક નાનકડો કાફલો જમાવવાનું નક્કી કરવામાં આવ્યું. વીણીવીણીને ચુનંદા જુવાનિયાઓને એ કામ સોંપવામાં આવ્યું. એ ટોળીના નાયક તરીકે ગિબસનને નીમવામાં આવ્યો: દેખાવડો, બાંધી દડીનો, અચ્છો નીડર જવાન. તાજેતરમાં જ સ્ટટ-ગાર્ટ શહેર ઉપર બૉંબ નાખી પાછો ફરેલો. રસ્તામાં એનું પ્લેન બગડ્યું, છતાં બૉંબ ફટકારી, નીચાણમાં જેમતેમ ઊડીને છ મહિનાની રજા ઉપર ઊતરવાની હોંશમાં એ પાછો આવી રહ્યો હતો, કેમકે આ એનો ૧૯૩૯ પછી યુદ્ધમાં એક સો ને તોંતેરમો આંટો હતો.

રજાની વાત બાજુએ રહી. પચ્ચીસનો આ જુવાન, એને કાફલાનો અગ્રણી બનવા પૂછવામાં આવ્યું. એણે ડગમગતા મને હા પાડી. કયા વિસ્તાર ઉચ્છેદવાના, ક્યારે વેપલો ખેડવાનો, એ વિષે કશી માહિતી નહિ, અને એની નેતાગીરી હેઠળ કાફલાની રચના થવા માંડી. કાફલો નંબર ‘એક્સ’ એ સિવાય કશી બીના કોઈ જાણે નહિ. એના સાથીદારોમાં એણે પોતાના જૂના ગોઠિયાઓને પણ ગોઠવ્યા: હેનરી, મેકાર્ટની, બરપી. ઉપરાંત હોપગુડ, માર્ટિન, યંગ, માલ્ટબી, બાર્લો, રાઈસ, મનરો—બધા ખડતલ, કસાએલા, અનુભવી, વિશ્વાસપાત્ર નવલોહિયા જુવાનિયા.

સૌ કોઇને પોતાનાં હવાઇ જહાજો લઈ નીચાણમાં સરખી રીતે ઊડવાની ઝીણવટભરી તાલીમ આપવામાં આવી. ઈંગ્લંડમાં સ્કૅમ્પટનમાં કાફલો યોજાયો. ગિબસન અને વૉલિસે દરરોજની મસલતો શરૂ કરી

દીધી. એક ઠેકાણે ઉત્તરમાં એક ખાસ બંધ બાંધવામાં આવ્યો. એને તોડવા માટે અખતરાઓ કરવામાં આવ્યા. ઓજારો, હથિયારો, ઓઢવાનાં, બૅટરી, ખાવાનાં પડીકાં, બૂટમોજાં જાતજાતની હજારો વસ્તુઓ એ કિલ્લા જેવી જગ્યામાં જમા થવા માંડી. જ્યાં તાલીમ ત્યાંથી કોઈ તસુ ખસે નહિ. તાર-ટેલિફોન-ટપાલ સાથે કોઈ કશો સંબંધ નહિ. ખાનગી એટલે ખાનગી. ભેદભરમનો દુશ્મનને અણસારો સરખો જાય તો બાર વાગી જાય. ૨૧માર્ચ પહેલાં બધી તૈયારી પાકી થઈ જવી જોઇએ, અને થઈ ગઈ. મૂળ વાત જાણે ફક્ત કોક્રેન અને વૉલિસ; ગિબસન સુદ્ધાંને હજી કશાની ખબર નથી, ભેદની જાણ નથી.

આપણે હવે ઝપટ મારીએ. વૉલિસ, ગિબસનને હવામાન, ઝાકળ, રાતનું અરુંપરું અંધારું-અજવાળું, પાણીની સપાટી, કલાકના અઢીસો માઇલની સવારી, સાઠ ફીટની ઊંચાઇએથી બૉંબને ફટકારવાનો–(બરોબર સાઠ જ—એક ફૂટ ઊંચે કે નીચે નહિ, સાઠ એટલે સાઠ) વગેરેની સમજ આપવામાં ગૂંથાયો. દરરોજ રાતે ઉત્તર ઇંગ્લંડનાં તળાવો ઉપર સાઠ ફૂટ ઊંચે રહી તાકવાની, અંધારામાં જોવાની કપરી તાલીમ શરૂ થઇ. મે મહિનામાં ૧૩માથી ૧૯મી સુધીમાં અજવાળિયું મળે, છ-સાત દિવસ ચન્દ્રનો પ્રકાશ સારો, એનો લાભ લેવાનું નક્કી થયું.

દિવસો જતા ગયા તેમતેમ ઊડનારી ટોળીને મનમાં ચોક્કસ થવા માંડ્યું કે આ અત્યંત ખાનગી રાખવામાં આવતી વાતનો અર્થ એક જ કે એક દિવસ દુશ્મનના કોઇ અડ્ડા ઉપર છાપો મારવાનો છે, પણ ત્યાંથી પાછા જીવતા આવવાની વાત વ્યર્થ છે. જિજ્ઞાસા વધતી જતી હતી. જુવાનિયાઓને પોતાનાં પ્રેમનાં લફરાંને યા પરણેતરોને એક વાર મળવાની ઇંતેજારી હતી. ત્યાં અચાનક એક દિવસ વૉલિસ અને ગિબસને બધાને એક ખાસ ઓરડામાં એકઠા કરી ભરમ ભાંગ્યો. રૂહરલૅન્ડનો મોટો વિશાળ નકશો—ગિરિતળેટી, નદીતળાવ, શહેર-રસ્તા વગેરેની ઝીણીઝીણી વિગતોથી ભરપૂર નકશો સૌકોઇની નજર આગળ છતો થયો. એમાંની બધી વિગતો મનની તાસક ઉપર ચોંટાડી દેવાનો હુકમ થયો. અને પછી ગિબસને બાજુના ટેબલ ઉપર ગોઠવેલો મોહ્‌ને બંધના તળાવનો કપડે ઢાંક્યો આબાદ બનાવેલો ઘાટ ખોલી બતાવ્યો. એમાં લાકડીથી અમુક જગ્યા બતાવી એ જગ્યા ઉપર બૉંબ નાખવાની સૂચના કરવામાં આવી, અને વૉલિસે વિજ્ઞાનની દૃષ્ટિથી મુદ્દાઓ સમજાવવા માંડ્યા: 'અહીં, આમ, આટલી ઊંચાઇએથી જ, આટલી ઝડપથી, આ દિશા તરફથી, આટલા વજનના, આટલા વેગમાં જતા, પાણીના આ ભાગ ઉપર જ બરાબર નિશાન સધાવાં જોઇએ.'

બે-અઢી કલાક સુધી દરેકે દરેકને એનો પાકો પૂરો અભ્યાસ કરાવવામાં આવ્યો. એમાં દુશ્મને બચાવ માટે ક્યાં ક્યાં તોપો ગોઠવી હોવી જોઇએ એની ગણતરી પણ હતી. તરત જ નામો જાહેર થયાં. પહેલી હરોળમાં ત્રણ, બીજીમાં ત્રણ, ત્રીજીમાં ત્રણ, એમ નવનવની ટુકડીઓ—એવી પાંચ ટુકડીઓ જાહેર થઈ, અને વિમાનોમાં સામાન ભરાવા માંડ્યો. ઍર કમાન્ડર જાતે ત્યાં આવી ગયા. સાંજનું વાળુ સાથે થયું. ઉપર હવામાં હુકમો છૂટવાના, એના કોડ વર્ડ નક્કી થયા. ખાવામાં જેને જે કંઈ ખાવું હોય એની છૂટ હતી. આજે વળી રેશન કેવાં? પણ આવા વખતે હોંશથી ખાવા માટે કોનો જીવ ચાલે? આવતી કાલ જોઈશું તો બે ઇંડાં વધારે માંગી લઇશું.

મેની અઢારમી તારીખની રાત પડી. કોઇને ટેલિફોન સરખો થાય નહિ એવો સખત જાપ્તો. ઍર કમાન્ડરે દરેક સાથે હાથ મિલાવ્યા. નવ ને દસ મિનિટે સૌ પોતપોતાના હવાઇ જહાજમાં ગોઠવાયા. કમ્પાસો મંડાયા. દરેક ઓજારની હાલત ફરીફરીને તપાસાઈ. કોક્રેને હુકમ આપ્યો. નવ ને પચ્ચીસે પહેલી ગિબસની ટુકડી ઊપડી. એન્જિનો રણક્યાં, હવાનાં મોજાં રગદોળાયાં. એક પછી એક ટુકડીઓની કતારે આકાશમાં ઊડતી હરોળો બાંધી દીધી. રૅડીએટરો ધબકી રહ્યાં. એક જણ કૉકપિટમાં મોખરે, બીજો સાથીદાર બૉંબની છટકબારીના કબજામાં, ત્રીજો કમ્પાસની ગોઠવણી ઉપર.

આ ઇંગ્લંડનો કિનારો છોડ્યો અને દરિયો દેખાયો. બસો માઇલની ઝડપે દરિયો પણ અંધારામાં ડૂબ્યો અને હૉલૅન્ડની ધરતી નજરાણી. હવે હાથવેંતમાં જર્મની. ત્યાં તો સરહદ ઉપરની તોપોની જીભે વાચા ઉઘાડી. ઊંચે હવામાં ગોલંદાજી શરૂ થઇ ગઇ, પણ ત્રણ સિવાય બાકીના બધા સરહદ કુદાવી ગયા. અને પછી તો આગળ વધતાં આભલામાં સંતાકૂકડી રમાવા માંડી. નીચેથી લાલ મોંમાંથી તડાતડ ગોળાઓ ઊછળવા માંડ્યા. ફરી ગિબસને પોતાના રેડિયો પરથી હરોળબંધીનો હુકમ આપ્યો ને હરોળ બંધાઇ ગઇ. જે નંબરો નહોતા એની કચવાતે મને નોંધ લેવાઈ. પણ આ તો લડાઈ, એવી ઘટનાની શી નવાઇ?

હામ પ્રદેશ પાસેનો રેલવેનો યાર્ડ ચળક્યો. પછી કાળા ધાબા જેવી થોડી ડુંગરીઓ ઓળંગી કે મોહ્‌નેનો બંધ નજરાયો. પાણીના વિસ્તારને બાંધી રહેલી દીવાલની આગળ એક પછી એક ઊંચે આકાશમાં ટાંપી રહેલી તોપોની હારમાળા પણ જણાઇ. બાજુની બે બુરજ—ટાંકીઓ ઉપર તો ફરતી તોપોની કોઠી હતી. ગિબસને ફરીથી એક પછી એક બધાને રેડિયો ઉપર બોલાવીને હાજરી લીધી. આસ્ટેલે જવાબ ન આપ્યો, એટલે જાણ્યું કે ભેરુઓમાંથી એક બીજો નીચે પટકાયો. ગિબસને હુકમ આપ્યો: 'પહેલાં અમે ત્રણ ત્રાટકીએ છીએ. હું પડું તો હોપગુડ, તમારે કમાન્ડ લેવો. અમારી પછી બીજી ટોળી ત્રાટકે. એક, બે, અને...' પૂર્વ તરફ વળી એણે નીચે ઉડ્ડયન શરૂ કર્યું. વૉલિસે નોંધાવેલી વાતો મનમાં ફરી તારવી લીધી. હવે ત્રણ જ માઇલ દૂર. આ આવે બુરજો, અને બંધ, અને ભરચક પાણી! 'તૈયાર', 'હોશિયાર', 'નીચે નીચે...સિત્તેર, પાંસઠ...ફટકારો!'

દરમ્યાન તોપમારો ભભૂક્યો. 'બૉંબ નાખ્યો, સરદારે.' 'તો ભાગો ઊંચે.' અને બેચાર છરતી ગોળીઓ વાગી. મૂઆ ન મૂઆ એના વિચારમાંથી જાગે તે પહેલાં તો બચી બહાર દૂર નીકળી ગયા અને જરાક વળાંક લઇ બૉંબની અસર જોવામાં ગૂંથાયા. બૉંબ ધડૂક્યો, ફૂટ્યો, પાણીનો ગોટ ઊંચે ચડ્યો; બે પાંચ મિનિટ પછી પાણી પાછું પહેલાં જેવું સ્વસ્થ થઇ ગયું. ગિબસને બીજી ટોળીને ત્રાટકવા હુકમ આપ્યો. બીજો બૉંબ પાવરહાઉસ ઉપર અફળાયો. ત્યાં ધડાકો થયો. આગના ભડકા દેખાયા, પણ બંધ તો હતો તેવો જ રહ્યો.

હવે થયો ત્રીજો પ્રયાસ. એમાં બૉંબ પડે તે પહેલાં જ જર્મન ગોલંદાજોએ એ હવાઇ જહાજોના હવામાં ભુક્કા બોલાવી દીધા અને તેના ટુકડા વેરવિખેર થઇ ભોંય ભેગા થઈ ગયા. સાગરનાં મોજાં ઊછળે એમ, પવનના સુસવાટા આવે જાય એ રીતે, એક પછી એક હવાઈજહાજોની ટુકડી ત્રાટકવા ઝઝૂમતી હતી. મોખરે, આગળ નીકળી ગએલા ગિબસનના હુકમો છૂટતા હતા, અને આખરે માલ્ટબીના જહાજમાંથી વછૂટેલો બૉંબ બરાબર ગણતરી પ્રમાણે આબાદ પટકાયો, અને જળમાંથી જમીન સોંસરવો જતાં જ અંદરથી ફૂટેલા મસાલાએ પાણીના થોક ઉપર થોક ચડાવ્યા. તરત જ દીવાલમાં ગાબડું પડ્યું, અને એમાંથી ધસમસતાં હજારો ટન પાણીએ દીવાલને કડડ તોડી, જોતજોતાંમાં નીચે પથરાએલી આખી ખીણને એવી તો છલકાવી દીધી કે પૂરપાટ દોડતી જતી બે ત્રણ મોટર ગાડીઓની પાછલી લાલ બત્તી જે જરાતરા દેખાયા કરતી હતી તેને અને પછી આખી ગાડીઓને ગળી જઇ, એક માતેલા પ્રવાહની માફક પાણી વહેવા માંડ્યાં.

ગિબસને બને તો ઉપરથી થોડી છબીઓ લેવાનો મનસૂબો કર્યો.

એ માટે ઘટતો હુકમ આપી, ઇંગ્લંડમાં કાગને ડોળે રાહ જોનારા અધિકારીઓને જે ગૂઢ સંકેતમાં સંદેશો પાઠવવાનો હતો તે રેડિયો મારફત પાઠવ્યા, થોડાને કઈ દિશામાંથી તાબડતોબ પાછા ફરવું એની સૂચનાઓ આપવામાં તે ગૂંથાયો; અને પોતે, યંગ શેનૅાન, મોડસ્લે અને નાઈટની હરોળને લઈ હજી આગળનો ઈડર ડૅમ તોડવા ઊપડચો.

ઇંગ્લંડમાં સર હૅરિસ, ઍર કમાન્ડર કોક્રેન અને વૉલિસ માથે હાથ રાખી મૂગામૂગા કલાક જેટલી લાંબી લાગતી એકેક પળ વિતાવી રહ્યા હતા. ત્યાં જેવા તારના ટપટપારા તડકવા માંડચા કે તરત એમનાં કાળજાં પણ ફફડવા શરૂ થયાં. અને બૉંબ નાખ્યાનો ને પછી બંધ તૂટચાનો સંકેત-સંદેશો આવ્યો ત્યારે વૉલિસના હરખનો પાર નહોતો. કોક્રેને હાથ લંબાવી એને અભિનંદન આપ્યાં, અને પછી બધા આખી રાતના જાગરણમાં પાછા આવનારની રાહ જોતા બેઠા. થોડી વાર રહી પોતપોતાની મોટરમાં સૌકોઈ સ્કૅમ્પટનના એર ફીલ્ડ તરફ ઊપડચા. ત્યાં ઓગણીસમાંથી દસ પાછા આવ્યા ત્યારે સવાર થઈ ગઈ હતી.

ચા-નાસ્તાના ખંડમાં બધા એકઠા થઈ મૂગામૂગા ચાની તૈયારી કરી રહ્યા છે, ત્યાં વૉલિસ બાકીના નવ જણા માટે વારંવાર પૂછ્યા કરે છે. પણ ગિબસન શો જવાબ આપે? આખરે દિવસ પથરાતાં, એકસો ને તેત્રીસમાંથી હજી તો મૂછ નથી ફૂટી એવા છપ્પન જુવાનિયાનાં ફરી મોં તો જોવાનાં છે જ નહિ, પણ એક હાડકી સરખી પાછી મળવાની નથી એની સૌકોઇને પાકી ખાતરી થઈ ગઈ. વૉલિસને ત્યારે જે અજંપો થયો તે એવો હતો કે લશ્કરી અફસરોએ એને આખરે સમજાવી-પટાવી ઊંઘવાની ગોળીઓ આપી ઊંઘાડી દીધો.

પછીની વાત બહુ લાંબી નથી. ૬૧૭ નંબરના એ કાફલાના બચેલા વીરલાઓને સારી જેવી છુટ્ટી આપવામાં આવી. ફક્ત ગિબસને બે દિવસ બેસીને પોતાને હાથે ગુજરી ગએલા છપ્પન જુવાનિયાનાં સગાંવહાલાંને દિલસોજીના પત્રો લખ્યા. અહીં ઇંગ્લંડનાં છાપાંઓમાં તો વીજળીવેગે આ અદ્દ્ભુત સમાચાર ઝબકી રહ્યા, પણ રૂહર પ્રદેશમાં હવે પાણીની તંગીને લઈ આગ વરસી રહી. રસ્તા બધા બંધ, આગગાડીનાં કારખાનાંઓમાં ખાનાખરાબી, એકસોને પચ્ચીસ ફૅક્ટરીઓ બધી બંધ, અને નુકસાનીનો પાર નહિ! દુશ્મનના લડાઇના મોરચામાં ભારે મંદી આવી ગઈ. ગિબસન બે દિવસ રહી પોતાને ઘેર કુટુંબ ભેળો આરામ લેવા ગયો.

ત્યાર બાદ નંબર ૬૧૭ના એ કાફલાએ એ બૉંબ થકી જાતજાતના પ્રહારો કર્યા, છેક રશિયા સુધી ઊપડચા, ને દુશ્મનની કરોડ ભાંગવામાં ભારે ફાળો આપ્યો. ગિબસન એ પછી ચર્ચિલ સાથે અમેરિકા જઈ આવ્યો. ત્યાંથી પાછો આવીને ફરી એ રાતના દુશ્મનના અડ્ડાઓ ઉપર વૉલિસ સાહેબના શોધેલા બૉંબ નાખવાના કામમાં જોડાયો. અને...૧૯૪૪ના જુલાઈની ૧૧મી તારીખે રીડિટ ફૅક્ટરી ઉપર બૉંબ નાખવા માટે પાંચ જહાજોનો કાફલો લઈ ઊપડચો. નેમ સધાઈ ગઈ. ‘શાહબાશ સાથીઓ! હવે પાછા ઘર તરફ.’ એટલો એનો રેડિયો પર હુકમ સંભળાયો અને પછી શું થયું એની કોઇને ખબર નથી. હૉલૅન્ડમાં એનું પ્લેન પટકાએલું મળી આવ્યું અને ડચ લોકોએ એને ત્યાં જ દફનાવ્યો. લડાઈ બાદ રૉયલ કમિશને આ નવો બૉંબ શોધવા માટે બાર્ન્સ વૉલિસને દસ હજાર પાઉન્ડનું ઇનામ આપ્યું. રૉયલ એર ફોર્સમાં કામયાબી કરતાં જે વીરલાઓ ગુજરી ગયા, એમનાં બાળબચ્ચાઓના ભણતરમાં એ રકમ વાપરવી એમ નક્કી કરી એ રકમથી એણે એના ફાળાની શરૂઆત કરી.”

એના મિત્રોએ વૉલિસને યુદ્ધ નિમિત્તે કરેલી સેવાઓ માટે સરકાર તરફથી કંઇક તો લેવા ઘણું સમજાવ્યો, પણ એણે એક જ જવાબ આપ્યા કર્યો: ‘તમે બાઈબલમાંની પેલી વાત યાદ કરો.’ આ રહી એ કથા: સૅમ્યુઅલ ભાગ બીજામાંનું ૨૩મું પ્રકરણ વાંચો. ફિલિસ્ટાઇનોએ બેથલેહામનો કબજો મેળવ્યો ત્યારે ડેવિડ અદુલામમાં એક નાનકડી ગુફામાં સંતાઇ રહ્યો હતો. બેથલેહામના દરવાજા પાસેના કૂવામાંનું પાણી પુનર્જીવન આપનારું ગણાતું હોઈ એણે એટલું જ કહ્યું કે મને ફક્ત એક ઘૂંટડો એ કૂવામાંનું પાણી પીવા મળે તો કેવું સારું! ત્યારે એની સાથે ત્રણ જબરદસ્ત સાથીદારો હતા. એ ત્રણે એ પાણી લેવા દોડચા, અને દુશ્મનની હરોળ ભેદી અનેક કષ્ટો સહી એક મસક ભરી પાણી લઇ આવ્યા અને ડેવિડને આપ્યું. અને એ લાવતાં એ ત્રણે ઉપર શી શી આફતો વીતી હતી એનું પણ બયાન કર્યું. ડેવિડે એ પાણી પીધું નહિ ત્યારે પેલા સાથીદારોએ એને કારણ પૂછ્યું. તો એ કહે, ‘આ પાણી લાવવામાં એ થકી પણ વધારે અમૂલ્ય એવું માણસનું લોહી ખતરામાં વહ્યું, એટલે આ મનુષ્યનું લોહી જ નથી શું?’

યુદ્ધ ખતમ થતાં—કોઈ પણ પ્રકારનું યુદ્ધ ખતમ થતાં એમાંથી લાભ ઉઠાવનારાઓનું ટોળું તો ઘણા દેશોમાં કદાચ મળી આવશે, પરંતુ એ લાભને આવી રીતે જતો કરનારા નિ:સ્વાર્થીઓ આપણે શોધવા બેસીશું તો કેટલા જડશે?

આ અને આવા બીજા વિક્રમોના વિજેતા એ વિંગ કમાન્ડર ગાઈ ગિબસન, વી. સી., ડી. એસ. એ.નો આ મારી સાથે બેઠેલો દીકરો સામ ગિબસન અત્યારે એ રૂહર પ્રદેશમાંનો મુહ્‌ને બંધ જોવા જવા નીકળ્યો હતો, અને ત્યાર બાદ હૉલૅન્ડ જઈ એના પિતાની કબર આગળ અંજલિ આપવા જવાનો હતો.

(ચાલુ)

અનુસંધાન] **ફાનસ** [પૃ. ૧૬૨થી

છે કે તેમણે કદાચ એવો ખયાલ કર્યો હશે કે જે ફોજદારી મુકદ્દમાના સમર્થન માટે ફરિયાદ પક્ષને ત્રણ કલાક જોઇએ તે જરૂર પોલો હશે.

અદાલત બંધ થતાં ઉનાળાની રજાઓમાં હું કાશ્મીર ચાલ્યો ગયો અને કારકુનને કહેતો ગયો કે રજાઓ દરમ્યાન તો હું સુનાવણી વખતે હાજર નહિ રહી શકું માટે અપીલ અંગેના બધા કાગળો આરોપીની બહેનને પાછા સોંપી દેવા. પરંતુ તેણે તે કાગળો પાછા ન લીધા. એ તો ખૂબ રોઈ અને કકળી, એટલે અપીલ અંગે મારે કાશ્મીરથી આવવું પડ્યું.

પરંતુ મારે વસ્તુતઃ આવવાની જરૂર જ નહોતી. એ કેમ અને કેવી રીતે બન્યું તેની મને ખબર નથી, પરંતુ અદાલત પુનઃ બેઠી અને ફરિયાદ પક્ષના વકીલ દલીલો શરૂ કરવા ઊભા થયા કે બે જજોમાંથી એક બોલી ઉઠચા: ‘ઓહ, આ તો પેલો જ મુકદ્દમો છે, જેમાં ગેરહાજર અંગરક્ષક અને ફાનસનો કિસ્સો હતો. તો કહો, હવે તમે શું કહેવા માગો છો? ખરેખર, આમાં કાંઇ બહુ કહેવા જેવું હોય એવું અમને તો જણાતું નથી.’

મારા વિદ્વાન મિત્રે ખૂબ યત્નપૂર્વક પોતાની દલીલો રજૂ કરી. હું માનું છું કે તેમને પોતાને એવો વિશ્વાસ બેસી ગયો હતો કે આ હકીકત બધી સાચી છે. તેમણે બધાય પુરાવા અને સાક્ષીઓની જુબાનીઓનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કર્યો, પરંતુ તેનું કાંઇ પરિણામ ન આવ્યું. જજો તો પોતાનો નિર્ણય કરી ચૂકયા હતા. તેમણે તો વારંવાર એક જ વાત કહ્યા કરી ‘રાત એકદમ અંધારી હતી અને મૂસી ત્યાં હાજર નહોતો. ફાનસને તો ઘટનાસ્થળને અંગે ત્યાં લાવવામાં આવ્યું હતું, તેથી કોઇ પણ પ્રકારની ઓળખ અસંભવિત હતી.’ એથી પણ આગળ જઇને તેમણે એવો ખયાલ કર્યો કે ‘સંભવ છે કે ખૂની પાસે ટાર્ચ હોય અને તે એક જ ઝટકે ગળું જુદું પાડીને તરત જ ત્યાંથી એકદમ નાસી છૂટચો હોય!’

ફરિયાદ પક્ષના વકીલની દલીલો પૂરી થઈ કે તરત જ ફેંસલો સંભળાવવામાં આવ્યો અને બાજપેયી છૂટી ગયો.

શાખારૂપ નદીઓ હોવા છતાં એના ધરાઓ સાબરના કરતાં વધારે ભયાવહ ને મગરોથી ભરેલા હોય છે. વળી હાથમતી અને હરણાવને જ્યાંત્યાં ઓળંગી ન શકાય; જ્યારે સાબર તો બધે જ સ્થળેથી સુસાધ્ય હોય છે, કારણ કે એનું વહેણ સમથલ જમીન ઉપર લગભગ સમધારણ જ વહ્યા કરે છે. આમ સાબર એ રૂપ, ગુણ અને મૃદુતામાં ગુજરાતની અપૂર્વ નદી છે. મોટી છતાં એ મૃદુ ને વિશાળ છતાં એ હળવી છે.

દેલવાડા ગામથી એક માઇલ દૂર, જ્યાં સાબર અને વાકળનો રમણીય સંગમ થાય છે ત્યાં, ચિત્રવિચિત્રેશ્વર મહાદેવનું મનોહારી સ્થાન છે. સંગમ ઉપર સહેજ ઊંચી છતાં સમથલ જમીનનો ત્રિકોણાકારનો એક ટુકડો એવી રીતે આવેલો છે કે એની બે બાજુથી વાકળ અને સાબર એ બંને જુદીજુદી નદીઓ ઉપર ઊતરી શકાય, જ્યારે વચલા ત્રિકોણની અણી જેવા ભાગ પરથી ઊતરીને સીધા સંગમ પર અવાય. એ જમીન પર ચિત્રવિચિત્રેશ્વરનું મંદિર, એક બાવાને રહેવાની ધર્મશાળાની ઓરડી અને બીજાં બે નાનાં ખંડિયેર જેવાં દહેરાં છે. એ મહાદેવને લગતી પાંડવોના ઉલ્લેખવાળી દંતકથા પ્રચલિત છે; પણ જ્યાંત્યાં પાંડવોને આણવા એ તો આપણા દેશનો રિવાજ જ છે એટલે એમાં કાંઈ ખાસ જાણવા જેવું નથી. આ દહેરાંઓની આસપાસની જમીનમાં ઘણાં ઘટાદાર વૃક્ષો ઊગેલાં છે એથી એક બગીચા જેવું બની રહ્યું છે. બરાબર સંગમ ઉપર જ હોવાથી આ સ્થળ અતિશય આકર્ષક લાગે છે. ચૈત્રી પૂનમે અહીં ભીલ લોકોનો એક જંગી મેળો ભરાય છે ને હજારો ભીલો આખો દિવસ અહીં નાચગાન કરવામાં ગાળે છે.

દેલવાડાનો સંગમ સૌંદર્ય અને સમૃદ્ધિમાં અગત્યનો છે. અહીં જ સાબરનો ખાસ દેહ બંધાય છે. બંને જુદીજુદી નદીઓ એક થઇને અહીંથી મોટી નદીનું સ્વરૂપ ધારણ કરે છે ને લાંબડિયા, ખેરોજ, ગઢા, લાંક વગેરે સ્થળોએ થઇને ભાણપુર–મારવડા પાસે, જ્યાં હરણાવ નદી મળે છે ત્યાં સુધીમાં બીજી એક પણ મોટી નદી નહિ મળવા છતાં, તે ચોમાસામાં ગાંડી સાબર તરીકે ઓળખાવા ને જનવ્યવહારને અટકાવી શકવા જેટલી મોટી બને છે.”


ઇતિહાસ ને પુરાતત્ત્વના ભારતીય વિદ્વાનોમાં પં૰ જયચંદ્ર વિદ્યાલંકારે મહાભારતના યુદ્ધથી માંડી વીસમી સદીના પ્રભાત સુધી આર્યાવર્તે અનુભવેલા ઇતિહાસની, અને સંસ્કૃતિની કરેલી આપલેની જે ટૂંકી તલસ્પર્શી અને છતાં ગ્રાહક સમીક્ષા આલેખેલી તે થોડી જ મિનિટના વાચનમાં ભારતના સમગ્ર ઇતિહાસની ચિત્રરેખા સંસ્કૃતિના સુવર્ણદોર સાથે અંકિત કરી જાય છે :

“આપણો ઇતિહાસ પ્રાચીન, મધ્ય અને અર્વાચીન એમ ત્રણ કાળમાં વહેંચાઈ જાય છે. પ્રાચીન કાળને પાંચ યુગોમાં વહેંચવામાં આવે છે. પહેલો એ આરંભિક આર્યોનો યુગ છે જે ઈ. પૂ. ૧૪૨૪ના મહાભારતના યુદ્ધ સાથે સમાપ્ત થાય છે. એ યુગ સમાજ ને રાષ્ટ્ર, જનો અને કબીલાઓ (tribes)નો બનેલો છે. પશુપાલન અને કૃષિ એ જનતાની જીવિકાઓ છે. એ યુગમાં વેદવાઙ્મય પ્રગટ થાય છે. આર્યાવર્તની સીમાઓ આ યુગમાં ઉત્તરે પક્થ (પઠાણ દેશ) અને ગાંધારથી પૂર્વે અંગ સુધી ને દક્ષિણે વિદર્ભ (વરાડ) સુધી છે.

બીજા યુગમાં જનપદો (territorials)નો વિકાસ થાય છે. ખેતીની સાથોસાથ બાગબાની પણ વિકસે છે ને અનેક શિલ્પો પણ પ્રકટી ઊઠે છે. વેપારીઓના ‘નિગમ’ બંધાય છે ને આર્થિક જીવન પરિપક્વ થતાં ધાર્મિક અને દીવાની કાનૂનનો પહેલવહેલો ઉદય થાય છે. ઉપનિષદો, યાસ્ક તથા પાણિનિનું સંસ્કૃત વાઙ્મય, અને પાલી ત્રિપિટક એ આ જ યુગની ઊપજ છે. બુદ્ધ અને મહાવીર પણ આ યુગમાં જ પ્રકટ થાય છે. આર્યોની વસતિ હવે કંબોજ (પામીર–બદખ્શાં)થી વંગ અને સિંહલ સુધી પહોંચી જાય છે ને તેનો વેપાર બાવેરુ (બાબિલન)થી સુવર્ણભૂમિ (હિન્દી ચીન) સુધી વિસ્તરે છે. નવ નંદોની શરૂમાં લગભગ ઈ. પૂ. ૩૩૬માં આ યુગ પૂરો થાય છે.

ત્રીજો યુગ નંદ (મૌર્ય) સામ્રાજ્યનો (ઈ.પૂ. ૩૩૬થી ઈ. પૂ. ૨૦૦ લગભગ) છે. મહાપદ્મ નંદ બધાં પુરાણાં રાજ્યોને મિટાવી આર્યાવર્તમાં એક રાજ્ય સ્થાપિત કરે છે, જેને બીજા મૌર્યો કંબોજથી કર્ણાટક સુધી ફેલાવે છે. પછી અશોક કંબોજના પૂર્વે ખોતન (ચીનાઇ તુર્કસ્તાન)માં એક ઉપનિવેશ (વસાહત) સ્થાપે છે; વિશ્વનો ધર્મવિજય કરવાની મુરાદ સેવે છે.

ઈ. પૂ. ૨૦૦થી ઈ. સ. ૨૦૦ લગભગનો ગાળો ભારતીય ઇતિહાસનો સાતવાહન યુગ છે. એ યુગમાં યવન, શક, પલ્લવ અને તુખાર જાતિઓ ભારતમાં પ્રવેશ કરી હિન્દુ બની જાય છે. ચીન અને ભારતનો સંબંધ બંધાય છે અને તારીમકાંઠા, પરલા હિંદ (further India) અને હિન્દી દ્વીપાવલિ (Insulindia)માં ભારતીય ઉપનિવેશો સ્થપાય છે. લલિતકળાઓમાં તેમજ સામુદ્રિક અને ખુશ્કી વ્યાપારમાં પણ ભારતવર્ષ વિશ્વનું કેન્દ્ર બને છે. આ એ જ યુગ છે કે જ્યારે રોમના નેતાઓ ફરિયાદ કરતા કે રોમની સ્ત્રીઓ ભારતથી આયાત થતી ‘વણેલી હવાની જાળી’ પહેરી પોતાનું સૌન્દર્ય



આપણે ત્યાં ચિત્રકળા ખૂબ ખીલવવાની જરૂર છે. ગૂઢ કાવ્યોની હરીફાઇ કરનાર ચિત્રકળાની હું વાત નથી કરતો. તે તો જેના ઉપર ઈશ્વરનો આશીર્વાદ હશે એ ખીલવશે. હું તો સામાન્ય ચિત્રકળાની વાત કરું છું. જેમ દરેક માણસને લખતાં વાંચતા ને ગણતાં આવડવું જોઇએ, નહાતાં ધોતાં કે પેન્સિલ ઘડતાં આવડવું જોઇએ અને આજકાલ જેમ દરેકને હાથે દાઢી કરતાં આવડવું જોઇએ તેમ જ ગમે તે કલ્પના અથવા યોજના ચિત્રબદ્ધ કરવાની અને પ્રમાણમાપના નકશાઓ દોરવાની કળા આવડવી જોઇએ. ચિત્રકળા વિહોણી કેળવણી હવે પછી વિ-ચિત્રને નામે ઓળખાશે, અને જેનામા ભૂમિતિની આકૃતિઓ ગમે તે ક્ષણે કાઢી બતાવવાની હિંમત નહિ હોય તેને હવે પછી અભણ તરીકે જ ઓળખવામાં આવશે. —કાકા કાલેલકર

આજ

આજ અંધાર ખુશબોભર્યો લાગતો
આજ સૌરભભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી
પમરતી પાથરી દે પથારી.

આજ એ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિંધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
મ્હેકતી આવતી શી સુગંધી!

ક્યાં કયું પુષ્પ એવું ખીલ્યું જેહના
મઘમઘાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો તાર ના ઝણઝણે
ક્યાં થકી સૂર કેરી ફુવારી?

ઉર આકુળ જે સૂર કાજે હતું
હરિણ શું તે મળ્યો આજ સૂર?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું
શું થઈ આવીઓ સુરભિ-પૂર?

પ્રહલાદ પારેખ


દેખાડવા રોમનું સોનું ભારતવર્ષ મોકલી રહી હતી. આ યુગમાં-ઈસુથી ૧૦૦ વર્ષ પહેલાં-ભારતીય નાવિકો પોતાનાં વહાણો સહિત જર્મનીને કિનારે જઈ પહોંચ્યા હતા. પતંજલિ અને નાગાર્જુન, ગૌતમ અને કણાદ, ચરક અને સુશ્રુત, ભાસ અને અશ્વઘોષ, ગુણાઢ્ય અને તિરુવલ્લુર આ યુગમાં જ થયા. શાસ્ત્રીય સંસ્કૃત, પ્રાકૃત અને તામિલ સાહિત્યોનો ઉદય પણ આ જ યુગમાં થયો. મનુ ને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિઓ આ યુગમાં રચાઈ. બારહુત અને સાંચીનાં તોરણો અને વેદિકાઓ, ભાજા અને કાર્લાના 'લેણ' અને 'સેલઘર' તથા ઓરિસ્સાની ગુફાઓ એ સૌ આ જ યુગમાં બન્યાં.

પ્રાચીન કાળનો અંતિમ યુગ તે વાકાટક-ગુપ્ત યુગ હતો, જેમાં સાતવાહન યુગની સમૃદ્ધિ અને સભ્યતા તેની ચરમ સીમા પર પહોંચે છે. એ પ્રવરસેન અને સમુદ્રગુપ્તનો, સ્કન્દગુપ્ત અને યશોવર્માનો, આર્યભટ્ટ અને કાલિદાસનો, વ્યાસ (યોગભાષ્યકાર) અને વસુબન્ધુનો, કુમારજીવ અને ફાહિયેનનો યુગ છે. પૃથ્વી સૂર્યની આસપાસફરતી હોવાનું ત્યારે ભારતવાસીઓ જાણતા થાય છે ને દશગુણોત્તર ગણનાની શોધ કરે છે. એ યુગમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય બલ્ખ પર ચડાઈ કરે છે. મધ્ય એશિયાના શકો ને તુખારોની ભાષા બ્રાહ્મી અક્ષરોમાં લખાતી થાય છે. એ યુગના સંસ્કારી જગતની સર્વ સભ્ય જાતિઓ ભારતીય આર્યોને વિશ્વના નેતા તરીકે માન્ય રાખે છે.

પરંતુ આ યુગ બાદ ભારતીઓ જાણે થાકી ગયા હોય તેમ પોતાને પૂર્ણતાએ પહોંચેલા માની લઇ આગળ વધવાનું છોડી દે છે, ને પુરાણોનાં ભાષ્ય, વ્યાખ્યા, ટીકા ને ટિપ્પણી કરવામાં જ પોતાનું શ્રેય માને છે તથા ઘાણીના બેલની જેમ તેની આસપાસ જ ફર્યા કરે છે.

ભારતીય કલા આ યુગમાં પોતાના ચરમ સૌન્દર્ય પર પહોંચે છે પણ તેમાં ગુપ્ત યુગ જેવા પ્રાણ કે ઓજસ નથી રહ્યાં. શિલ્પ અને વ્યાપારની સમૃદ્ધિથી મળતી ફાલતું પૂંજી મંદિરોની લલિતકળાઓમાં ઢગલા ને ઢગલાબંધ સંચિત થાય છે. આડંબર, રહસ્યવાદ અને ગુપ્ત પાપ બૌદ્ધ અને પૌરાણિક ધર્મોની અંદર ઘર કરી લે છે. એ વજ્રયાન અને વામમાર્ગનો યુગ છે; તે એટલે સુધી કે તેરમી-ચૌદમી શતાબ્દીમાં તો હેમાદ્રિ, નીલકંઠ અને કમલાકર ભટ્ટ મળી, ધર્મનિષ્ઠ હિન્દુની વર્ષભરની ચર્યા માટે ઓછામાં ઓછાં ૨૦૦૦ વ્રતો, પૂજાઓ આદિનું વિધાન કરે છે!

મધ્ય એશિયામાં પહેલાં જે શક, તુખાર



વગેરે જાતિઓ રહેતી હતી તે આર્ય હતી. પણ પ્રાચીન કાળના અંતમાં ત્યાં જે હૂણ લોકો આવી વસ્યા તે હવે તુર્ક નામથી પ્રસિદ્ધ થવા લાગ્યા. તુર્કો સિવાય તિબેટી અને અરબ એ બે નવી જાતિઓ હવે સચેત થઈ ઊઠી. અરબ લોક પુરાણા સંસારનાં રાજ્યોને એકાએક હલમલાવવા લાગ્યા. પરંતુ એટલામાં તો ચીનની ફોજે મધ્ય એશિયાથી આગળ વધી. તેણે અરબો તથા રોમની યે કમર તોડી નાખી, ઇરાનને મિટાવી દીધું ને ભારતની સીમા જે હેલમંદ નદી તેને પણ પાર કરી.

પણ આઠમી સદીની શરૂઆતમાં અરબોએ સિંધ પ્રાંત છતી લીધો. તેમણે અફઘાનિસ્તાનના હિન્દુ રાજ્ય પર અને સમુદ્રથી મહારાષ્ટ્ર પર અનેક હુમલા કર્યા, પરંતુ તે વિફળ ગયા. ત્યાં સુધી ભારત, રોમ કે ઇરાન જેવું બેઆબરૂ નહોતું થઈ ગયું. ચાલુક્ય અને ગુર્જર પ્રતિહારોએ સિન્ધ મુલતાનથી આગળ અરબોને વધવા ન દીધા. દસમી સદીના અંત સુધી પણ ભારતીય રાજ્યો પૂરાં મજબૂત રહ્યાં ને છેક બારમી સદી સુધી તે બહારની ચોટોનો મુકાબલો કરતાં રહ્યાં.

ઈ. ૧૧૯૪ લગભગ મધ્યકાળનો પહેલો યુગ સમાપ્ત થાય છે એને આપણે કનોજ અને કર્ણાટક સામ્રાજ્યોનો યુગ કહીએ છીએ. મૌખરિ રાજાઓએ કનોજને ફરીથી ભારતનું કેન્દ્ર બનાવી દીધેલું. અને એની જેમ જ કર્ણાટકમાં ચાલુક્યોએ, પછી રાષ્ટ્રકૂટોએ એક શક્તિશાળી સામ્રાજ્ય બનાવી રાખ્યું. દસમી સદીના અંતથી તો કર્ણાટક સારા ભારતનું નેતા બને છે.

મધ્યકાળનો બીજો યુગ દિલ્હી, લખનૌ અને દક્ષિણની સલ્તનતોનો યુગ છે જે ૧૧૯૪થી શરૂ થઈ ૧૫૦૯ સુધીમાં પૂર્ણ થાય છે. ભારતમાં પહેલી મુસ્લિમ સલ્તનતના સ્થાપવાવાળા અરબો નહિ, પણ મધ્ય એશિયાના તુર્કો હતા. માળવાને રસ્તે વિન્ધ્યમેખલાને પસાર કરી તુર્ક સત્તા મહારાષ્ટ્ર સુધી પહોંચી ગઈ. તોપણ પ્રાય: રાજસ્થાન ને ચેદિ (બુંદેલખંડ, બઘેલખંડ, ગોંડવાના, છત્તીસગઢ) તથા ઓરિસ્સા બરાબર સ્વતંત્ર રહ્યાં. કર્ણાટકે તુર્કોની પહેલી ચોટથી ઝટ સંભાળી લીધું ને વિજયનગરનું રાજ્ય સ્થાપિત કર્યું. તેની અને ઓરિસ્સાની વચ્ચે તેલંઘાના અથવા આન્ધ્રદેશ પણ લાંબો કાળ સ્વતંત્ર રહ્યો.

ઈ. ૧૫૦૯માં દીવ બંદરની સામે ગુજરાતી સુલતાન મહમ્મદ બેગડા અને મિસરના સુલતાનનાં સંમિલિત લશ્કરને હરાવી પોર્ટુગીઝોએ ભારતીય સમુદ્ર પર આધિપત્ય સ્થાપિત કર્યું તે અર્વાચીન કાળનો આરંભ ગણાય. ભારતના આંતરિક જીવનમાં ઇસ્લામની ચોટો ખાઈને હિન્દુ ધર્મમાં સંશોધનની જે લહેર ચાલી તે પણ આ સમયે પરિપક્વ બની. બરાબર એ જ સમયે કૃષ્ણદેવરાય વિજયનગરમાં, સાંગા (રાણો સંગ) રાજસ્થાનમાં ને બાબર કાબૂલમાં રાજ્ય કરતા હતા. બાબર તુર્ક હતો પણ તે અને તેનો વંશ મુઘલ નામથી ઓળખાય છે. ૧૫૦૯થી ૧૫૭૬ સુધીમાં ત્રણ વખતની કશમકશ બાદ ભારતમાં તેણે મુઘલ સામ્રાજ્ય સ્થાપિત કર્યું. ઈ. ૧૫૭૬થી ૧૬૬૬ એ મુઘલ સામ્રાજ્યનો વૈભવયુગ છે. એ વરસે આગ્રાથી શિવાજીનું નાસવું પુનર્જીવનની સૂચના દે છે. ૧૬૬૬થી ૧૭૨૦ સુધી મુઘલ સામ્રાજ્યના અંતિમ ઉત્કર્ષનો યુગ છે, જેમાં હિંદુ શક્તિ પરિપક્વ થઈ જાયછે. આમ ૧૫૦૯થી ૧૭૨૦ સુધીનો કાળ આપણા અર્વાચીન કાળનો પહેલો યુગ (મુઘલ યુગ) છે.

૧૭૨૦થી ૧૭૯૦ સુધી મરાઠી પ્રમુખતાનો યુગ છે. એના અંતભાગે અંગ્રેજો ભારતમાં એક નવી શક્તિના રૂપમાં દેખા દે છે. દક્ષિણ હૈદરાબાદમાં અંગ્રેજી 'સહાયક' સેનાની સ્થાપનાથી અને ટીપુના મૃત્યુથી અંગ્રેજો ભારતની પ્રમુખ શક્તિ બની જાય છે. ત્યારથી આપણા ઇતિહાસનો છેલ્લો યુગ-બ્રિટિશ પ્રભુત્વનો યુગ-શરૂ થાય છે (જેનો અંત ઈ. ૧૯૪૭માં આવીને ભારતમાં સ્વતંત્ર લોકશાહીના ગણતંત્રની સ્થાપના થઈ છે).

હિતચર્યા .... ૬] સ્નાનવિધિ

શ્રમ કે થાક દૂર કરનારાંઓમાં સ્નાન શ્રેષ્ઠ છે: स्नानं श्रमहराणां (चरक). ભારત જેવા ગરમ દેશમાં શરીરની સ્નિગ્ધતાનું શોષણ વધુ થવાનું. એથી શરીરબળ ઘટે છે. ઠંડા દેશોને મુકાબલે ગરમ પ્રદેશના લોકો વહેલા થાકી જાય છે. સ્નાનની શરીર પર થતી વિવિધ અસરોની વૈજ્ઞાનિક નોંધ આયુર્વેદજ્ઞોએ લીધી છે. વાગ્ભટ્ટ કહે છે:

दीपनं वृष्यमायुष्यं स्नानमूर्जा वलप्रदम्॥
कण्डूमलश्रमस्वेद तन्द्रातृड्याहपाप्मजित्॥

સ્નાન દીપન, વૃષ્ય, આયુષ્ય, ઉત્સાહવર્ધક તથા બલપ્રદ છે. તે કંડૂ, મળ, શ્રમ, પ્રસ્વેદ, તન્દ્રા (સુસ્તી), તરસ, દાહ અને પાપનો નાશ કરનાર છે.

સ્નાનને દીપન અને વૃષ્ય કહેવામાં કોઇને અતિશયોક્તિ લાગવાનો સંભવ છે; પણ ચામડીમાં રહેલું અગ્નિતત્ત્વ જળના શીતળ સ્પર્શથી અંદર જતું રહીને જઠરાગ્નિને બળ આપે છે, અને એ અર્થમાં સ્નાન દીપન છે. હેમંતમાં જઠરાગ્નિ અન્ય ઋતુઓને મુકાબલે વધુ પ્રદીપ્ત થાય છે તેમાં ઉપર્યુક્ત નિયમ કારણભૂત છે. બહારની ઠંડીનો સ્પર્શ ત્વચામાં રહેલા ભ્રાજક પિત્તને અંદર જવા પ્રેરે છે અને પરિણામે જઠરાગ્નિ માત્રાદ્રવ્ય તથા ગુરુદ્રવ્યને પચાવવાની ક્ષમતાવાળો થાય છે. સ્નાન પછી ભૂખ લાગે છે એ તો સૌનો અનુભવ છે.

સ્નાન આનંદપ્રદ છે; અને हर्षमान्मनसो वृष्यम् સ્નાન મનને હર્ષ પમાડે છે તેથી વૃષ્ય (ટૉનિક) છે. વાજીકરણ દ્રવ્યરૂપ અને અદ્રવ્યરૂપ એમ બંને પ્રકારનું હોઇ શકે. સ્નિગ્ધ અને મધુર પદાર્થો એ દ્રવ્યરૂપ વાજીકરણ છે. તેમ જ હર્ષ અને હર્ષને ઉત્પન્ન કરનાર સર્વ મનોભાવો અદ્રવ્યરૂપ વાજીકરણ છે. સ્નાન હર્ષજનક હોઈ એને વૃષ્ય કહ્યું છે તે ઉચિત જ છે.

સ્નાન ઊર્જાની વૃદ્ધિ કરનાર છે. ઊર્જા એટલે ઉત્સાહ. ઉત્સાહ એ મનનો ઉદ્યોગ છે. ઉદ્યોગી મન જ ચિંતન, વિચાર, ઊહ, ધ્યાન અને સંકલ્પ કરી શકે. ચિંતન કરી મન કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય કરે છે. વિચાર એ મનની તત્ત્વનિર્ણાયક શક્તિ છે. શાસ્ત્રાનુકૂલ તર્ક-વિતર્કથી કોઇ વિષય પર મન ઉહાપોહ કરે તે ઊહ. ધ્યેયપ્રાપ્તિ માટે મનનું ધ્યાન કેન્દ્રિત થાય છે. ગુણવાન હોય તે ઉપાદેય અને દોષયુક્ત હોય તે હેય એવો સંકલ્પ પણ મન દ્વારા થાય છે.

અન્ય પ્રાણીઓથી મનુષ્ય જુદો છે તે મનને કારણે. ઉપર્યુક્ત માનસપ્રક્રિયા એ મનુષ્યનું વ્યાવર્તક લક્ષણ છે. 'માનવી' શબ્દ પણ એ જ સૂચવે છે ને?

સ્નાન એ મનને–મનુષ્યત્વને ઉદ્યુક્ત કરનાર છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે હર્બર્ટ સ્પેન્સર નામના સમાજશાસ્ત્રના વિદ્વાને 'criminality habitually went with dirtiness of skin' એમ કહીને સ્નાનનો મહિમા ગાયો છે. મોટા ભાગના ગુનેગારો સ્નાનશીલ નથી હોતા એવો એ વિદ્વાનનો મત છે. શરીરના મેલ તરફ જેને ઘૃણા ન થાય એને મનોમાલિન્ય પણ સદી જાય. દેહશુદ્ધિ સાથે આંતરશુદ્ધિ જોડાએલી જ છે. સુશ્રુતે સ્નાનને 'પાપનું ઉપશમન કરનાર' કહ્યું છે તે યોગ્ય જ છે. અસામાજિક થઈ ગએલા ગુનેગારો અને ભિખારીઓને સ્નાનશુદ્ધિ ને સ્વચ્છ વસ્ત્રો સામાજિક બનાવવામાં મોટી મદદ કરે એ નિઃશંક છે.

સ્નાનની મહત્તાનું વિશેષ પ્રતિપાદન કરવાની જરૂર નથી. હવે સ્નાનવિધિ અંગેના કેટલાક મહત્ત્વના વિધિનિષેધો સંક્ષેપમાં જોઈ લઇએ.

કેવું પાણી?

શીત કાળમાં ખૂબ ઠંડા પાણીનું સ્નાન કફ અને વાયુનો પ્રકોપ કરે છે, તથા ઉષ્ણ કાળમાં અતિ ઉષ્ણ જળનું સ્નાન પિત્ત અને લોહીને વિકૃત કરે છે. એટલે ઠંડા કે ગરમ પાણીનો દુરાગ્રહ છોડીને ઋતુ અનુસાર પાણીનો ઉપયોગ કરવો. ઉનાળામાં પિત્ત અને રક્તની શાંતિ જરૂરી હોઈ શીતળ જળ હિતાવહ છે. શિયાળામાં વાતકફની શાંતિ અર્થે ઉષ્ણ જળ પ્રશસ્ત છે. ઉનાળામાં પણ જે લોકો ઠંડું પાણી સહન ન કરી શકે એમણે સુખોદકનો ઉપયોગ કરવો. સુખોદક એટલે શરીરને જે સુખકર લાગે તેવું નવશેકું પાણી.

ગરમ પાણી માથે રેડવાનો ખાસ નિષેધ છે. એથી આંખને નુકસાન થાય છે. એટલે માથા પર કદી ગરમ પાણી રેડવું નહિ. બલ્કે શીતળ જળનું શિરઃસ્નાન ચક્ષુષ્ય હોઇ માથા માટે ઠંડા પાણીનો જ ઉપયોગ કરવો. 'સ્નાન પછી સમ્યક્ વસ્ત્રથી શરીર લૂછી કાઢવું. અંગમાર્જનવિધિ કાન્તિપ્રદ છે તથા કંડૂ અને ત્વગ્દોષનો નાશ કરનાર છે. (ભાવમિશ્ર)' સમ્યક્ વસ્ત્ર એટલે સ્વચ્છ ટુવાલ. દરેક વ્યક્તિનો ટુવાલ અલગ જ હોવો જોઇએ.

નિષેધ

'અતિસાર, જ્વર, કર્ણશૂલ, વાયુના વિકારો, આધ્માન (આફરો), અરુચિ, અજીર્ણ આ બધાથી પીડિત અને તરત જમેલાએ સ્નાન કરવું નહિ. (સુશ્રુત)'

ઉત્સાદન

નહાતી વખતે તેલમિશ્રિત ઔષધોનું શરીર પર ઉદ્વર્તન (માલિશ) કરવું તેને 'ઉત્સાદન' કહે છે. બજારુ સાબુથી થતી ઉત્સાદનક્રિયા શરીરને નુકસાન કરે છે એ તો હકીકત છે. સાબુ શરીરને સ્નિગ્ધ કરવાને બદલે રુક્ષ અને બરછટ કરી નાખે છે. ઉત્સાદન માટેનું આ ચૂર્ણ ચામડીને માટે (બાળકોને ખાસ) હિતકર છે.

ચણાનો લોટ તોલા ૫, હળદર તો. ૦॥, આંબળાં તો. ૦॥ અને ચીકાખાઇ તો. ૦। આ બધાંનું લોટ જેવું ચૂર્ણ બનાવી તેલનો કરમો આપીને ડબામાં ભરી રાખવું નહાતી વખતે શરીર પર સાબુની માફક ચોળવું.

લાભશંકર ઠાકર

આપણામાં શુભપ્રસંગે કંસાર કરવાનો રિવાજ છે; પણ કંસાર-લાપશી કોઠાને બાંધનાર છે. ગૅસ અને નરમ દસ્તવાળાને માફકસર કંસાર કે ખારી થૂલી ફાયદો કરે છે, પરંતુ સખત કોઠાવાળાને કબજિયાતની અસર પહોંચાડે છે અને તેથી હરસ-મસાને જોર મળે છે.–ઘણી વાર મસામાંથી લોહી પણ પડે છે.

卐

બધાં જ ધાન્યો મધુર, ભારે અને કફ કરનાર હોય છે. એકાદ વર્ષ જૂનું ધાન્ય પથ્ય, હલકું ને હિતકારી હોય છે; પરતુ ઘઉં, બાજરી, જુવાર, જવ, તલ તથા અડદ તો નવાં સારાં. તે જૂનાં થતાં રસરહિત અને રુક્ષ થઈ ઓછાં ગુણકારી બને છે. (જનસત્તા)

કમળાનો ઉપચાર

'પ્રૅક્ટિશનર' માસિકના ૧૯૬૦ના ફેબ્રુઆરીના અંકમાં પાસિફિક મહાસાગરના ટાપુઓના પ્રવાસવર્ણનમાંથી એક ડચ દાક્તરનું વિધાન રજૂ કર્યું છે. ત્યાંના વતનીઓમાં કમળાનો રોગ પ્રચલિત છે. તેનો ઉપચાર કરતાં દાક્તરે જોયું કે સામાન્ય રીતે કમળો અમુક મુદતે જ મટી શકતો હોવા છતાં ત્યાંના દરદીઓ પોતાના ઘરગથુ ઇલાજથી ૩-૪ દિવસમાં જ સારા થઈ જતા. તપાસ કરતાં જણાયું કે એ દરદીઓ પોતાના માથાની જૂ ગળી જતા હતા! આ પછી દાક્તરે હૉસ્પિટલમાં જૂ મૂકીને એક દરદીને ગળાવી અને તેના આશ્ચર્ય વચ્ચે દરદી ત્રણ દિવસમાં સારો પણ થઈ ગયો. ('ભિષગ્ભારતી'ને આધારે)

વિરલ વિજ્ઞાની

આધુનિક વિજ્ઞાને શોધેલી અદ્ભુત ચીજો-માં રેડિયમનું સ્થાન ઘણું ઊંચું છે. એની શોધક માદામ મેરી ક્યુરીનો જન્મ પૉલેન્ડની રાજધાની વૉર્સોમા ઈ. ૧૮૬૭ની ૭મી નવેમ્બરે, અધ્યાપક સ્ક્લૉડોવસ્કીને ત્યાં થએલો. માતા પણ કન્યાશાળાની અધિષ્ઠાત્રી હતી. પાંચ ભાંડુઓમાં મેરી સૌથી નાની. છઠ્ઠે વર્ષે તે નિશાળે બેઠી ત્યારે તો ખૂબ જ શરમાળ હતી, પણ કવિતાના મુખપાઠ કે ઉત્તમ વાચનમાં એ સૌથી મોખરે રહેતી.

નવ વર્ષની વયે પહોંચી ત્યાં એની માતા અવસાન પામી. આ અરસામાં જ એને રશિયન શાળામાં ફરજિયાત દાખલ થવું પડ્યું કેમકે ત્યારે પૉલેન્ડ પરતંત્ર હતું. રાષ્ટ્રીય લાગણી ભર્યા એના હૃદય માટે ત્યાંનું ભણતર કંટક સમ હતું. પણ પિતાના વિદ્યાભ્યાસંગે એને ફ્રેન્ચ, જર્મન ને અંગ્રેજી સાહિત્યનો સારી પેઠે પરિચય કરાવ્યો. છતાં તેના પ્રિય વિષયો તો ગણિત અને ભૌતિકશાસ્ત્ર જ.

પંદરમે વર્ષે એણે શાળા છોડી. એ જ વખતે પિતાની તબિયત લથડતાં એને કામ શોધવું પડ્યું, અને આમ એ ઘરથી દૂરના એક ગામમાં ગવર્નેસ તરીકે ગઈ. અહીં એણે ગામનાં બાળકો માટે રશિયન સરકારથી ખાનગીમાં શાળા પણ ચલાવી. ઉપરાંત, રાત્રે એ પોતાનો અભ્યાસ આગળ ધપાવવા વાંચતી. ચાર વર્ષે એ ઘેર પાછી ફરી ત્યારે પિતાની સિફારસથી દર રવિવારે એક પ્રયોગશાળામાં કામ કરવાની તેને તક મળી ગઈ. બાકીના દિવસોમાં એ રોજી રળતી. આ અરસામાં પૉલેન્ડની પ્રજાની બુદ્ધિશક્તિ અને ચારિત્ર્યબળ ખીલવવા સ્થપાએલા એક ગુપ્ત મંડળ-



માં પણ એ ઉત્સાહથી ભાગ લેતી.

કામ કરી બચાવેલા પૈસા લઈ હવે એ અભ્યાસ અર્થે પારી(સ) ગઈ. ત્યાં એક કાતરિયું રાખી, ખાનગી શિક્ષણો આપી, ને રાતના ઉજાગરા કરી એણે અભ્યાસ આદર્યો અને બે વર્ષે પારી(સ)ની સૉર્બોં વિદ્યાપીઠમાંથી પહેલે નંબરે એમ. એ. થઈ. એ દરમ્યાન પ્રો. પીઅરી ક્યુરી સાથે કામ કરતાં કરતાં પરિચય વધેલો એટલે ૧૮૯૫માં બંને લગ્નગ્રંથિથી જોડાયાં. પ્રોફેસર સાહેબનો પગાર ઓછો એટલે બંને

સોનું અને સુગંધ

સોનું અને સુગંધ બંનેનો નિવાસ પૃથ્વી છે. પણ પૃથ્વીનાં પડ ઉખેડવાથી સોનું મળે, સુગંધ ન મળે. કમળમાં નૈસર્ગિક સૌરભ છે. માનવ સોનાનું કમળ ઘડે, પણ એમાં સૌરભ ન મૂકી શકે. સુગંધ નિસર્ગદત્ત છે, કૃત્રિમ રીતે ઉપજાવાતી નથી. માનવને સુવર્ણની અપેક્ષા તો રહે છે, પણ જીવનમાં સુવાસની કિંમત સોનાથી અદકી છે.

સુવાસ માનવના સંસ્કારમાં રહે છે. કુલક્રમાગત સંસ્કારોને માનવ જન્મથી પ્રાપ્ત કરે છે, જન્મ્યા પછી વિકસાવે છે, એ એના જીવનને સુવાસિત કરે છે. માનવ પોતાના પુત્રપરિવારને સોનાનો વારસો આપે છે તેમ સંસ્કારસૌરભનો વારસો પણ આપે છે. સોનું પેટીમાં રહે છે, સંસ્કારસૌરભ માનવના હૃદયમાં રહે છે. એ એનું અમૂલ્ય આંતર દ્રવ્ય છે.

સોનું અને સુગંધ એકત્ર હોય એવી વ્યક્તિ વિરલ છે. પુરુષ સોનું રળવામાં સુગંધને લગીર વીસરી જાય; પણ સ્ત્રીએ તો એ સુગંધને, સંસ્કારસૌરભને જમાનાઓ સુધી જાળવી રાખેલી છે. આ કાર્યવિભાગ પ્રાચીન છે: 'પુરુષ મેળવે અને સ્ત્રી કેળવે'. પુરુષ યુદ્ધમાં, વણજવહેવારમાં, નોકરીમાં રોકાઇ રહ્યો ત્યારે સ્ત્રીએ કુલસંસ્કાર જાળવ્યા અને કેળવ્યા–અને સંસ્કારી સંતતિ જણી અને કેળવી. રસ્કિને આ કાર્યવહેંચણીનો ઉલ્લેખ કરીને King's Treasuresમાં પુરુષનો સુવર્ણના ઉપાર્જનનો અને Queen's Gardensમાં સ્ત્રીનો સૌરભરક્ષણનો ધર્મ ઉપદેશ્યો છે.

એવા પણ પુરુષો થઈ ગયા છે કે જેઓ સોના સાથે સુગંધને જાળવી શક્યા છે. એવી પણ સ્ત્રીઓ થઈ ગઈ છે જેણે સુગંધ જાળવતાં અને ખીલવતાં, સોનું કમાવાની આવી પડેલી ફરજ અદા કરી છે. પણ હવે સ્ત્રીએ બુદ્ધિના ક્ષેત્રમાં, કાર્યશક્તિના પ્રદેશમાં પુરુષની બરોબરી કરી છે. એટલે જ પ્રશ્ન થાય છે કે હવે હૃદયનિષ્ઠ સંસ્કારને કોણ રક્ષશે? નર અને નારી બંને સોનું રળે ત્યાં સુગંધનું શું થશે? જ્યાં વર્ષો પહેલાં માત્ર પુરુષો જ દેખાતા એવાં અનેક ક્ષેત્રોમાં નારી નરની પડખોપડખ, નરના જેવું અને જેટલું કાર્ય કરવા લાગી છે. નારીની આવી આધુનિક પ્રગતિને સમાજ કે રાજ્ય રોકે તે શક્ય નથી, શક્ય હોય તો ન્યાય્ય નથી, ઇષ્ટ પણ નથી. નવાં ક્ષેત્રોમાં પોતાની શક્તિ અને સમય વાપરનારી નારી ગૃહિણી તરીકેનાં પોતાનાં કર્તવ્યો પણ, અગાઉની રીતે કરે એવી આશા આપણે ન રાખી શકીએ. નોકરીમાં શક્તિનો વ્યય કર્યા પછી ગૃહકાર્ય માટે પૂરતી શક્તિ શેષ ન રહે તો તે ક્ષન્તવ્ય ગણાય. આવી નારી પ્રત્યે સમભાવ દર્શાવવો જોઇએ અને ગૃહકાર્યમાં સહકાર આપવો જોઇએ.

પણ પ્રશ્ન માત્ર બહારની ફરજનો અને ઘરનાં કામકાજનો નથી, એની વહેંચણીનો, વ્યવસ્થાનો કે એમાં સહકારનો નથી. પ્રશ્ન છે એ, કે સ્ત્રી અને પુરુષ બંને સોનું રળવામાં રોકાશે ત્યારે સુગંધની–સંસ્કારસૌરભની જાળવણી ને ખિલવણી કોણ કરશે? પુરુષ તો બીચારો ક્યારનો આ સંસ્કારરક્ષણની જવાબદારી સ્ત્રી ઉપર નાખીને પરવાર્યો છે. હવે પ્રશ્ન આ છે: સોના પાછળ જેને દોડવું પડે છે એવી સ્ત્રી સુગંધથી વંચિત તો નહિ રહે ને? બુદ્ધિનો અને શક્તિનો વિકાસ સાધીને એનો દ્રવ્યોપાર્જનમાં ઉપયોગ કરતી નારીમાં હૃદયગુણનો હ્રાસ તો નહિ થાય ને? હૃદયનિષ્ઠ સંસ્કૃતિમાં નારી આજ સુધી નરથી પોતાની વિશિષ્ટતા જાળવી રહી છે. આત્મીયભાવરૂપી હૃદયગુણ નારીએ આજ સુધી નરથી વધારે કેળવ્યો છે.

આત્મીયભાવને વિકસાવવો, પરાર્થે સ્વસમર્પણ કરવું એ ગુણ માનવમાત્રમાં આવશ્યક છે; પણ લગ્નરૂપ સંબંધથી જે સમાજવ્યવસ્થા ઘડાઈ છે તેમાં પારકાંને પોતાનાં કરવાં એ ધર્મ માત્ર નારીને જ પ્રાપ્ત થાય છે, પુરુષને નહિ. જે જન્મથી સ્વજનો નહિ તેને પરણ્યા પછી સ્વજનો ગણવાં—સ્વજનોથી પણ વધારે ગણવાં એવી આવશ્યકતા વ્યાપક રૂપે નારીના જીવનમાં જ ઉત્પન્ન થાય છે. આ હૃદયગુણ નારીએ આજ સુધી જાળવ્યો છે, વિકસાવ્યો છે. તેમાં નોકરી કરવાને કારણે ઊણપ ન આવે એ સમાજને માટે ઇષ્ટ છે. આજ સુધી નારી પારકાંને પોતાનાં કરતી આવી છે તેને બદલે ભવિષ્યમાં પુરુષે પારકાંને પોતાનાં કરવાં પડે એવો સમાજવ્યવસ્થામાં ફેરફાર થાય તો તે જુદી વાત છે. એ ગુણ પુરુષે પણ કેળવવો જોઇએ. પણ સ્ત્રીઓએ તો કેળવ્યો છે જ;—અને એટલે જ એનો હ્રાસ ન થાય એ જેવાની જરૂર છે. —રામપ્રસાદ પ્રે. બક્ષી

સખત કામ કરતાં. ઘરકામ ઉપરાંત મેરી પતિને પ્રયોગશાળામાં મદદ કરતી ને પોતે પણ પ્રોફેસરની પદવી મેળવવા આગળ અભ્યાસ ચલાવતી, ને બીજે જ વર્ષે એ પદવી મેળવી.

ઈ. ૧૮૯૭માં એમને ઘેર પ્રથમ બાળકનો જન્મ થયો. બાળકની સંભાળ પણ મેરીને જ રાખવી પડતી. સદ્‌ભાગ્યે એ વખતે એના સસરા એમની સાથે રહેવા આવ્યા. મેરી કામ પર ચડતી ત્યારે તેઓ બાળકને સંભાળતા.

આ અરસામાં પ્રો. હેન્રી બેકેરલ નામે વિજ્ઞાનીએ યુરેનિયમની શોધ કરેલી. મેરીએ એ જ દિશામાં આગળ સંશોધન વધાર્યું. તેણે થોરિયમમાં પણ એ તત્ત્વ શોધી કાઢ્યું. અને તે પરથી બીજાં પણ કેટલાંક પ્રબળ તત્ત્વો અજ્ઞાત હશે જ એમ માની, અવિશ્રાંત પ્રયોગો પછી એ દંપતીએ 'રેડિયમ'ની શોધ કરી. ઑસ્ટ્રિયન સરકારે ભેટ આપેલા ૫૬ મણ 'પીચ બ્લૅન્ડ'નું સતત અન્વેષણ કરીકરીને પોણાચાર વર્ષે, ૧૯૦૨માં, મેરીએ એક ડેસીગ્રામભાર શુદ્ધ રેડિયમ તૈયાર કર્યું, જેની રોગાક્રાન્ત કોષોનો નાશ કરવાની શક્તિને કારણે સાડા સાત લાખ સોનાના ફ્રાંકની કિંમત અંકાતી. પણ એણે એનો આર્થિક લાભ ન લેતાં જનહિતાર્થે પોતાની શોધ જાહેરમાં મૂકી દીધી. સાથોસાથ આવા કિરણોત્સર્ગી પદાર્થો ઉપર મહાનિબંધ લખી 'ડૉક્ટર'ની ઉપાધિ મેળવી.

ઈ. સ. ૧૯૦૬માં પ્રો. ક્યુરીનું ગાડીના અકસ્માતમાં અવસાન થયું. તે પછી પણ મેરીએ પતિનું કાર્ય જારી જ રાખ્યું. એમની એ જગહિતાર્થ અને અભિનવ શોધ માટે ઈ. ૧૯૦૩ ઉપરાંત ફરી ૧૯૧૧માં મેરીને વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક મળ્યું.


ઈ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ જાગતાં પારી(સ) વિદ્યાપીઠ તથા પાસ્તર ઇન્સ્ટીટ્યૂટે ૮,૦૦,૦૦૦ ફ્રાંકને ખર્ચે તૈયાર કરાવી આપેલા રેડિયમ ઇન્સ્ટીટ્યૂટમાં એક્સ-રેના સાજ તથા રેડિયોલૉજિકલ કૉર્સ તૈયાર કરી ૧૦ લાખ ઉપરાંત સૈનિકોની તેણે સારવાર કરી.

પોતે પ્રથમ તૈયાર કરેલું રેડિયમ તો તેણે દેશહિતાર્થે પ્રયોગશાળાને ભેટ આપી દીધું હતું, એટલે પ્રયોગો માટે પોતાનું અંગત એવું જરા યે રેડિયમ મેરી પાસે ન રહ્યું. એ ખબર મળતાં, મિસિસ મેલોની નામની એક અમેરિકન બાઇએ લાખ ડૉલરનું ફંડ એકઠું કરી મેરીને અમેરિકા બોલાવી અને ગ્રામભાર રેડિયમ ભેટ આપ્યું. આ રેડિયમ પણ પોતાના મૃત્યુ બાદ પોતાની પ્રયોગશાળાને જ મળે એવી શરતે તેણે સ્વીકાર્યું.

ઈ. ૧૯૨૩માં રેડિયમની રજતજયંતી ઊજવી ફ્રેંચ સરકારે તેને ૪૦,૦૦૦ ફ્રાંકનું વર્ષાસન બાંધી આપેલું. ૧૯૩૪ના જુલાઈની ૬ઠ્ઠી તારીખે તેનો દેહાન્ત થયો.



આકૃતિ જોતાં આ કસરત લગભગ સમજાઇ જશે. ટેબલખુરશી કે ગમે તેને ટેકે એક પગ પર ટટ્ટાર ઊભા રહી બીજો ઝૂલતો પગ ઘડિયાળના લોલક પેઠે ૧ કરતાં આગળ ને ૨ કરતાં પાછળ ઝુલાવવો. પગ માત્ર સાથળના સાંધામાં જ ફરે, ઢીંચણ પાસેથી વળે નહિ. બીજો પગ તથા બાકીનું શરીર તદ્દન ટટ્ટાર રહે. પગ, પેડુ અને કંઈક વધુપડતા મોટા લાગતા નિતંબને માટે આ કસરત લાભદાયી છે. વારાફરતી બંને પગ ૧૫ થી ૨૦ વાર હલાવવા.



■ બાટલીના ગળા પર, તેને કાપતા હો તે રીતે, કાતર ઘસવાથી તેની ધાર કામચલાઉ કામ આપતી થઇ જશે.

■ ક્રોમિયમ કરેલા હાથા આગળિયાને લઇ તેના પરની ધૂળ સાફ કરીને કે સાબુના પાણીથી તેના પરની ચિકાશ દૂર કરીને પછી પૉલિશ કરવાથી વધુ ચમક પકડશે.

તળપદાં સુભાષિત

ધાન ખાઈએ ધાઈ ધાઈ,
સોપારી ખાઇએ રાઈ રાઈ;
ઘી ખાઈએ બોળીબોળી,
વાત કરીએ તોળીતોળી.

ત્રણ શરબત


શહેરમાં તો ઠંડાં પીણાં મળી રહે છે, પરંતુ ગામડામાં નીચે પ્રમાણેનું શરબત કરીને સ્વચ્છ બાટલીમાં ભરી રાખવાથી સારું પડે છે.

(૧) ધુપેલમાં નાખવાનો ખસનો સુગંધી વાળો એક રતલ લઇને ત્રણ રતલ પાણીમાં ઉકાળવો. બે રતલ જેટલું પાણી રહે એટલે એ ઠંડું પડવા દઇ ગાળી લેવું. એમાં બે રતલ સાકર નાખીને તેની એકતારી ચાસણી કરવી એટલે ખસનું શરબત તૈયાર થશે.


(૨) સારી જાતનું ગુલાબજળ લઈને તેમાં ખાંડ નાંખીને તેની ચાસણી કરવી અને ઠરવા દઈ ગાળી લેવું.

(ગુ. સ.) —હેમલતા અગ્નિહોત્રી

(૩) એક કપ ખાંડની એક તારની પાતળી ચાસણી કરી, તેમાં એક ઝૂડી ફુદીનાને છૂંદી તેનો રસ કાઢીને નાખવો ને ઠરવા દેવું. આ મિશ્રણને (જરૂર લાગે તો થોડા લીંબુના રસ સાથે) એક બાટલી સોડા વૉટર (તથા બરફ)માં ઉપયોગ પૂરતું થોડું નાખીને લેવાથી પિત્ત અને ગૅસ ઉપર પણ ફાયદો કરશે.



સાડીના બુટ્ટા તથા કિનાર માટે અસલ કચ્છી ભરતકામના નમૂના





માધુકરી

ઉનાળાનો દિવસ

ઉનાળાનો લાંબો દિવસ વહતો મંથર ગતિ :
રહ્યું જાણે વાંચ્યા અપ્રિય કવિની નીરસ કૃતિ,
અભિપ્રાયાર્થે વા કયની ઊગતા લેખક તણી,
પરાણે વા જોવું પડતું પ્રૂફ જેમાં ભૂલ ઘણી.

ઉનાળાનો લાંબો દિવસ સરતો મંથર ગતિ :
સરે જાણે કોઇ અજગર ગળ્યા બાદ અજને,
નિદાઘે શોષાયે કૃશતનુ યથા નિર્ઝર વને,
વિયોગી પ્રેમી શો રમણ મહીં જેની નહિ રતિ.

ઉનાળાનો લાંબો દિવસ સરતો મંથર ગતિ :
અનિચ્છાએ જેવો બલિ મૂક વધસ્તંભની પ્રતિ,
યથા વા પીધેલો જન લથડતી ચાલથી જતો;
રજા અંતે ધીમો ત્યમ ફરજનો વેગ બનતો.

ઉનાળાના લાંબા દિવસની ક્ષણો એમ ખસતી,
ઊભે રસ્તે જેવી લગનવરઘોડાતણી ગતિ.

જયન્ત પાઠક

પીઢ પત્રકાર



ગઈ તારીખ ૭મી એપ્રિલે ગુજરાતી ભાષાના જ નહિ બલ્કે હિંદભરના જૂનામાં જૂના દૈનિક 'મુંબાઇ સમાચાર'ના બુઝર્ગ તંત્રી શ્રી સોરાબજી પાલનજી કાપડિયાનું અવસાન થતાં એક અનુભવવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ઉદાર ને નીડર પત્રકારની ખોટ પડી છે.

ઈ. સ. ૧૮૮૦ના મેની ૩૦મી તારીખે એટલેકે વિ.સં. ૧૯૩૬ના વૈશાખ વદ સાતમ ને રવિવારે સવારે ચાર વાગે એમનો જન્મ થએલો. બચપણમાં જ પિતાનું અવસાન થતાં કુટુંબની જવાબદારી એમને માથે આવી પડેલી. શરૂશરૂમાં તો વાડીબંદરના એક ગુડ્ઝ ડેપોમાં એમને નોકરી મળી ગઈ, પણ ત્યાંના રૂશ્વતખોરીભર્યા વાતાવરણને લીધે એમનું પ્રામાણિક દિલ હમેશાં ડંખતું એટલે આખરે એ નોકરી છોડી દીધી. આ પછી તેઓ 'રાસ્ત ગોફ્તાર' પત્રમાં જોડાયા ને ઉદ્યમ તથા હોશિયારી દર્શાવી થોડા જ વખતમાં એના તંત્રીપદે પહોંચ્યા. દરમ્યાન 'જામે જમશેદ' પત્ર માટે અંગ્રેજી જાહેરાતોના ગુજરાતી તરજૂમા કરતા. કામ ફાવે નહિ, અંગ્રેજી પણ પૂરું ન સમજાય, છતાં શબ્દકોષોની મદદથી કામ પાર પાડે. તે પછી 'અખબારે સોદાગર'માં જોડાયા. પચાસ રૂપિયાની એ નોકરીમાં તો એમને રીપોર્ટિંગ ને પ્રુફરીડિંગથી માંડી અગ્રલેખ લખવા સુધીનું બધું જ કામ કરવું પડતું. કામ હોય તો ગમે ત્યારે, રાત્રે પણ કામ પર જવું પડે. રિપોર્ટિંગ માટે ક્યારેક બહારગામ પણ રખડવું પડે. પણ એ બધાંને તે પહોંચી વળતા. પત્રકારત્વની સાચી તાલીમ પણ એમને ત્યાં જ મળી.

એ અનુભવની મોંઘી મૂડી લઇને તેઓ ઈ. ૧૯૦૭માં 'સાંજ વર્તમાન'માં ઉપતંત્રીપદે આવ્યા અને પાછળથી તેના તંત્રી થયા. પોતાના સંચાલન દરમ્યાન એમણે દીર્ઘદૃષ્ટિ, કુનેહ, સમયસૂચકતા અને સમાચાર-સૂઝ વડે 'સાંજ વર્તમાન'ને ખૂબ જ ઊંચે લાવી મૂક્યું. એમની સમાચાર-સૂઝ અને પત્રનિષ્ઠાનો એક પ્રસંગ નોંધવા જેવો છે. એક વાર સ્વ.

આપણાં પ્રાણીઓ-૩૯ : લોંકડી



નજાકતભરી નમણી લોંકડીનું કદ તો બિલાડી જેવું લાંબું, કાન પણ લાંબા, નાક રૂપાળું ને અવયવો નાજુક. સમસ્ત શરીર રાખોડી રંગનું પણ તેની પૂછડી વધુ ઘેરી. ઋતુભેદે ને સ્થળભેદે તેના વાનમાં થોડો ઘણો તફાવત પણ જોવા મળે છે.

માથું અને શરીર મળી વીસેક ઇંચની લંબાઈ. વધારામાં પૂછડી બીજા એકાદ ફૂટની. વજન ૪ થી ૭ રતલ. હિમાલયની તળેટીથી માંડી છેક કન્યાકુમારી સુધી (રણનો વિસ્તાર બાદ કરતાં) દેશમાં લગભગ બધે જોવા મળે. ગામની સીમના વિસ્તારોમાં એ ત્રણ ફૂટ ઊંડું દર ખોદીને રહે. એમાં જવાના અનેક માર્ગ હોય–કેટલાક ખરા ને કેટલાક ખોટા પણ! દિવસ આખો દરમાં ભરાઈ રહે. ખુલ્લો વિસ્તાર છોડી એ ગીચ ઝાડીમાં રહે નહિ. સંધ્યાકાળે ખોરાકની શોધમાં નીકળે ત્યારે બેત્રણ વખત દોહરાતી 'લાળી' (અવાજ) કરે.

ગામની સીમમાં જ વસતું હોઈ ખોરાક સારુ વાડીબગીચામાં પણ ઘૂસે ને મુખ્યત્વે ગરોળી, કાચંડા, ઉંદર કે જમીન પર થતા કરચલા વગેરે ખાય. મરઘાં-બતકાં ન મારે. તરબૂચ ટેટીને બગાડે ખરી અને ચોમાસામાં નીકળતી ઊધઇ તો એનો પ્રિય ખોરાક.

ભયમાં એની ઝડપી દોડ અને એની ચપળતાભરી લોંચી વડે જ એનું રક્ષણ થાય. ને સામાન્યત: જમીન તરફ ઢળતી રહેતી પૂછડી તે દોડે ત્યારે શરીર સાથે એક રેખામાં આવી જવા જેટલી ટટ્ટાર થઇ જાય.

શિયાળામાં પ્રજનનકાળમાં મોટે ભાગે ચાર બચ્ચાંને જન્મ આપે. નરમાદા સદા સાથે રહે છે કે નહિ તે નિશ્ચિત નથી, પણ બચ્ચાંનું પાલન તો સાથે જ કરે. ઉછેર વખતે મા અને બચ્ચાં દરમાં જ રહે.

ફિરોઝશાહ મહેતા કાઉન્સિલમાંથી છૂટા થવા વિષેના ખબર તેમને મળ્યા. પણ પત્રની પ્રતિષ્ઠા માટે તેની સત્યતાની ખાતરી કરવી જ જોઇએ. એ માટે દોડાદોડ તેમને ઘેર પહોંચી ગયા અને તેઓ નહાતા હતા ત્યાં રૂબરૂ મળીને સમાચારની ખાતરી કરી લીધી. આ ખબર એટલા મહત્ત્વના હતા કે પી.ટી.આઈ.ને તેમણે તે આપતાં એ લોકોએ તેમને બદલામાં ૧૦૦ રૂપિયા આપવા માંડ્યા; પણ તે ન સ્વીકારતાં માત્ર 'સાંજ વર્તમાન'નો ઉલ્લેખ કરવાની શરત જ તેમણે મૂકી અને પોતાના પત્રનું મહત્ત્વ પરદેશમાં પણ વધાર્યું. આ જ રીતે લોકમાન્ય ટિળક પર ચાલતા રાજદ્રોહના ખટલાની કડીબદ્ધ વિગતો રોજેરોજ સાંજે સિલસિલાબંધ પ્રકટ કરતા રહીને એમણે 'સાંજવર્તમાન'ની લોકપ્રિયતા ખૂબ જ વધારી દીધેલી.

પણ એમની આવી નિષ્ઠા છતાં એમની નીડર તટસ્થ નીતિ તથા રાષ્ટ્રીય વલણને કારણે એ પત્રના સંચાલકોને એમની સાથે મતભેદ રહ્યા કરતો હતો. એવામાં ઈ. ૧૯૨૧માં રાષ્ટ્રીય માનસ ધરાવતા શ્રી બિલગામવાળાએ મુંબાઈનું જૂનામાં જૂનું પત્ર 'મુંબાઈ સમાચાર' ખરીદી લીધું અને તેનું સુકાન સંભાળી લેવા કાપડિયાને આમંત્રણ આપ્યું. શ્રી કાપડિયાએ સ્વતંત્ર પત્રકારત્વની આ તક ઝડપી લીધી અને ત્યારથી તે જીવનના અંતકાળ સુધી તેમણે એ પત્રની સાથે જે એકરૂપતા સાધી એ અજોડ હતી. સામાન્ય જનતાની બધી જરૂરતોને, વ્યાપારી આલમના એકેએક પાસાને, તથા હિંદુ પારસી મુસ્લિમ, વહોરા, જૈન આદિ સર્વ કોમની અપેક્ષાઓને સંતોષતું આજનું 'સમાચાર' એ શ્રી કાપડિયાની જ સૂઝ અને પરિશ્રમનું પરિણામ હતું. 'તમારા કામને, તમારી ફરજને અને તમારા ડેસ્કને વળગી રહો.' એ એમનો સિદ્ધાંત હતો અને તે તેમણે અક્ષરક્ષ: પાળેલો. કામ હોય ત્યારે આખો દિવસ –ઘણી વાર તો બબ્બે ત્રણત્રણ દિવસ તેઓ ઑફિસમાં જ પડી રહેતા.

સદા આનંદી રહેવું ને ગુસ્સો ગળી જવો એ એમના વિશિષ્ટ ગુણો. નાદુરસ્ત તબિયતના વિરલ અપવાદ સિવાય તેઓ એમની આખી કારકિર્દી દરમ્યાન ભાગ્યે જ ઘેર રહ્યા હશે. એંશી જેટલાં વર્ષનું એમનું અતિ દીર્ઘ આયુષ્ય એમના નિયમિત, વ્યસનરહિત જીવન અને યોગાસનોના વ્યાયામના ફલરૂપ હતું. પ્રસિદ્ધિથી તે સદા વેગળા જ રહેતા એટલે જાહેર પ્રસંગોમાં જવલ્લે જ નજરે પડતા. એમની કચેરીનાં દ્વાર સૌને માટે ખુલ્લાં હતાં. એમને દ્વારે ગએલું કોઈ પણ દીનદુખી સહાય વિના પાછું ન ફરે. પોતાની આવકમાંથી નિયમિત તેઓ ગરીબોને છૂપી મદદ કર્યા કરતા. 'આપશો એટલે બમણું થશે' એ એમનો એક મંત્ર હતો.

રાષ્ટ્રીય લડત દરમ્યાન નીડરપણે ન્યાય અને સ્વમાનને પક્ષે તેઓ રહેલા. ગોળમેજી પરિષદની નિષ્ફળતા પછી સત્યાગ્રહના સમાચારો છાપવાનો પ્રતિબંધ હોવા છતાં તેમણે તે પ્રકટ કરીને સજા પણ ભોગવેલી. અને પછી એ જ સરકારે એમની નિષ્પક્ષ જ્વલંત કારકિર્દીની કદરમાં એમને જે.પી.નો ખિતાબ આપ્યો ને ઑનરરી મૅજિસ્ટ્રેટ બનાવ્યા. તેઓ સંસ્કૃતના સારા જ્ઞાતા અને અવસ્તા, વેદાંત તથા હિંદુશાસ્ત્રોના અભ્યાસી હતા. યોગ પ્રત્યે પણ આકર્ષણ ને શાસ્ત્રીય સંગીતના પણ રસિયા. દર રવિવારે સિનેમા ઉપરાંત સરકસ જોવાનો શોખ પણ ખરો. એમ છતાં આ બધાંમાં કર્તવ્યનિષ્ઠા સૌની મોખરે જ.

છેલ્લા ચારેક માસથી તબિયત લથડી હતી. પારસીઓના તીર્થધામ ઉદવાડા જવાની તીવ્ર ઉત્કંઠા સંતોષીને પાછા આવ્યા પછી કંઈક વધુ અસ્વસ્થતા આવતાં સંપૂર્ણ આરામ લેવા ધાર્યું. તા.૭મી એપ્રિલે ઊઠ્યા ત્યારે ઠીક ન હોવા છતાં સૌ સાથે પ્રેમથી વાતો કરીને પછી ભગવદ્ગીતા લઇને બેઠા. તે પછી અવસ્તામાંથી થોડો પાઠ કર્યો. આઠેક વાગતાં વધુ અસ્વસ્થતા લાગતાં આરામ લેવા સૂતા. આઠ ને વીસે તેમણે જણાવ્યું કે 'મને મોત નજદીક આવતું જણાય છે' ને પછી બરાબર આઠ ને ઓગણત્રીસે તેઓ આ દુનિયા છોડી ચિરનિદ્રામાં પોઢી ગયા.

સામાન્ય સ્થિતિમાંથી અનન્ય કાર્યનિષ્ઠા ને આપબળે આગળ આવનાર, ધીર ગંભીર, ને બહુલક્ષી પ્રજ્ઞાવાળા એ સજ્જન પત્રકારનું સમગ્ર જીવન આજની પેઢીને માટે પ્રેરણારૂપ હતું.

(શ્રી યજ્ઞેશ હ.શુક્લના તથા મુંબઈ સમાચારમાં આવેલા લેખોને આધારે)

મોતના મોંમાંથી

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સેવાદળના વડોદરા જિલ્લાના ચાર પ્રવાસીઓ શ્રી માણેકલાલ જાની, શ્રી નાથાલાલ રાણા, શ્રી બી. એમ. સૈયદ અને સૈયદ અબ્દુલ કાદર સાઈકલ ઉપર જગત-પ્રવાસે નીકળેલા. સંયોગવશાત્ ત્રણ પ્રવાસીઓ પાછા ફર્યા, પણ શ્રી બી. એમ. સૈયદે ભારતનો પ્રવાસ ચાલુ રાખ્યો. તેમનાં રસપ્રદ પ્રવાસ-વર્ણનોમાંથી એક રોમાંચક ભાગ મુંબાઈમાંથી પ્રકટ થએલા સેવાદળ સુવેનીરમાંથી અત્રે ઉતાર્યો છે.

બૅંગલોરમાં કૉંગ્રેસ સેવાદળની રૅલી જોઇને હું મ્હૈસૂર તરફ આગળ વધ્યો. બૅંગલોરમાં મેં મહારાજાને મળવા અરજી કરેલી પણ ખબર પડી કે તેઓ તો શિકારે બંદીપુર ગયા છે. ત્યાં જઈ મળ્યો ત્યારે તેઓ શિકારે જતા હતા. મને પણ સાથે જવા કહ્યું. એમના રસાલા સાથે આખો દિવસ ફરીને ૨૦૦ માઇલ પથરાએલું જંગલ જોયું હાથીઓનો તો પાર ન મળે. ઉપરાંત હરણ, સાબર, રીંછ વગેરે જાતજાતનાં જાનવર જોવાં મળ્યાં.

મહારાજા વાઘના શિકારે નીકળેલા. આખો દિવસ વાઘની શોધમાં ફર્યા છતાં સફળતા ન મળી એટલે રસાલો ગેસ્ટહાઉસમાં પાછો ફર્યો અને વહેલી સવારે હું મહારાજાની આજ્ઞા લઇ ગુડલુર જવા ઊપડી ગયો.

મ્હૈસૂરથી નીલમપુરનો મારો પ્રવાસ મને જિંદગીમાં યાદ રહી જશે; કારણ તેમાં હું ત્રણ વાર મોતમાંથી ઊગર્યો.

મ્હૈસૂરથી ગુડલુરનો રસ્તો ઉતાર–ચઢાવવાળો અને ભયંકર છે. ત્રણ માઈલ ગયો અને એક ઢોળાવ ઊતરતો હતો ત્યાં અચાનક સામે સાત જંગલી હાથી ઊભેલા જોયા. મેં જોરથી સાયકલને બ્રેક લગાવી. પણ ઢોળાવ, હોવાથી તરત અટકી નહિ અને મહામુસીબતે હાથીઓથી માંડ ૨૫-૩૦ વાર જેટલે છેટે થોભી. સાયકલ ફેરવી હું પાછો વળવા જતો હતો ત્યાં તો એક હાથી મારા તરફ વળ્યો. આપણે તો સાયકલ મૂકી પડતી ને મૂઠી વાળીને દોટ મૂકીને ઢોળાવ ચઢી ગયા! મોતનો સોદો હતો. સદ્ભાગ્યે એક ખટારો આવી પહોંચ્યો. તેણે જોરથી હૉર્ન માર્યું એટલે હાથી જંગલમાં ભાગી ગયા.

આગળનો રસ્તો અત્યંત ભયાનક અને વિકટ હતો. જંગલમાં વાંસ



ઘસાતાં બિહામણા અવાજ આવતા હતા. પહેલાં તે. ઘણી બીક લાગી પરંતુ ખરી વાત જાણી ત્યારે ભય ભાગી ગયો.

ભયાનક જંગલ પસાર કરીને બપોરે અઢી વાગે ગુડલુર પહોંચ્યો. ત્યાં જમી કરીને સાંજના સાડા ચારે નીકળી છ વાગ્યે મેં કેરળની હદમાં પહોંચી સરહદની એક ચોકી ઉપર થાક ખાધો.


આગળ હજી ૧૨ માઈલના ઘાટ ઊતરવાનો હતો. સાંજ પડી ગઇ હતી. ચોકીના કારકુને કહ્યું કે આગળ ભયાનક જંગલ છે, ને તેમાં માણસખાઉ જંગલી પ્રાણીઓ ફરે છે. ઘાટ તો એવા છે કે જરા પણ સાઈકલ કાબૂમાં ન રહી તો બાજુની ઊંડી ખીણમાં એવા પડો કે હાડ હાથ ન આવે. પણ બધી યે હિંમત એકઠી કરી ભગવાનનું નામ લઈ મેં સાઈકલ આગળ ચલાવી.

ઢોળાવ એવો હતો કે સાઇકલને ખાસ પેડલ મારવાની જરૂર જ નહોતી; અને બાજુની ખીણ તો એટલી ભયંકર કે તે તરફ જરા નજર જાય કે આંખે અંધારાં આવે. વળાંક પણ એવા જ ભયંકર હતા. હૅન્ડલ પર કાબૂ ન હોય તો મર્યા જ સમજો. દર પાંચ-છ વાર ચાલ્યા કે વળવાનું આવે! વરસાદથી ઘણી જગાએ રસ્તો ધોવાઈ ગયો હતો, ત્યાં વાંસ અને પાટિયાં દબાવી માટી પૂરી હતી. આવી જગાએ સંભાળવું પડતું. જરા ચૂક્યાં તો સીધો ખીણના મોંમાં ઊથલી પડું!

મોતથી નાસનારની સામે જ મોત આવીને ઊભે તેમ થયું. માંડમાંડ નવ માઈલ ઘાટ ઊતર્યો ત્યાં ફરી મોત આવ્યું! એક વળાંક પાર કરીને આગળ વધ્યું ત્યાં મારી સાઇકલના રસ્તામાં જ એક ભયંકર અજગર પડેલો! જેવી સાઈકલ અથડાઇ કે તરત જ તેણે પછાડ ખાધી. હું બીન્યો અને સમયસૂચકતા વાપરી સાઈકલ ફેંકી નાકો. દૂર ઊભો રહી જોવા લાગ્યો તો અજગર મારી સાઇકલ સાથે કુસ્તી કરી રહ્યો હતો. ઘડીમાં હૅન્ડલ, તો ઘડીમાં ફ્રેમ, તો ઘડીમાં પૈડાંને ગળવા મથતો હતો. પેડું જેમજેમ ફરે તેમતેમ એ વધુ ગુસ્સે થઈ જોર કરે. મને થયું કે આ મથામણમાં અજગર સાઈકલને ખીણમાં નાંખી દેશે તો? એટલે દૂર રહ્યોરહ્યો હું મોટામોટા પથરા લઇ તેના ઉપર ફેંકવા માંડ્યો, પણ જેમજેમ હું પથ્થર મારું તેમતેમ તે વધુ જોરથી સાઇકલને બચકાં ભરે. સાઇકલ અથડાઈ ત્યારે તેનું માથું સાઇકલના સ્પોકમાં પેસી ગયું હતું તેના ઘામાંથી લોહી વહેતું હતું, તેનું જાણે એ વેર વાળી રહ્યો હતો. આખરે મારા પથ્થરમારાની અસર થઇ. તે સાઇકલ મૂકી ખીણમાં ચાલ્યો ગયો.

બીજી ઘાતમાંથી ઉગારો થયો તેનો છુટકારો અનુભવતો આગળ વધ્યો, પણ ત્રીજી વાર મારે હજુ મોતનો સામનો કરવાનો રહ્યો હતો! બાકીના બે માઇલના ઘાટના ઉતાર વેળા એક જગ્યાએ સામેથી એક મોટર લૉરી આવતી હતી. તેણે બત્તી સળગાવી નહોતી અને હું અજગરના ધાકને લઇને ૪૦ માઈલની ઝડપે સાઇકલ ચલાવી રહ્યો હતો. સાઈકલની ઘંટડી વગાડવી સતત ચાલુ જ રાખી હતી. મોટરવાળાએ તે સાંભળી મોટર ઊભી રાખી. પણ વળાંકમાં ઊભેલી મોટરને હું જોઈ શક્યો નહિ. જેવો વળ્યો કે મોટર જોઇ, ને એવી જ મેં બ્રેક મારી. પણ તે વરસાદથી ઢીલી થઈ ગઈ હતી એટલે કારગત નીવડી નહિ અને મારી સાઇકલ મોટર સાથે જોરથી અથડાઇ. હું ઊડી પડ્યો અને એક ભેખડ સાથે જોરથી ભટકાયો. સદ્ભાગ્યે મને ઈજા ન થઈ કે સાઈકલને પણ નુકસાન ન થયું. મોટર લૉરીના ડ્રાઇવરે મને શાબાશી આપતાં કહ્યું, 'છેલ્લાં દસ વર્ષથી હું આ રસ્તે મોટર ફેરવું છું. પણ આ ઘાટ ઉપરથી જો કોઇને સાઇકલ ઉતારતા જોયા હોય તો તે તમે જ પહેલા છો. તમારી હિંમત ઉપર હું આફરીન છું.' એમ કહી એ કદરદાન માણસે મને પાંચ રૂપિયા ઇનામમાં આપ્યા, મારી સાઈકલનું હૅન્ડલ બરાબર કરી આપ્યું અને સાઈકલ ઉપર સામાન ઠીક ગોઠવી આપ્યો.

આ ઘાટનો માર્ગ એટલો સાંકડો છે કે એક જ મોટર ગુડલુર સુધી આવે છે અને એ જ પાછી જાય છે. બીજી મોટર સામે આવે તો મુશ્કેલી ઊભી થાય. ઘાટ ઊતરતાં જ એક માઇલે નીલમ્બૂર ગામ આવ્યું



કાશ્મીરની સહેલગાહ: કાશ્મીરની પહેલી મુલાકાત જીવનભરનું સંભારણું બની રહે એવી હોય છે. એ પ્રદેશનું નૈસર્ગિક સૌંદર્ય માનવીને એટલું તો પ્રભાવિત કરે છે કે એક વાર એની મુલાકાત લીધા પછી વારંવાર ત્યાં જવાનું મન થાય છે. કાશ્મીરનો ખીણપ્રદેશ બારેમાસ લીલોછમ રહે છે અને આસપાસની ગિરિમાળા વર્ષના નવ મહિના હિમાચ્છાદિત રહે છે. આઝાદી પછી તેણે અનેક ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિ પણ પ્રવાસીઓ માટે આકર્ષણ સમાન બની રહે છે.

કાશ્મીરના એક પ્રખ્યાત સરોવર–નગીના સરોવર–માં કાશ્મીરની વિશિષ્ટ હોડીમાં જળવિહારનું આ દૃશ્ય છે. આ પ્રકારનો જળવિહાર પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય બન્યો છે.

ફાલસા

ઉનાળામાં લોહી ગરમ થઇ તેમાંની ચિકાશ ઓછી થઇ જાય છે ત્યારે ફાલસા જેવાં ખટમધુર ફળો ગ્રીષ્મે શોષી લીધેલાં બધાં જ તત્ત્વો શરીરને પૂરાં પાડે છે અને લોહી તથા રસનું પ્રમાણ વધારે છે.

ફાલસા, બોર અને પીલુ એ ત્રણેના દેખાવમાં, ફૂલોમાં, છાલ, છાલની નીચે રહેલો થોડો પણ અત્યંત મિષ્ટ ભાગ, અંદર રહેલો ઠળીઓ, અને ઠળીઆથી રક્ષાઈ રહેલું તેનું બીજ, એ બધામાં સામ્ય છે. પીલુ અને બોરની છાલ લીસી અને ચળકાટવાળી છે, જ્યારે ફાલસા ઉપરની છાલ ખરબચડી હોય છે.

ગ્રીષ્મ ઋતુમાં પાકનારાં બધાં ફળોની જેમ કાચા ફાલસા પ્રથમ તુરાશવાળા હોય છે. કેરીના મરવા પણ શરૂઆતમાં તૂરા હોય છે. તે કદમાં જરા વધતાં અમ્લતા વધે છે અને પાકવા માંડે ત્યારે જ મધુર થાય છે. ફાલસાનો રસ બદલવાનો ક્રમ પણ આ જ છે.

કાચા ફાલસા પચવામાં ભારે છે એટલે એ ખાટા ફાલસા ખાવા નહિ. પાકા ફાલસા પચવામાં હલકા અને અન્ય ખોરાક ઉપર પ્રીત કરાવનારા રુચિકર છે તથા ગ્રીષ્મના તડકા અને અગ્નિમય વાયુના ઝપાટા સામે રક્ષણ આપનાર છે. નાનાં બાળકોને ફાલસા આપવામાં જરા ય હાનિ નથી. ઉનાળામાં બાળકોને લલચાવનારાં કૅન્ડી આઇસ્ક્રીમ, ફ્રૂટ વગેરેમાં રહેલાં રોગકારક તત્ત્વોનું એક પણ તત્ત્વ ફાલસામાં નથી.

ઠંડાં પીણાંઓમાં ભેળવાતા રંગો અને આલ્કોહૉલના મિશ્રણથી બનાવાતા ઇસેન્સને બદલે કુદરતી ગંધ અને મિષ્ટ રસવાળા ફાલસાનાં શરબતો વધુ સ્વાસ્થ્યદાયક છે. પાકા ફાલસા ઉનાળામાં થતો દાહ, અકળામણ, લોહીની ગરમી અને વાયુને મટાડે છે. હૃદયના રોગીને ગભરામણમાં ફાલસા ઘણી રાહત આપે છે.

માદક દ્રવ્યોનો ઉપયોગ કરતા વર્ગને અત્યંત તૃષા લાગે છે, મૂર્ચ્છા આવી જાય છે અને આખા શરીરમાં દાહ ઉત્પન્ન થાય છે. તેને મીઠા સાથે મેળવીને ફાલસાનો ઉપયોગ ખૂબ લાભજનક જણાયો છે. માદક પીણાની આદત જેમણે છોડી દીધી હોય છે તેમને પણ શરીરમાં અમુક પ્રમાણમાં ગરમી રહી જવાથી જો દાહ-બળતરા થતાં હોય, લીવરનો સોજો હોય તો તેમને ફાલસા અત્યંત હિતકારી છે.

મધુમેહથી પીડાતા રોગીઓને મધુર રસવાળાં અન્ય ફળો નુકસાનકારક છે ત્યારે ગ્રીષ્મભરમાં ફાલસા અને વર્ષાઋતુમાં જાંબુ તેને અત્યંત રાહત આપે છે. ફાલસા અને જાંબુનું ગળપણ મધુમેહના પેશાબમાં કે લોહીમાં શર્કરાનું પ્રમાણ વધારતું નથી, પણ શરીરમાંથી મૂત્ર રૂપે વહી જતી ધાતુઓને પુનઃસ્થાપિત કરે છે. વળી તે શરીરનું ઘટી ગએલું માંસ પણ વધારે છે. આથી આયુર્વેદે ફાલસાને બૃહ્મણ એટલે શરીર વધારનાર કહ્યા છે. (અવતરિત)

યુદ્ધભૂમિ પર વપરાતી ટૅન્કના જેવાં, પટ્ટા પર ચાલતાં પૈડાંવાળું એક એવું વાહન શોધાયું છે કે જે મકાનોના દાદર પરથી દસ હંડ્રેવેટ જેટલો ભાર આસાનીથી ચડાવી ઉતારી શકે. ભારે તિજોરીઓ, મોટાં કબાટો કે એવી કોઇ પણ મોટી ચીજ-વસ્તુ આની મદદથી બહુ આસાનીથી ચડાવી ઉતારી શકાય.

આ માસ (મે) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સિગમુંડ ફ્રૉઇડ



માનસશાસ્ત્રને વિજ્ઞાનની એક સ્વતંત્ર શાખા તરીકે વિકસાવનાર તથા મનોવિશ્લેષણની વર્તમાન પદ્ધતિના આદ્ય સ્થાપક સિગમુંડ ફ્રૉઇડનો જન્મ ઑસ્ટ્રિયાના ફ્રિબર્ગ મુકામે એક યહુદી કુટુંબમાં ઈ. ૧૮૫૬ની ૬ઠ્ઠી મેએ થએલો, પોતે જ્ઞાનતંતુઓના દાક્તર હોવા છતાં દવાઓને બદલે તેને વૈજ્ઞાનિક સંશોધનોમાં જ વધુ રસ પડતો અને શરૂઆતમાં તો વનસ્પતિશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર પ્રત્યે જ આકર્ષણ હતુ, પણ પછી એ રસ જ્ઞાનતંતુઓના રોગો વિષેનાં સંશોધનો તરફ ઢળતો ગયો. એવામાં, ૧૮૮૪માં હિસ્ટીરિયાના એક એવા કેસ વિષે તેને જાણવા મળ્યું કે જેમાં હિપ્નૉટિઝમની મદદથી દર્દીને સુપ્ત-અવસ્થામાં ઉતારી તેને તેના પાછલા અનુભવોની યાદ આપવાથી રોગ દૂર થએલો. ફ્રૉઇડે તે પછી અનુભવો અને નિરીક્ષણો દ્વારા જોયું કે હિપ્નૉટિઝમ કરતાં પણ જો દર્દીને સંપૂર્ણ સ્વસ્થતાથી બેસાડીને મુક્તપણે પાછલા અનુભવોની યાદ પ્રેરવાથી વધુ સારી અસર થતી હતી. આ પદ્ધતિને તેણે 'ફ્રી એસોસીએશન્સ'નું નામ આપ્યું. આમ એણે માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી હિસ્ટીરિયાનાં કારણો અને ઉપચાર શોધવા પર ભાર મૂક્યો. જો કે શરૂઆતમાં તેને ઉપહાસ જ મળ્યો.

માણસની લાગણીઓ અને વૃત્તિઓના પોતાના અભ્યાસ અને નિરીક્ષણો પરથી એણે તારવ્યું કે માનવ-મનમાં બાહ્ય અને આંતર એવી બે અવસ્થાઓ છે. બાહ્ય મન પર માણસના સંસ્કારોની અને સમાજની અસર પડેલી જોવા મળે છે, જ્યારે આંતર મન પર માણસજાતની આદિ લાગણીઓનું જોર હોય છે. આ આંતર મનની વૃત્તિઓ જો કે બાહ્ય મનના સંસ્કારો વડે હમેશાં ઢંકાતી-દબાતી રહે છે, પરંતુ બહાર આવવા મથતી એ વૃત્તિઓ કોઇ ને કોઇ સ્વરૂપે વ્યક્ત તો થાય છે જ. કેટલીક વાર સ્વપ્નમાં, સાહિત્ય કે કલાના સર્જનમાં, યા અન્ય કોઈ પણ રીતે આ આંતર મનની વૃત્તિઓમાં પણ ફ્રૉઇડ માણસની જાતીય (જિન્સી) વૃત્તિઓનું પ્રાબલ્ય હોવાનું આગ્રહપૂર્વક માનતો. પણ તેની અહીં ભૂલ હતી. એક વખતના તેના જ સાથીદારો ઍડલર અને જુંગે પાછળથી તેના સિદ્ધાંતોમાં ફેરફાર કરેલા. આ બંને ઉપરાંત બ્રિલ, ફેરેન્ઝી, અર્નેસ્ટ જોન્સ, સૅડગર, સ્ટેકેલ વગેરે પણ એ દિશામાં કાર્ય કરતા હતા. આ સૌએ મળી ૧૯૦૮માં પ્રથમ આંતરરાષ્ટ્રીય મનોવિશ્લેષણ પરિષદ યોજેલી. તે પછી તેમણે આ વિષયનો એક 'આંતરદેશીય સંઘ' પણ સ્થાપેલો. ઈ. ૧૯૦૯માં ફ્રૉઇડ અમેરિકા ગયો ત્યાં તેનું ઘણું સારું સ્વાગત થયું અને તેને 'ડૉક્ટર ઑવ લૉઝ'ની પદવી પણ અપાઈ.

ફ્રૉઇડે ઘણાં પુસ્તકો લખ્યાં છે. જેમનાં અંગ્રેજી ભાષાંતરો પણ થયાં છે. 'ઈન્ટરપ્રિટેશન ઑવ ડ્રીમ્સ', 'ટોટેમ ઍન્ડ ટૅબૂ' અને 'એ જનરલ ઈન્ટ્રોડકશન ટુ સાઇકૉલો ઍનાલિસિસ' એ એનાં આગળપડતાં પુસ્તકો ગણાય છે.

એણે સ્થાપેલી મનોવિજ્ઞાનની આ નવી જ શાખા અને એ ક્ષેત્રે એણે રજૂ કરેલા આગવા ક્રાંતિકારી વિચારોને લીધે જીવનના પાછલા કાળમાં એ ઘણી વિખ્યાતિ પામેલો. એની ૭૦મી વર્ષગાંઠે વિશ્વભરના વિજ્ઞાનીઓએ એને અભિનંદન આપ્યાં અને વિયેનાએ એને પોતાનું નાગરિકત્વ બક્ષ્યું. પણ પછી નાઝીઓની યહૂદી વિરોધી સતામણીને કારણે એ ઈ. ૧૯૩૮માં લંડન ચાલ્યો ગયો ને ત્યાં જ પોતાના કાર્યક્ષેત્રમાં રત રહી ઈ. ૧૯૩૯ની ૨૨મી સપ્ટેમ્બરે અવસાન પામ્યો. આજે તો માનસશાસ્ત્રનો ઘણો વિકાસ થયો છે, ને પરિણામે તેના કેટલાક વિચારોનું ખંડન પણ થયું છે, છતાં એણે આગવી રીતે આ આખી વિજ્ઞાનશાખાના વિકાસને જે વેગ આપ્યો છે અને એમાં પ્રચલિત માન્યતાઓમાં જે ક્રાંતિ સર્જી છે એને માટે એ સદા યાદ રહેશે

દિનવિશેષ

તા. ૧ લંડનમાં મહારાણી વિક્ટોરિયાને હિંદુસ્તાનની સામ્રાજ્ઞી જાહેર કરવામાં આવી, ૧૮૭૬.
તા. ૨ અનેકવિધ ક્ષેત્રે અપ્રતિમ પ્રતિભા ઝળકાવનાર લીઓનાર્ડો દ વિંચીનો જન્મ, ૧૪૫૨.
તા. ૬ ઇંગ્લંડમાં ટપાલની ટિકિટોના વ્યવહારની સૌ પ્રથમ શરૂઆત કરવામાં આવી, ૧૮૪૦.
તા. ૭ બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ હારી જઇને બિનશરતી શરણાગતિ સ્વીકારી, ૧૯૪૫.
તા. ૧૧ દિલ્હીમાં બળવાખોરોએ બહાદુરશાહ ઝફરને હિંદનો શહેનશાહ બનાવ્યો, ૧૮૫૭.
તા. ૧૪ સદીઓ સુધી રખડતા રહેલા યહુદીઓના નિજી રાજ્ય ઇઝરાએલની સ્થાપના, ૧૯૪૮.
તા. ૧૫ અંગ્રેજોએ બ્રહ્મદેશ પર કબજો જમાવી તેને હિંદુસ્તાન સાથે ભેળવી દીધો, ૧૮૮૬.
તા. ૨૫ બ્રિટિશ સલ્તનતમાં ગુલામીના ગોઝારા વેપારને બંધ કરવામાં આવ્યો, ૧૮૬૭.
તા. ૩૧ અમરિકી અસ્મિતાના બુલંદ ગાયકકવિ વૉલ્ટ વ્હિટમનનો વેસ્ટહિલ્સમાં જન્મ, ૧૮૧૯.

પ્રસંગવિશેષ : યુદ્ધકાળમાં ચર્ચિલ બ્રિટનના વડાપ્રધાનપદે. ૧૦મી મે, ૧૯૪૦

નાઝીઓનો ઉદય યુરોપને ભયરૂપ હોવાની ચેતવણી ચર્ચિલે સૌ પ્રથમ છેક ઈ. ૧૯૩૨ના મે માસમાં ઉચ્ચારેલી. હિટલર તો તે પછી આઠ મહિને સત્તા પર આવ્યો. પરંતુ ચર્ચિલની એ ચેતવણીની ગંભીરતા બ્રિટન અને તેના વડાપ્રધાન ચેમ્બરલેઈનને સમજાતી નહોતી. હિટલરે હાઈનલૅન્ડ દબાવ્યો, ઑસ્ટ્રિયા ને ચેકોસ્લોવાકિયા પર પણ પંજો ઉગામ્યો, ત્યારે યુદ્ધભીરુ ચેમ્બરલેઇને ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં હિટલર સાથે મ્યૂનિક કરાર કર્યા. પણ એની પોકળતાનું ચર્ચિલને ભાન હતું. અને એમ જ થયું. હિટલરે પોલૅન્ડ પાડ્યું ને નૉર્વે પર હુમલો કર્યો. હવે બ્રિટન જાગ્યું. ચેમ્બરલેઇનની નીતિનો ઉગ્ર વિરોધ ઊઠ્યો. પરિણામે ઈ. ૧૯૪૦ની ૧૦મી મેએ એણે દેશનું સુકાન ચર્ચિલના હાથમાં સોંપ્યું. બરાબર એ જ દિવસે જર્મની, હૉલૅન્ડ તથા બેલ્જિયમ પર થઈ ફ્રાંસ પ્રતિ ધસતું હતું. સપ્ટેમ્બરમાં તો જર્મનીએ લંડન પર પણ બૉંબવર્ષા કરી. પણ આ તરફ ચર્ચિલ મક્કમપણે યુદ્ધનો દોર પકડી રહ્યો હતો. અમેરિકા સાથે એણે આટલાંટિક કરાર કર્યા. જર્મનીએ રશિયા પર હલ્લો કર્યો, ત્યારે તેણે રશિયાને પણ (તે વિરોધી હોવા છતાં) સહાય કરી. બીજી બાજુ જાપાને પણ યુદ્ધમાં ઝુકાવ્યું. બ્રિટન, અમેરિકા અને રશિયા હવે એક જ નાવના પ્રવાસી હતા. ત્રણેએ મળીને જર્મનીને ભિડાવવા માંડ્યું. અને ૧૯૪૩ની ૧૯મી મેએ આફ્રિકામાં તો યુદ્ધની સમાપ્તિ કરી. '૪૪ના જૂનમાં ઇટાલી પર વિજય મેળવ્યો ને અગિયાર મહિને આખા યુરોપને ધ્રુજાવનાર જર્મનીને પણ બિનશરતી શરણાગતિ સ્વીકારવા ફરજ પાડી. પાંચ વરસ અને ત્રણ મહિના સુધી યુદ્ધના એ મહાકપરા કાળમાં જગતના નકશા પર ભુંસાતા જતા બ્રિટનના ગુલાબી રંગ પરની નાલેશીની ધૂળ ચર્ચિલે પોતાની અડગ શ્રદ્ધા અને બાહોશીથી લૂંસી નાખી અને બ્રિટનની ગરદન ફરી ટટ્ટાર બની ગઈ.

જગતગુરુ જ્યાં નીપજ્યા, એવી ગૂર્જર ભોમ,
પાણી કેરાં પારખાં (હવે) જોશે સૂરજસોમ.
—તનસુખ ભટ્ટ

પગના જોડા પણ ખરીદવાના પૈસા પાસે ન રહ્યા એટલી બધી કંગાલ દશા પોતાની થઇ ગએલી જોઇને ઈરાની કવિ શેખ સાદીને એક વાર બહુ પરિતાપ થયો. એવામાં મસીદેનમાઝ પઢવા જતાં એક લૂલા માણસને ભીખ માગતો જોઈ એમની આંખો ખુલી ગઈ અને નમાઝ પઢી ઈશ્વરના ધન્યવાદ ગાયા કે 'પરવરદિગાર, તેં મારા પર ઘણી રહમ કરી છે, કે મારા પગ તો સાબુત રાખ્યા છે.'

કહેવતો:'સોડમાંસાસરું ને મોંમાં ખાસડું'– અતિ પરિચયથી થતી અવજ્ઞાનો વ્યવહારબોધ આ કહેવત જાડી ગ્રામ્ય ભાષામાં પણ સચોટપણે આપે છે. સાસરું પડોશમાં આવેલું હોય ત્યારે નિત્યચર્યા ને સ્વભાવદર્શન ઉઘાડી કિતાબ જેવાં બનીને અવગુણો તથા ખામીઓ જ દેખાતી થાય છે. પરિણામે વહુ તરીકેનું વહાલ કે જમાઈ તરીકેનું માન ઓસરવા માંડે છે અને એમાંથી પરિણમતી ગૌરવહાનિ ઘરજમાઈની સ્થિતિ જેવી બની રહે છે.


પડોશમાં જ સાસરું હોય ત્યારે લટ્ટુ બનીને વર્તતા જુવાન જમાઇઓને ઉપાલંભ દેવા પણ આ જ કહેવત વપરાય છે.

ગણિતગમ્મત

૧૪૨૮૫૭×૨=૨૮૫૭૧૪
૧૪૨૮૫૭×૩=૪૨૮૫૭૧
૧૪૨૮૫૭×૪=૫૭૧૪૨૮
૧૪૨૮૫૭×૫=૭૧૪૨૮૫
૧૪૨૮૫૭×૬=૮૫૭૧૪૨

આ રકમમાં ખૂબી એ છે કે બધા ગુણાકારમાં મૂળ રકમની જ સંખ્યા વચ્ચેના અમુક અંકથી શરૂ થઈ ક્રમબદ્ધ આવ્યા કરે છે.


અનેકાર્થી શબ્દ: ખાળ=પાણીની નીક, પાણી જવાની નળી મૂકેલી હોય એવી નાની ચોકડી, મોરી; વાંધો કે તકરાર; ખાલ, ચામડી; ગાડાનો એક ભાગ; મુડદું



નરી આંખે દેખાય છે તેમ, આકૃતિના ઉપરના ભાગમાંથી આવતી ત્રાંસી લીટીનું સળંગ સંધાણ નીચેની ડાબી તરફની રેખામાં લાગે છે તે દૃષ્ટિભ્રમ છે. ફૂટપટ્ટી મૂકી જોતાં જણાશે કે જમણી તરફની રેખા જ તેને અનુસંધાને છે.



ભારત સરકારે બહાર પાડેલી શિવાજી-ટિકિટ માટેના ફર્સ્ટ-ડે કવર ઉપર આપેલી પ્રતિકૃતિ (મોકલનાર: સૌ. જયાબહેન પટેલ, મુંબઈ).



કુદરતની અજબ સૂરત: આ કોઈ માયામાં માનવાના સુશોભિત પિન નથી, દરિયાઈ સાગરની માછલી છે.

પરસેવાના હઠીલા પીળા ડાઘ કાઢવા માટે આ ઉપાય અજમાવી જોવો જોઇએ: ઉકળતા પાણીની વરાળ ઉપર ડાઘવાળો ભાગ સારી પેઠે ધરી રાખી પછી તરત તાજા કાપેલા લીંબુની ચીર તે પર ઘસવી. બાદ ઠંડા પાણીથી ઘસીને ધોઈ નાખવું.

મહાન યુદ્ધને અંતે ત્રણ પ્રકારનાં લશ્કરો વધી પડે છે: દુ:ખી માણસોનું, પાંગળાઓનું, ને ચોરટિયાઓનું. આપણે ત્યાં સ્વરાજ્યને અંતે એવું થયું છે?


આપણી આંખને ચન્દ્રનું તેજ આસમાની રંગનું જણાય છે, પણ વાસ્તવિક રીતે તે પીળાશ પડતું છે.

સાંજે દોહાએલા દૂધ કરતાં સવારે દોહાએલા દૂધની મલાઈ વધુ ઊતરે છે.

એલચીનાં છોડાંની રાખ મધમાં ચટાડવાથી ઝાડા બંધ થાય છે.



અવકાશમાં સફળ ઉડ્ડયન કરી સલામત પાછો આવેલો પહેલો રશિયન આકાશયાત્રી યૂરી ગાગારિન. ગયા મહિને આ સ્થળે આપેલી અંતરીક્ષમાં ઊડનારાની છબિઓ પૈકી છેલ્લા અમેરિકન નેવીના કમાન્ડર ઍલન શેપર્ડે પણ તે પછી એ રીતે સફળ અવકાશયાત્રા કરી છે.



કલાકણિકા: હાથીની સૂંઢના આકારનું ઇસ્કોતરાની સાંકળનું મથાળાનું ચાપડું.

OUR FRIENDS ABROAD

[illegible] પત્રમિત્ર-વિભાગ

જર્મન પત્રમિત્રો

ભાઈ ગિરીશ જે. મોદી (૧૧૭૧ ધનાસુતારની પોળ, અમદાવાદ-૧) નીચેના જર્મન પત્રમિત્રોનાં સરનામાં મોકલે છે. દરેક સરનામા નીચે અંગ્રેજીમાં 'જર્મની' એટલું ઉમેરી લેવું.

(1) Heidi Geuer, Duisburg–Wedau, Am See 46—18 (f.), Tennis, Swimming, Literature, Art; (2) Dieter Hackl, Neutrabling, Krs. Regensburg, Schlesische Str. 3—19 (m.), Photography, Music, Reading; (3) Karlheinz Jungeblodt, Ahaus/Westf., Bahnhofstr. 8 —28 (m.), General Interests; (4) Margit Kramer, Wurzburg, Schmalzmarkt 8—17 (f.), Reading, Music, Stamps, View-cards; (5) Brigitte Asmus, Fulda, Friedrich Str. 8—16 (f.), Swimming, Reading, Stamps, View-Cards; (6) Gudrun Kapell, Nurnberg, Schwannstr. 4—17 (f.), Swimming, Animals, Music, Drawing; (7) Elfi Kortyko, Bad Waldsee/Wurtt., Haupt Str. 12—16 (f.), General Interests; (8) Ursula Hofmann, Frankfurt/Main, Eysseneck Str. 13–16(f), Reading, Music, Art, Coins, Painting; (9) Ralph Dekel, Allmendingen, Krs. Ehingen/Donau—16 (m.) Sports, Music, Reading; (10) Gabriele Corsepius, Duisburg, Nahe Str. 22—16 (f.), Stamps, Animals, Swimming, View-cards; (11) Frieda Mayer, Munchen 5, Frauenhof Str. 33—16 (f.), Literature, Music, View-cards, History; (12) Heidi Froese, Weisel, Krs. St. Goarshausen—16 (f.) General Interests; (13) Brigitte Steinke, Coburg/Bay., Park Str. 1—16 (f.), Stamps, Coins, Drawing, Reading, Music; (14) Brita Schweizer, Stuttgart, Turlenstr. 26— 17 (f.), Sports, Reading, Music, Politics; (15) Marion Kustcheid, Wetzlar, Naunheimer Str. 7–18 (f.) General Interests; (16) Gertrud Hintze, Niederorke, Krs. Frankenberg/Eder—13 (f.), View-cards, Stamps. (ચાલુ)

મુંબાઈની St. Xavier's Boys' Academy Penfriend Clubના સભ્યો

(1) N. P. Acharya—31, Stamps in lot of 100-500, F. D. C., Geography, Magazines; (2) Vijay Shah—17, Coins, F.D.C., Geography, Magazines; (3) Pramod Shah—17, Photography, Coins, F.D.C.; (4) Jitendra Mahadevia—16, Coins; (5) Kashyap Mahadevia—16, Coins, F.D.C.; (6) Kirit Baxi—16, Scouting, Cricket; (7) Janak Jhaveri—16, F.D.C., Model Making; (8) Jagat Sanghvi—15, F.D.C.; (9) Pradip Shah—15, F.D.C., Geography; (10) Gautam Shah—15, F.D.C., Music; (11) Shailesh Shah—14, Coins, F.D.C., Geography; (12) Ajit Parikh—14, F.D.C., Geography; (13) Lalit Parikh—14, Geography, Games; (14) Arvind Shah—14, Coins, Geography, Science; (15) Prakash Shah—13, Cricket; (16) Rajendra Jhaveri—13, F. D. C., Geography; (17) Pradip Jhaveri—13, Coins, F.D.C., Geography, Cricket; (18) Kirit Sanghvi—13, F. D. C., Geography; (19) Dilip Jai—13, F.D.C., (20) Sudhir Panchmatia—12, F.D.C., Geography, Coins; (21) Jitendra Shah—12, Science, Coins; (22) Narendra Mehta—12, F. D. C., Coins; (23) Bharat Gandhi—12, F.D.C., Geography; (24) Harakhchand Dedhia—12, F.D.C., Geography; (25) Ramesh Sampat—16, Photography, Model Making, Sports; (26) Niranjan Vasani—16, Literature, Magazines, Model Making; (27) Vikram Dalal—15, Penfriendship; (28) Abhoy Jasani—15, Stamps, Coins, Cricket; (29) Nikhil Shah—15, Photography, View Cards; (30) Shekhar Desai—14, Penfriendship; (31) Nitin Thakker—13, Stamps, F. D. C.; (32) Bharat Oza—14, Stamps, Cricket, View Cards, F.D.C.; (33) Shishir Kapadia—15, Model Making, View Cards; (34) Virendra Merchant—15, Stamps, F.D.C., View Cards; (35) Chandrakant Bhansali—15, F. D. C., View Cards; (36) Shishir Gandhi—13, Stamps, F.D. C., View Cards, Games; (37) Pankaj Sanghvi—15, Cricket, Model Making, Coins, Geography; (38) Naresh Kumbhani—15, Stamps, F. D. C., Coins, View Cards; (39) Vallabh Thakker—15, Model Making, Cricket; (40) Pankaj Nagarsheth—15, Cricket.

સરનામું: C/o N. P. Acharya, St. Xavier's Boys' Academy, 15 New Marine Lines, Bombay-1.

આ વિભાગને લગતો કોઈ પણ પત્રવ્યવહાર અમારા તરફથી કરવામાં આવશે નહિ એવી સ્પષ્ટ સૂચના છતાં વાચકો તરફથી અમને ચિત્રવિચિત્ર માગણીઓ તથા ફરિયાદો મળ્યા કરે છે. તે પરથી આટલી જાહેર સૂચનાઓ કરવી આવશ્યક બને છે: (૧) વાચકોને મનગમતા પત્રમિત્રો શોધી આપવાનું કામ અમે કરતા નથી, તેમ એવાં કોઈ ખાસ સાધનો પણ અમારી પાસે નથી. અમારી પાસે આવતાં સરનામાં અમે અહીં પ્રકટ કરતા રહીએ છીએ. તેમાંથી પોતાને અનુકૂળ પત્રમિત્રો સૌએ શોધી લેવાનાં છે. (૨) પરદેશના મિત્રોને પત્રો લખવા છતાં તેમના તરફથી ઉત્તર ન મળે તો ઘણા વાચકો, જેમની મારફત એ નામો પ્રકટ થયાં હોય તેમને અગર તો અમને ઉકળાટમાં ઠપકાના પત્રો લખે છે—જાણે અમે ગુનેગાર હોઇએ! એવા વાચકોએ સમજી લેવું જોઈએ કે સામા પક્ષની પત્રવ્યવહાર કરવાની ઇચ્છા નથી. એ લોકો એવી અનિચ્છા જણાવતો પત્ર લખવાનો વિવેક ન કરે તો એમાં ઉકળાટ કર્યે કાંઈ વળે નહિ. (૩) કેટલાક જવાનો તો ખાસ પરદેશની 'છોકરીઓનાં' જ સરનામાં મંગાવ્યા કરે છે! શા માટે ભાઇ? ત્યાંના પુરુષ મિત્રો સાથે પત્રવ્યવહાર કરવા પૂરતી ગરદાઈ પરવારી ગઈ છે શું?



વાહનવ્યવહારના મોટા સાધન તરીકે **વેસ્ટર્ન રેલ્વે**
૬૦૦૦ માઈલના વિસ્તારમાં—મહારાષ્ટ્ર, ગૂજરાત,
રાજસ્થાન અને મધ્ય પ્રદેશને આવરી લેતાં—મોટાં બંદરો, અગત્યના ઉદ્યોગ-સમૂહો
અને ૪૦ લાખની વસતિને વિવિધ સેવા આપે છે.

બીજી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો પરિપૂર્ણ કરીને હવે **વેસ્ટર્ન રેલ્વે** ત્રીજી પંચવર્ષીય યોજના તરફ વિશ્વાસ-ભર્યાં કદમો માંડી રહી છે. દેશની આગેકૂચમાં વેસ્ટર્ન રેલ્વે પોતાની સેવાઓ સતત આપવા પ્રતિજ્ઞાબદ્ધ છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય-દેશો

(૧) એશિયાના ૨૧ દેશો: અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ, કંબોડિયા, લંકા, ભારત, ઈન્ડોનેશિયા, ઈરાન, ઈરાક, ઈઝરેલ, જાપાન, જોર્ડન, લાઓસ, લેબેનોન, મલાયા, રાષ્ટ્રવાદી ચીન, નેપાળ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, સાઉદી અરેબિયા, સિયામ, યમન.

(૨) આફ્રિકાના ૨૫ દેશો: કૅમેરૂન, સેન્ટ્રલ આફ્રિકન પ્રજાસત્તાક, ચડ, ફ્રેંચ, કોંગો બેલ્જિયમ કોંગો, દહોમી, ઇથીઓપીઆ, ગેબન, ઘાના, ગીની, આઈવરી કૉસ્ટ, લાઈબીરીઆ, લિબયા, માલાગસી, માલી, મોરોક્કો, નાઇજર, નાઈજીરિયા, સેનેગલ, સોમાલિઆ, સુદાન, ટોગો, ટ્યુનિશિયા, સંયુક્ત આરબ પ્રજાસત્તાક, અપર વોલ્ટા.

(૩) લેટિન અમેરિકાના ૨૦ દેશો: આર્જેન્ટિના, બોલીવીઆ, બ્રાઝિલ, ચીલી, કોલંબિયા, કોસ્ટારિકા, ક્યૂબા, ડોમિનિકન પ્રજાસત્તાક, ઈક્વાડોર, એલ સાલ્વાડોર, ગ્વોટેમાલા, હાઈટી, હોન્ડરસ, મેક્સિકો, નાઈકરગ્વે, પનામા, પરગ્વે, પેરૂ, ઉરૂગ્વે, વેનેઝુએલા.

(૪) પૂર્વ યુરોપના ૧૦ સામ્યવાદી દેશો: આલ્બેનિયા, બલ્ગેરિયા, બાયલો રશિયા, ચેકોસ્લોવાકિયા, હંગરી, પોલૅન્ડ, રૂમાનિયા, રશિયા, યુક્રેન, યુગોસ્લાવિયા.

(૫) પશ્ચિમ યુરોપના અને ઉત્તર અમેરિકાના ખંડના ૨૦ દેશો: ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, કૅનેડા, સાયપ્રસ, ડેન્માર્ક, ફિન્લૅંડ, ફ્રાન્સ, ગ્રીસ, આઇસલેન્ડ, આયર્લૅન્ડ, ઇટાલી, લક્ઝમબર્ગ, હૉલેન્ડ, નોર્વે, પોર્ચુગલ, સ્પેન, સ્વીડન, તુર્કસ્તાન, ગ્રેટબ્રિટન, અમેરિકા.

(૬) રાષ્ટ્રસમૂહના ૩ દેશો: ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅંડ, દક્ષિણ આફ્રિકા.

કાવ્યોત્સવ

લંડનના નાનકડા સાંસ્કૃતિકથીએટર 'મર્મેઈડ'માં આ ઉનાળે 'કાવ્યોત્સવ' ઊજવાશે, જેમાં જનસામાન્યને સર ચાર્લ્સ રિચાર્ડસન અને ડેઈમ ફ્લોરા રૉબસન જેવાં પ્રખ્યાતનામ અદાકારો તેમજ ખુદ કવિઓને પણ સ્વમુખેથી કાવ્યગાન સાંભળવાનો તથા કવિઓ અને કાવ્યરસિકો સાથે હળવામળવાનો લાભ મળશે. આ ઉત્સવ નિમિત્તે બાર અગ્રણી કવિઓ ખાસ કાવ્યો લખશે, જે સુંદર સ્મરણપોથી રૂપે છપાશે. ઈંગ્લંડ ઉપરાંત અમેરિકા તેમજ બીજા દેશોની કવિતાના સંપર્કનો પણ કાર્યક્રમ રખાયો છે, જેમાં તે તે દેશની ભાષામાં કાવ્ય વંચાયા બાદ તેના અંગ્રેજી અનુવાદનું પઠન થશે. વળી એક સાંજે 'અજ્ઞાત કવિને અંજલિ' નામે એક કાર્યક્રમમાં પરંપરાગત ઊતરી આવેલાં તેમજ લોક કાવ્યો વંચાશે.



કારના સૌજન્યથી)

હીંચકો (ડ્રાઈ પૉઈન્ટ) ચંદ્રેશ્વર શુક્લ





મથાળે: 'પ્રફુલ્લ પુષ્પ'
જમણી બાજુ: 'ગ્રીષ્મનું ગાન'
નીચે: 'ઉડ્ડયન'
ચિત્રકાર: વીરેન્દ્ર પંડ્યા
(જુઓ આ અંકની 'કલાવાર્તા')

